Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 07 NOVEMBER, 2025 Vol. 23, No. 43 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### બિહારમાં મતદારોના બમ્પર વોટિંગે તોડ્યા તમામ રેકોર્ડ, લોખંડી બંદોબસ્ત છતાં દિવસ દરમિયાન છમકલા

# બિહારમાં પહેલા તબક્કામાં અંદાજે 65 ટકા મતદાન

### સૌથી વધુ મતદાન સમસ્તીપુરના સાકરામાં 75.35 ટકા, સૌથી ઓછું મતદાન પટનાના દિઘામાં 39.10 ટકા તથા કુમ્હરાર 39.52 ટકા નોંધાયું

**પટના**

બિહાર વિધાનસભા ચૂંટણી 2025ના પહેલા તબક્કા માટે 121 બેઠકો પર મતદાન ગુરુવારે યોજાયું હતું. ગુરુવારે 1314 ઉમેદવારોના ભાવિ ઈવીએમાં સીલ થયા હતા. જેમાં મહાગઠબંધનના મુખ્યમંત્રી પદનો ચહેરો તેજસ્વી યાદવ અને ભાજપના ઉમેદવાર સમ્રાટ ચૌધરી સિવાય વિજયકુમાર સિન્હાની સાથે-સાથે 16 મંત્રીઓનું ભાવી દાવ પર છે.

તેજસ્વી યાદવ રાઘોપુર બેઠક પરથી સતત ત્રીજી જીત મેળવવાની કોશિશમાં છે. તેમના મુખ્ય પ્રતિસ્પર્ધી ભાજપના સતીશ કુમાર છે, જેમણે 2010માં જનતા દળ (યુનાઈટેડ)ની ટિકિટ પર તેજસ્વીની માતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીને હરાવ્યા હતા. જન સુરાજ પાર્ટીએ રાઘોપુર બેઠક પરથી ચંચલ સિંહને મેદાનમાં ઉતાર્યા છે. બિહારમાં પહેલા તબક્કાનું મતદાન અત્યાર સુધીમાં 64.46 ટકા થયું છે. પટનામાં પ્રેસ કોન્ફરન્સ કરીને ચૂંટણી પંચે માહિતી આપી કે પહેલા તબક્કામાં શાંતિપૂર્ણ મતદાન થયું. હજુ સુધી 64.46 ટકા મતદાન થયું છે.

પ્રથમ તબક્કાના મતદાનમાં મુઝફ્ફરપુરની બેઠકો પર સૌથી વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો. બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કામાં સૌથી વધુ મતદાન સમસ્તીપુરના સાકરામાં(75.35 ટકા) અને મુઝફ્ફરપુરના મીનાપુરમાં(73.29 ટકા) નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું મતદાન પટનાના દિઘામાં(39.10 ટકા) તથા કુમ્હરાર(39.52 ટકા) નોંધાયું હતું.

વિવિધ જિલ્લાઓના સરેરાશ મતદાનની વાત કરીએ તો બિહારના પાટનગર પટનામાં સરેરાશ 55.02 ટકા મતદાન થયું હતું, જેમાં મોકામામાં 62.16 ટકા અને પટના સાહિબમાં 58.51 ટકા મતદાન નોંધાયું હતું. બેગુસરાયમાં સરેરાશ 67.32 ટકા મતદાન થયું હતું, જેમાં તેઘરા મતવિસ્તારમાં સૌથી વધુ 69.75 ટકા મતદાન થયું હતું. ભોજપુર જિલ્લામાં સૌથી ઓછું સરેરાશ 53.25 ટકા મતદાન નોંધાયું હતું, જેમાં સંદેશમાં 58.01 ટકા મતદાન થયું હતું.

ઉલ્લેખનીય છે કે, 2020માં, આ જ 121 બેઠકો પર કુલ 55.81 ટકા મતદાન નોંધાયું હતું, જે દર્શાવે છે કે આ વર્ષે મતદાનમાં જબરદસ્ત વધારો થયો છે. જોકે ગુરુવારે દિવસ દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં છમકલ થયા હતા. લાલુની પાર્ટીએ તો ઈવીએમને અસર કરવા રાજ્યના અનેક સ્થળે વીજકાપ અપાયાનો આક્ષેપ કર્યો હતો. આખા રાજ્યમાં એસઆઈઆરના નામે અનેક મતદારોના નામ રદ થયા હોવાથી હજારો લોકોએ મતદાર યાદીમાં પોતાના નામ ન હોવાનો બળાપ ઠાલવ્યો હતો.



## લખીસરાયમાં નાયબ મુખ્યપ્રધાનના કાફલાનો ઘેરાવ, ચપ્પલ ફેંકાઈ

લખીસરાય વિધાનસભા ક્ષેત્રમાં, જ્યાં નાયબ મુખ્ય પ્રધાન અને લખીસરાય બેઠક પરથી ભાજપના ઉમેદવાર વિજય કુમાર સિન્હાની કારને આરજેડી (RJD) સમર્થકોએ ઘેરી લીધી હતી અને તેમના પર ચપ્પલ ફેંકી, 'મુર્દાબાદ'ના નારા લગાવતા તેમને આગળ વધતા રોક્યા હતા. આ ઘટના દરમિયાન ત્યાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મામલાની ગંભીરતાને જોતાં ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા.

## NDAને ભારે લીડ મળશે : મોદી

બિહાર વિધાનસભાના પહેલા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ કરી. વડાપ્રધાન મોદીએ પોસ્ટ કરીને કહ્યું કે, બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં પહેલા તબક્કાના મતદાનમાં NDAએ ભારે લીડ મેળવી છે. તેની સાથે જ બીજા તબક્કામાં પણ દરેક તરફ તેની લહેર નજરે આવી રહી છે. જનતામાં આ જોશ વચ્ચે કાલે બપોરે અંદાજિત 1:45 વાગ્યે ઔરંગાબાદ અને લગભગ 3:30 વાગ્યે ભભુઆમાં પોતાના પરિવારજનો સાથે વાતચીતનું સૌભાગ્ય મળશે.

## મોદીને પ્રિયંકાનો જવાબ, 3 વર્ષ 27 પુલ તૂટ્યા

અરરિયાની સભામાં પીએમ મોદીએ કહ્યું કે 1990થી 2005 સુધીના 'જંગલરાજે' બિહારને બરબાદ કરી નાખ્યું છે. એક પણ એક્સપ્રેસ-વે નહીં, એક પણ પુલ નહીં. લૂંટ ચાલી, લોકોનું ભવિષ્ય બરબાદ થયું. મોદીની આ વાતનો જવાબ મોતિહારી પહોંચેલા પ્રિયંકા ગાંધીએ જાહેર સભાને સંબોધતા આપ્યો હતો. તેણે કહ્યું કે, "બિહારમાં છેલ્લા 3 વર્ષમાં 27 પુલ તૂટીને પડ્યા છે. આ તમારી ડબલ એન્જિન સરકારનું કામ છે! તેમણે બિહારીઓને યાદ કરાવ્યું કે આ ધરતીના પૂર્વજોએ અંગ્રેજો સામે લડત આપી હતી.

# ફિલિપાઇન્સમાં કાલમેગી વાવાઝોડાથી ભારે તબાહી

## 241ના મોત, 127 લોકો ગુમ



**કાલમેગી**

ફિલિપાઈન્સનમાં શક્તિશાળી વાવાઝોડા કાલમેગીએ ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડું તો શહેરમાંથી પસાર થઈ ગયું છે, પરંતુ તે વિનાશ કરતું ગયું છે. જેના કારણે ઘણા વિસ્તારોમાં વ્યાપક વિનાશ થયો છે. શહેરોમાં મોટાપાયે નુકસાન થયું છે.

રાષ્ટ્રપતિ માર્કોસે વાવાઝોડા પછીની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે આપત્તિ પ્રતિભાવ અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. આ ઘોષણા સરકારને કટોકટી રાહત ભંડોળના પ્રકાશનને ઝડપી બનાવવામાં અને ખાદ્ય સંગ્રહ અને નફાખોરી પર રોક મૂકવામાં મદદ મળશે.

ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડિનેન્ડ માર્કોસ જૂનિયરના જણાવ્યા પ્રમાણે, વાવાઝોડાના કારણે દેશના મધ્ય પ્રાંતોમાં ઓછામાં ઓછા 241 લોકોના મોત થયા છે. અનેક ગુમ થયા છે. બચાવ અને રાહત કામગીરી ચાલુ છે. આ વાવાઝોડું આ વર્ષએ દેશમાં આવેલી સૌથી ભીષણ કુદરતી આફત છે. કાલમેગીને કારણે થયેલા મોટાભાગના મૃત્યુ અચાનક પૂરમાં ડૂબવાથી થયા હતા, 127 લોકો ગુમ છે. આમાંથી મોટાભાગના મધ્ય પ્રાંત સેબુના રહેવાસીઓ હતા, જે સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંત છે. ફિલિપાઈન્સમાં વિનાશ વેર્યા પછી, વાવાઝોડું દક્ષિણ ચીન સમુદ્ર તરફ આગળ વધ્યું છે. વાવાઝોડાથી લગભગ 20 લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે 5.6 લાખથી વધુ ગ્રામજનો વિસ્થાપિત થયા છે.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડિયન હિન્દુ કલ્ચરલ સેન્ટર દ્વારા હેરિટેજ માસ-દિવાળીની ઉજવણી




**ટોરોન્ટો, ઓન્ટેરિયો**

કેનેડિયન હિન્દુ કલ્ચરલ સેન્ટર (CHCC)દ્વારા 2 નવેમ્બર, 2025ના રોજ હિન્દુ હેરિટેજ મહિનો અને પ્રકાશના તહેવાર દિવાળીને ભક્તિ, સંસ્કૃતિ અને સમુદાય ભાવના સાથે ઉજવણી કરાઈ હતી.

સાંજે દુર્ગા મંદિરના પુજારી દ્વારા પરંપરાગત સ્વાગત અને મંત્ર જાપ સાથે કાર્યક્રમની શરૂઆત થયા બાદ કેનેડા અને ભારતના રાષ્ટ્રગીત ગાવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત NKM આર્ટ્સ દ્વારા દિવ્ય ગણેશ વંદના સાથે થઈ હતી, જેમાં શુભ આશીર્વાદ આપવામાં આવ્યા હતા. ગાયકો રોહિત પંડ્યા અને ડૉ. અભિરુચિ ગૌતમે બોલિવૂડના ગીતોની ભાવપૂર્ણ સૂરો સાથે રજૂઆત કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

CHCCના પ્રમુખ શર્મિષ્ઠા જોશી, ઉપપ્રમુખ ચિંતન પટેલ અને બોર્ડ અને સલાહકાર સભ્યો ચંદ્રિકા સ્થાનકિયા અને નિશાંત નાયકના નેતૃત્વમાં VIP દીપપ્રાગટ્ય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રતિષ્ઠિત મહેમાનોમાં ટિમ હોજસન, ફેડરલ મંત્રી ઓફ એનર્જી એન્ડ નેચરલ રિસોર્સિસ અને રેમન્ડ ચો, ઓન્ટારિયોના વરિષ્ઠ અને સુલભતા મંત્રીએ હાજરી આપી હતી. બંને મહાનુભાવોએ દિવાળીની ભાવના અને કેનેડાની બહુસાંસ્કૃતિક સંવાદિતા પ્રત્યેની પ્રતિબદ્ધતા વિશે પ્રેરણાદાયી સંદેશાઓ શેર કર્યા હતા. CHCCએ સમુદાય નિર્માણમાં તેમના સતત સમર્થન અને ભાગીદારી માટે તેના ઉદાર પ્રાયોજકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

**કથક, ભરતનાટ્યમ, લક્ષ્મી વંદના અને ઘૂમર,જીવંત ગરબો, ભાંગડા-ગિદ્દા અને આસામી નૃત્યની શાનદાર પ્રસ્તુતિ થઇ, બોલિવૂડના ગીતોની ભાવપૂર્ણ સૂરો સાંભળી શ્રોતાજનો મંત્રમૃગ્ધ**

સાંજે નૃત્ય અને સંગીતની અદભુત શ્રેણી રજૂ કરવામાં આવી હતી, જેમાં ગોટી અને આયના ભૌમિક દ્વારા નૃત્ય યુગલ દ્વારા કથક, નૃત્ય કલા મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા ભરતનાટ્યમ, લક્ષ્મી વંદના અને ઘૂમર, SMCC સિનિયર્સ ગ્રુપ દ્વારા જીવંત ગરબો, ખુશી ડાકવાડી અને કૃષ્ણા વાખિલ દ્વારા ભાંગડા-ગિદ્દા અને મધુલિકા સાયકા દ્વારા ભવ્ય આસામી નૃત્યની શાનદાર પ્રસ્તુતિ થઈ હતી.

જે બાદ રેખા લાડવા અને મીનાક્ષી ભટ્ટના જૂથ દ્વારા ઉર્જાપૂર્ણ ગરબા ફ્યુઝન અને લીએન ઈસાકની આગેવાની હેઠળ ટોરોન્ટો દેસી ગ્રોવર્સ દ્વારા એક ભવ્ય ગ્રાન્ડ ફિનાલે બોલિવૂડ નૃત્યોએ પ્રેક્ષકોને સંપૂર્ણપણે મંત્રમુગ્ધ કર્યા હતા. સાંજનું સમાપન રેફલ ડ્રો, ઉત્સવપૂર્ણ રાત્રિભોજન અને આનંદ, હાસ્ય અને એકતાથી ભરેલા હોલમાં થયું હતુ. CHCCએ પ્રોગ્રામ કોઓર્ડિનેટર ખુશાલી કાનાબારનો તેમના દોષરહિત આયોજન માટે, સુંદર એમસી હેતલ પેશાવરિયા અને સહ-એમસી રિયા પટેલનો માર્ગદર્શન આપવા બદલ ખાસ આભાર માન્યો હતો. દિવાળીની સજાવટ માટે અને નાસ્તા તથા રાત્રિ ભોજન માટે અભિષેક ઠક્કરનો પણ આભાર માનવામાં આવ્યો હતો.

# ટોરોન્ટો પંથકમાં બરફનું તોફાન લોકો માટે મોટી આફત સર્જી શકે

## સફાઈના કરારમાં બરફ હટાવવાની કામગીરીનો ઉલ્લેખ જ નથી

**ટોરોન્ટો**

ટોરોન્ટોના સફાઈ કરારોમાં બરફ દૂર કરવાના કામનો સમાવેશ થતો નથી. પરંતુ ફરીથી વાટાઘાટો કરવાથી લાખો રૂપિયાનો ખર્ચ થશે તેમ મેયરે જણાવ્યું હતુ. જ્યારે ફેબ્રુઆરીમાં ત્રણ મોટા વાવાઝોડાથી ટોરોન્ટો 50 સેન્ટિમીટર બરફથી ઢંકાઈ ગયું હતું, ત્યારે શહેરના પ્રારંભિક બરફ સાફ કરવાના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ભૂતપૂર્વ મેયર જોન ટોરીના નેતૃત્વમાં 2021માં હસ્તાક્ષર કરાયેલ, ટોરોન્ટોના બરફ સાફ કરવાના કરારોમાં બરફ દૂર કરવા માટેની કોઈ જોગવાઈઓ નથી.

મંગળવારે, શહેરે તેના બરફ પ્રતિભાવ અને તૈયારીને સુધારવા નવા પગલાંની જાહેરાત કરી હતી, પરંતુ શહેરના કર્મચારીઓ કહે છે કે, બરફ દૂર કરવાની કામગીરીમાં ભારે મશીનરીથી ભીડવાળી શેરીઓમાંથી બરફ દૂર કરાય છે અને તેને ડમ્પિંગ સાઈટ્સ પર ખસેડે છે, આ પ્રક્રિયાનો ખર્ચ બજેટની બહાર છે. એનો અર્થ એ કે આગલી વખતે જ્યારે કોઈ મોટું તોફાન આવે ત્યારે ટોરોન્ટો સમાન સમસ્યાઓનો સામનો કરી શકે છે, પરંતુ ટોરોન્ટોના શહેર મેનેજર પોલ જોહ્નસન કહે છે કે સરળ પ્રતિભાવ માટે યોજનાઓ તૈયાર છે. જોહ્નસને મોન્ટ્રીયલ તરફ ધ્યાન દોર્યું, જે ફેબ્રુઆરીના બરફમાંથી ટોરોન્ટો કરતાં ખૂબ ઝડપથી પોતાને સાફ કરવામાં સક્ષમ હતું, જે શહેર અનુકરણ કરવા માંગે છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


રમેશભાઈ વ્યાસ
(ડાયરેકટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news





# મિસિસાગા ગુજરાતી સિનિયર સોસાયટીની વાર્ષિક સભા

## 2024ની સામાન્ય સભાની કાર્યવાહીની મિનિટ્સની વિગતવાર ચર્ચા, 2025ની પ્રવૃત્તિઓનો ચિતાર અપાયો: બોલિફિટ કસરતમાં 75 ટકા સભ્યોએ ભાગ લીધો







ગુજરાતી સિનિયર સોસાયટી મિસિસાગાની વાર્ષિક સામાન્ય સભા બીજી નવેમ્બર, 2025ના રોજ સ્ટીફન લુઈસ માધ્યમિક શાળાના કાફેટેરિયા હોલમાં યોજાઈ હતી. હંમેશની જેમ, સોસાયટીની કારોબારી સમિતિના સભ્યો સભાના સમય પહેલાં સભા સ્થળે પહોંચી ગયા હતા અને તમામ પ્રારંભિક તૈયારી શરૂ કરી દીધી હતી. કેટલાક ઉત્સાહી સભ્યો પણ તેમને મદદ કરવા માટે જોડાયા હતા. ઈલાબેન શાહ દ્વારા સૌ પ્રથમ પ્રાર્થના થયા બાદ તેમણે સોસાયટીના વર્તમાન પ્રમુખ મહિન્દ્રભાઈ ગોધિયા, તમામ પદાધિકારીઓ અને કારોબારી સમિતિના તમામ સભ્યોને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા. માનદ મંત્રી હર્ષદરાય નાયકે સોસાયટીના માનદ અધ્યક્ષ મહિન્દ્રભાઈ ગોધિયાને સભાનું સંચાલન કરવા માટે પ્રમુખ તરીકે આમંત્રણ આપ્યું હતુ. મહિન્દ્રભાઈએ સ્ટેજ પર બેસીને સોસાયટીની વર્ષ ૨૦૨૫-૨૬ માટે કારોબારી સમિતિના તમામ સભ્યો તેમજ હોલમાં હાજર રહેલા તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતુ. બેઠકમાં ૧૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યે યોજાયેલી GSSMની સામાન્ય સભાની કાર્યવાહીની મિનિટ્સની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા પછી સુધારાઓ સાથે મિનિટ્સ મંજૂર કરાઈ હતી. તેમજ, CRA દ્વારા મંજૂર કરાયેલ 2024ના નાણાકીય નિવેદનને સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતુ. નાણાકીય નિવેદનને મંજૂર કરવા માટે સોસાયટીના સભ્ય બકુલ અજમેરા દ્વારા દરખાસ્ત રજૂ થઈ હતી. સૌએ તેને મંજૂર કરવા સંમતિ આપી હતી.

કાર્યસૂચિ મુજબ, સોસાયટીના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોધિયાએ વર્ષ 2025નો અહેવાલ રજૂ કર્યો અને પ્રવૃત્તિઓનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો.

વાર્ષિક સામાન્ય સભામાં સાઉન્ડ સિસ્ટમ સંભાળતા અનિલભાઈ જેઠવા દ્વારા "બાર બાર દિન યે આયે" ગીત વગાડવામાં આવ્યું હતુ. ત્યારબાદ ઈલાબેન દેવાણીએ બોલિફિટ કસરત શરૂ કરી અને સભ્યોનું મનોરંજન કર્યું હતુ. હાજર રહેલા 75%થી વધુ સભ્યોએ બોલિફિટ કસરતમાં ભાગ લીધો હતો. હર્ષદરાય નાયકે પણ સુંદર કૃતિ રજૂ કરી અને સમાજની સેવા કરવા માટે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ અડગ રહેવાની વાત કરીને રમૂજ પ્રદાન કર્યું હતુ. તેમના પછી પ્રફુલ્લ પંડ્યાએ શાયરી રજૂ કરીને મનોરંજન પૂરું પાડ્યું હતુ. ભોજનમાં ફૂલકોબી બટાકા-વટણાનું શાક, મિશ્ર કઠોળ, દાળ, ભાત, પુરી, મોહનથાળ, ઢોકળા, પાપડ પાપડી અને અથાણું પીરસાયા હતા. અંતે, સફાઈ અને અન્ય કાર્યો પૂર્ણ કર્યા પછી, બધા વિખેરાઈ ગયા હતા.

# પોલીસ ક્રૂઝર અજાણતા ટેઝર કરાયેલા શંકાસ્પદ પર ચઢી ગયુ: અધિકારીનો દાવો

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસ કહે છે કે, તેઓ સમીક્ષા કરી રહ્યા છે કે શું થયું, જેમાં ઓનલાઈન ફરતા થયેલા એક વીડિયોમાં અધિકારીઓ શંકાસ્પદને ટેઝર કરતા અને પછી ક્રૂઝર પરનો કાબુ ગુમાવતા દેખાય છે. જે દેખીતી રીતે તેમના પર ફરી ગયું હતું. વીડીયોમાં ટિમ હોર્ટન્સ નજીક પાર્કિંગમાં એક અધિકારી એક શંકાસ્પદ ઉપર ટેઝર ઈશારો કરતા અને ગોળીબાર કરતા દેખાય છે, અને શંકાસ્પદ જમીન પર પડી જાય છે.

ટોરોન્ટો પોલીસ ક્રૂઝર પછી શંકાસ્પદ તરફ ધીમી ગતિએ આગળ વધતું દેખાય છે, કારણ કે ઘણા અધિકારીઓ દોડી આવે છે અને ટ્રેઝર કરાયેલા વ્યક્તિ સાથે અથડાતા અટકાવવા માટે કારને પાછળ ધકેલી દેવાનો પ્રયાસ કરે છે. જ્યારે અધિકારીઓ તેને પાછળ ધકેલી દે છે ત્યારે વાહન ટકરાય છે અને લપસી પડે છે, અને એક ડ્રાઈવરની સીટ પર બેસે છે. જ્યારે તેઓ અંદર જાય છે, ત્યારે ક્રૂઝર થોડા સમય માટે આગળ વધે છે. કારણ કે કોઈને પાછળ ધક્કો મારવા બૂમો પાડતા સાંભળી શકાય છે. ક્રૂઝર આખરે ઉલટું થઈ જાય છે, અને શંકાસ્પદના પગ પર ફરી વળે છે. વીડિયોમાં નીચે ઉતરો અને 'સામનો કરવાનું બંધ કરો'ની બૂમો અધિકારીઓ તરફથી સંભળાય છે. ટોરોન્ટો પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ઘટનામાં ગંભીર ઈજાઓ થઈ નથી. શંકાસ્પદ વ્યક્તિ પાસે કથિત રીતે છરી હતી અને તે વાહનોને નુકસાન પહોંચાડી રહ્યો હતો.







તંત્રી સ્થાનેથી

# હમ ભી, કિસી સે કમ નહીં : ભારતની દિકરીઓ પણ ક્રિકેટમાં વર્લ્ડ ચેમ્પિયન


તંત્રી - સ્વદેશ

એશિયા કપમાં ટીમ ઈન્ડિયાએ બાજી માર્યા બાદ હવે ક્રિકેટમાં મહિલાઓની ટીમે વર્લ્ડ ચેમ્પિયનશીપ હાંસલ કરતા ભારતભરમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ભારતના સોશિયલ મીડિયામાં દેશની દિકરીઓએ મેળવેલી સિદ્ધિની વ્યાપકપણે ચર્ચા થઈ રહી છે. વીમેન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઈનલ મેચ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારત અને સાઉથ આફ્રિકાની ટીમ વચ્ચે રમાઈ હતી. સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરતા ભારતની ટીમ બેટીંગ માટે મેદાને ઉતરી અને 7 વિકેટ ગુમાવીને 298 રન ખડક્યા હતા. જે બાદ 299ના ટાર્ગેટ સામે આફ્રિકાની છોકરીઓ વામણી સાબિત થઈ અને બાવન રનથી તેણે પછડાટ ખાવી પડી.

ભારતની દીકરીઓએ 15 ઓવર થતાં સુધીમાં જ બે વિકેટો પાડીને આફ્રિકાના ખેલાડીઓ પર દબાણ લાવી દીધું હતુ. જે બાદ આફ્રિકાની ટીમ દબાણમાંથી બહાર જ આવી ના શકી અને નિયમિત અંતરે વિકેટો પડતી ગઈ હતી. છેવટે 46મી ઓવરમાં 246 રન સાથે આફ્રિકાની ટીમ પેવેલિયન ભેગી થઈ હતી. પુરુષો માટેનો વન ડે વર્લ્ડ કપ પહેલી વાર 1975માં રમાયો હતો, તેના બે વર્ષ પહેલાં 1973માં વીમેન્સ વર્લ્ડ કપની શરૂઆત થઈ ચુકી હતી. પણ તે વખતે ભારતની ટીમે તેમાં ભાગ લીધો ન હતો. 1978માં ડાયના એડલજીની કેપ્ટન્સીમાં ભારતની ટીમ પહેલી વાર વર્ડ કપમાં ભાગ લીધો પણ ભારતીય ટીમ અત્યાર સુધી કદી ચેમ્પિયન થઈ ન હતી. જ્યારે 2005માં ભારતની ટીમ પહેલીવાર ફાઈનલમાં પહોંચ્યા બાદ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ હતી. જે બાદ 2017માં ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવીને ભારતની ટીમ ફરી ફાઈનલમાં પહોંચી હતી, પણ ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. તેથી આ વખતે બધાંને ઉચાટમાં હતો કે, દીકરીઓએ કોઈ ચૂક ના કરે. આખરે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ભારતની દિકરીઓએ ટ્રોફી જીતી લીધી. ભારતીય ટીમ માટે આ સિદ્ધિ મોટી છે. તેનું કારણ એ છે કે, ઈન્ડિયા વુમન્સ સિનિયર ટીમ પહેલી વાર આઈસીસી ટ્રોફી જીતી છે. આ પહેલાં બે વખત ફાયનલ સુધી પહોંચ્યા બાદ હારનો સામનો કરવો પડ્યો હતો. ફાઈનલમાં ભારતને જીતાડવામાં ઘણાં ખેલાડીઓ અને માર્ગદર્શકોનું યોગદાન છે, પણ સૌથી શાનદાર દેખાવ દીપ્તિ શર્મા અને શેફાલી વર્માનો છે. દીપ્તિ શર્માએ ફાઈનલમાં 58 રન ફટકાર્યા અને પાંચ વિકેટ લઈને અકલ્પનિય ઓલરાઉન્ડ પરફોર્મન્સ આપ્યું. શેફાલીએ 87 રન ફટકાર્યા અને પછી 2 વિકેટ લીધી હતી. સ્મૃતિ મંધાનાએ 45 અને રિચા ઘોષે 34 રન બનાવીને યોગદાન આપ્યું.

ભારતને ચેમ્પિયન બનાવવામાં જેમિમાહ રોડ્રિગ્ઝ અને શેફાલી વર્માના યોગદાનની ખાસ નોંધ લેવી પડે તેમ છએ. જેમિમાહે સાત વારની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમ સામે સેમી ફાઈનલમાં અણનમ સદી ફટકારતા ભારતીય ટીમ 339 રનનો સ્કોર પાર કરીને ફાઈનલમાં પહોંચ્યું હતું. જ્યારે ફાઈનલમાં ઓપનર શેફાલી વર્માએ 78 બોલમાં 87 રનની ધમાકેદાર ઈનિંગ રમી ભારતનો સ્કોર 299 રન સુધી પહોંચાડ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, જેમિમાહ અને શેફાલી બંને નસીબના જોરે ટીમમાં આવી હતી. જેમિમાહે વર્લ્ડ કપની વોર્મ અપ મેચમાં ઈંગ્લેન્ડ સામે 66 રન કરીને સારી શરૂઆત કરી, પણ વર્લ્ડ કપની પહેલી મેચમાં ઝીરોમાં આઉટ થઈ હતી. જેમિમાહે વર્લ્ડકપની 4 મેચમાં માત્ર 65 રન કર્યા અને તેમાં બે વાર તો ઝીરોમાં આઉટ થતાં પડતી મૂકી દેવાઈ હતી. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારત માટે જીત અનિવાર્ય હતી, તેથી જેમિમાહને ટીમમાં પાછુ સ્થાન અપાયું.

આ મેચમાં જેમિમાહે 76 રન બનાવીને તેની પ્રતિભાનો પરચો આપી દીધો. ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલમાં અણનમ 127 રનની ઈનિંગ્સ રમીને તેણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડી. જેમિમાહએ ફાઈનલમાં 24 રન જ કર્યા પણ સેમી ફાઈનલ મેચમાં જ તેણીએ પોતાનું કામ કરી દીધું હતુ. શેફાલી વર્મા તો વર્લ્ડ કપ માટેની ટીમમાં જ નહોતી. શેફાલી વર્માને ખરાબ ફોર્મને કારણે એક વર્ષ પહેલાં જ વન-ડે ટીમમાંથી આઉટ કરાઈ હતી. હાલ વર્લ્ડ કપ માટેની ટીમમાં પણ પસંદ કરવામાં આવી નહોતી. પરંતુ 26 ઓક્ટોબરે બાંગ્લાદેશ સામેની મેચમાં નિયમિત ઓપનર પ્રતિકા રાવલને ઈજા થતાં શેફાલીને પ્રતિકાના સ્થાને લેવાઈ હતી. એ જ શેફાલીએ ફાઈનલ મેચમાં 87 રનની ઈનિંગ્સ રમી અને બે મહત્વની વિકેટ પણ ઝડપી હતી.

આખરે એક સમયે ટીમમાં જ નહોતી એવી શેફાલી પ્લેયર ઑફ ધ ફાઈનલ બની ગઈ. સેમી ફાઈનલમાં ભારતીય ટીમ જેમિમાહ રોડ્રિગ્ઝની યાદગાર ઈનિંગના કારણે ઓસ્ટ્રેલિયા સામે ભારત જીત્યું હતું. પણ જેમિમાહને ટીમની બીજી છોકરીઓનો પણ સાથ મળ્યો હતો. પહેલાં હરમનપ્રીત કૌર સાથે તોતિંગ ભાગીદારી અને પછી દીપ્તિ શર્મા, રીચા ઘોષ અને અમનજીત કૌર સાથે નાની નાની પણ ઓછા બોલમાં વધારે રનની ભાગીદારીઓના જોરે જેમિમાહે ભારતને જીત અપાવી હતી. ભારત સામેની ફાઈનલમાં સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ટે જેમિમાહ જેવી જ યાદગાર ઈનિંગ રમી હતી. જો કે, તેને સામે કોઈનો સાથ ના મળતા સાઉથ આફ્રિકન ટીમ જીતી ન શકી. લૌરા વોલ્વાર્ટે 98 બોલમાં 11 ચોગ્ગા અને 1 સિક્સર સાથે 101 રન કરીને આફ્રિકા માટે જરૂરી ઝડપી રમત બતાવી હતી. એ બાબત પણ નોંધનીય રહી છે.

પણ બીજી કોઈ ખેલાડી સામે ટકી ના શકી. આ પહેલાં લૌરા વોલ્વાર્ટે સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે યાદગાર ઈનિંગ રમી હતી અને 169 રન બનાવ્યા હતા. માત્ર 143 બોલમાં તેણે 20 ચોગ્ગા અને 4 સિક્સર ફટકારી 169 રન ઝીંકી દીધા હતા. આ સમયે લૌરા વોલ્વાર્ટે આફ્રિકાના સ્કોરને 300ને પાર કરાવ્યો, ત્યારે ઓપનિંગમાં તઝમિન બ્રિટ્સે 116 રનની ભાગીદારી કરી હતી. અને પાછળથી મારીઝેન કેપ સાથે તેણે 89 રનની ભાગીદારી કરેલી. ફાઈનલમાં ભારતીય છોકરીઓએ એવી મોટી ભાગીદારી જ ના થવા દીધી, તેથી લૌરા વોલ્વાર્ટે સતત બીજી સદી ફટકારી હોવા છતાં આફ્રિકા જીતી ન શક્યું. ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમ માટે 2025ની આ વર્લ્ડ કપ જીત મોટી સિદ્ધિ છે. અને ટર્નિંગ પોઈન્ટ પણ સાબિત થઈ શકે છે. 1983માં કપિલદેવના નેતૃત્વમાં ભારતે પહેલી વાર વર્લ્ડ કપ જીત્યો પછી ભારતમાં ક્રિકેટનો જબરદસ્ત ક્રેઝ ઊભો થયો હતો. વુમેન વર્લ્ડ કપની આ ફાઈનલ મેચે એક વાત સાબિત કરી કે, કેટલાક અપવાદોને બાદ કરતાં ક્રિકેટ ટીમ માત્ર ગેઈમ છે, જ્યાં ખેલાડી કોઈપણ સમયે તેની પ્રતિભાનો પરચો આપી શકે છે. ક્રિકેટના કારણે ભારતમાં જબરદસ્ત ઈકોનોમી ઊભી થઈ છે. વીમેન્સ વર્લ્ડકપની જીત મહિલા ક્રિકેટમાં પણ આ રીતે જ નાણાંની રેલમછેલલ કરાવે તેવી આશા બંધાઈ છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA 647-833-4477


HETAL SHAH 416 -522-1676


ANIRUDH LAMA 416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# આણંદ ભાજપ સંગઠનમાં નિમણૂક માટે ધારાસભ્યોનું લોબિંગ

## કરમસદ આણંદ મહાનગરપાલિકામાં જૂથબંધી ભાજપને નુકસાન કરશે, જૂના કાર્યકરોને દાવેદારી રજૂ કરવા જાણ ના કરાઈ

**આણંદ**

આણંદ જિલ્લા ભાજપના સંગઠનના હોદ્દેદારોની નિમણૂકમાં કાર્યકરોને દાવેદારી માટે સેન્સ પ્રક્રિયામાં બોલાવ્યા વિના આણંદના ધારાસભ્ય યોગેશ પટેલ અને સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલે મળતિયાની પેનલ પ્રદેશ નિરીક્ષકોને આપતા કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. જૂના કાર્યકરોને દાવેદારી રજૂ કરવા જાણ નહીં કરી પાયાના કાર્યકરોની બાદબાકી કરી દેવાઈ હોવાનું પણ કાર્યકરો કહી રહ્યા છે.

આણંદ જિલ્લા ભાજપના સંગઠનમાં ત્રણ મહામંત્રી, ઉપપ્રમુખો, મંત્રીઓ અને કોષાધ્યક્ષના હોદ્દા માટે પ્રદેશકક્ષાએથી સેન્સ લેવા માટે સૂચના અપાઈ હતી. આણંદ જિલ્લા ભાજપના નાવલી પાસેના કમલમ્ કાર્યાલયમાં પ્રદેશમાંથી નિમાયેલા નિરિક્ષક હેમાલીબેન, સુરત મનપાના પૂર્વ પ્રમુખ સહિત ત્રણ સેન્સ લેવા માટે આવ્યા હતા. જિલ્લા ભરના કોઈપણ કાર્યકરોને દાવેદારી રજૂ કરવા માટે સૂચના કે સંદેશો અપાયો ન હતો. ત્યારે આણંદ જિલ્લા ભાજપના સંગઠન દ્વારા ઉમેદવારોને દાવેદારી અને બાયોડેટા આપવા સંદર્ભે કુળડીમાં ગોળ ભાંગ્યો હોય તેવું કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે.

આણંદ જિલ્લા ભાજપના જૂના કાર્યકરોએ બંધ બારણે થયેલી સેન્સ પ્રક્રિયા અંગે જણાવ્યું હતું કે, સંગઠનમાં જગ્યા મેળવવા ઈચ્છુક જૂના કાર્યકરોની બાદબાકી કરાઈ છે. પ્રદેશની સૂચના અનુસાર કોઈપણ કાર્યકરને દાવેદારી રજૂ કરવાની તક આપવામાં આવી નથી. સ્થાનિક ધારાસભ્યો અને સંગઠનના ઉચ્ચ હોદેદારોએ આવનારી ચૂંટણીમાં તેમના ઈશારે કામ કરનારા પોતાના મનપસંદ કાર્યકરોની પેનલ બનાવીને પ્રદેશ નિરિક્ષકોને થોપી દીધી છે. ત્યારે પાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં જૂના અને સક્રિય કાર્યકરોની નિષ્ક્રિયતાથી પરિણામો ઉપર અસરો પડશે તેવું દાવેદારોએ આક્રોશ ઠાલવ્યો હતો.

રાજ્યના મંત્રીમંડળના વિસ્તરણમાં આણંદ જિલ્લાના આણંદના ધારાસભ્ય યોગેશ પટેલ અને સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલને છેલ્લી ઘડીએ પડતા મૂકાયા હતા. જેથી બંને ધારાસભ્યો પોતાનું વર્ચસ્વ અકબંધ રહે તે માટે જિલ્લા ભાજપ સંગઠનમાં મહામંત્રીના અગત્યના પદ માટે પોતાના સમર્થકોના નામ સૂચવીને ફરીથી આણંદ જિલ્લા ભાજપમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના પ્રયાસો કરી રહ્યા હોવાનું કાર્યકરો જણાવી રહ્યા છે. આણંદ જિલ્લા સંગઠન પર્વમાં આણંદ શહેરમાંથી મહામંત્રીપદની અગત્યની નિમણૂક નહીં થાય તો હાલ અંદરખાને દેખાતી જૂથબંધી સપાટી ઉપર આવે તેમ છે. આણંદના ધારાસભ્ય યોગેશ પટેલનું જૂથ આણંદના જ જુના ધારાસભ્યો અને પાલિકાના પૂર્વ પ્રમુખના જૂથ સામે હાલ બાથ ભરી રહ્યું છે.

# મહિસાગરમાં પીઆઈ અને મહિલા કોન્સ્ટેબલના પ્રેમસંબંધનો ભાંડાફોડ

## ફરજમાં ગંભીર બેદરકારી બદલ કડક કાર્યવાહી કરાશે

**મહિસાગર**

કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ ઈન્સ્પેક્ટરઅને એક મહિલા કોન્સ્ટેબલ વચ્ચેના કથિત લગ્નેત્તર સંબંધોની પોલ ખૂલી જતાં સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. આ ગંભીર ઘટનાની નોંધ લેતા જિલ્લા પોલીસ વડા સફિન હસને તાત્કાલિક અસરથી બંને અધિકારીઓને ફરજ મોકૂફ કરી દીધા છે. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચે આડા સંબંધો હોવાની પ્રાથમિક તપાસમાં પ્રથમ દૃષ્ટિએ સામે આવ્યું હતું. આ ઉપરાંત બંને અધિકારીઓ દ્વારા ફરજ દરમિયાન ગંભીર બેદરકારી દાખવવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ સમગ્ર મામલે ખાતાકીય તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પોલીસ વડાના હુકમમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, જો આ બંને અધિકારીઓને તપાસ દરમિયાન ફરજ પર ચાલુ રાખવામાં આવે, તો તેઓ પોતાના સત્તાનો દુરુપયોગ કરીને પુરાવાનો નાશ કરી શકે તેવી પ્રબળ શક્યતા છે.

# ભગવાન નરસિંહજીના વરઘોડામાં હજારો ભક્તો જાનૈયા બન્યા, ચાંદલા વિધિ માટે લાંબી કતાર

**વડોદરા**



વડોદરામાં ભગવાન નરસિંહજીના વરઘોડાનું આજે 5 નવેમ્બરની સાંજે પાંચ વાગ્યે પ્રસ્થાનમાં જાનૈયા તરીકે સામેલ થવા માટે હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. જેમાં ચાર દરવાજા વિસ્તાર ભક્તોથી ભરચક જોવા મળ્યો હતો. આ દરમિયાન ભક્તોએ ભગવાનના વરઘોડા પર પુષ્પ વર્ષા કરી હતી. ભગવાન નરસિંહજીનો 288મો વરઘોડો નિકળ્યો હતો. ભગવાનનો વરઘોડો રાત્રે 8 વાગ્યા પછી વિઠ્ઠલનાથજી મંદિરે પહોંચ્યો હતો અને ત્યા ભગવાનને ભોગ ધરાવવામાં આવ્યા બાદ રાત્રે 11 વાગે વરઘોડો તુલસી વાડી પહોંચશે.

આ વર્ષે પણ વરઘોડામાં સામેલ થવા માટે વિદેશથી 100થી વધુ એનઆરઆઈ આવ્યા છે. સવારે મંદિરે ભગવાનની ચાંદલા વિધીમાં હજારો ભક્તો આવતા તેમની લાંબી કતાર જોવા મળી હતી. વરઘોડામાં હનુમાનજી, ભગવાન શંકર તેમજ અન્ય દેવી દેવતાની વેશભુષાએ ભારે આકર્ષણ વધાર્યુ હતું. ઢોલ નગારાના તાલે ભક્તોએ ભગવાનનો જય ઘોષ કરતા સમગ્ર ચાર દરવાજા વિસ્તારમાં ભક્તીમય માહોલ સર્જાયો હતો. વરઘોડાના દર્શન માટે એક લાખથી વધુ ભક્તો ઉમટે તેવી સંભાવનના ધ્યાનમાં રાખી પોલીસે ચૂસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# વડગામના જવાનની ચાલુ ટ્રેનમાં હત્યા, ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ

## અંતિમ યાત્રામાં આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા

**વડગામ**

રાજસ્થાનના બિકાનેર નજીક ગત 2જી નવેમ્બરે ચાલુ ટ્રેનમાં ઘાતકી હત્યાનો ભોગ બનેલા વડગામના સેનાના જવાન જિજ્ઞેશ ચૌધરીના પાર્થિવ દેહને આજે તેમના માદરે વતન બનાસકાંઠા જિલ્લાના વડગામના મોટી ગીડાસણ ખાતે લાવવામાં આવ્યો હતો. શહીદ જવાનને અંતિમ વિદાય આપવા માટે આખો પંથક હીબકે ચઢ્યો હતો. દેહને વતન લવાતા છાપી ગામથી તેમના વતન મોટી ગીડાસણ સુધી શહીદ જવાનની અંતિમ યાત્રા યોજાઈ હતી. આ અંતિમ યાત્રામાં આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

વડગામના મોટી ગીડાસણ ખાતે શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. અંતિમ



વિદાય વખતે પરિવારજનોના ભારે આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. અંતિમ યાત્રામાં હાજર લોકોએ આક્રોશ સાથે હત્યારા આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડી કડકમાં કડક સજા આપવાની માગ કરી હતી. લોકોએ આરોપીઓને ફાંસીની સજા આપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠાવી હતી.

# બ્રાહ્મણવાડા નજીક કાર અને રીક્ષા વચ્ચે ટક્કર, 2નાં મોત, 2 ઈજાગ્રસ્ત

**પાટણ**

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના બ્રાહ્મણવાડા ગામ નજીક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાર અને રીક્ષા વચ્ચે થયેલી ભયાનક ટક્કરમાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યાં હતા, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

આ અકસ્માત બ્રાહ્મણવાડા ગામની નજીકના મુખ્ય રસ્તા પર સર્જાયો હતો. અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિઓ ચાણસ્મા તાલુકાના છમિછા ગામના હોવાનું સામે આવ્યું છે. રીક્ષા અને કાર વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જેના કારણે બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અન્ય બે વ્યક્તિઓને તાત્કાલિક ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતક બંને વ્યક્તિઓની ડેડબોડીને ધારપુર હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને અકસ્માત કેવી રીતે સર્જાયો તેની વધુ તપાસ હાથ ધરી છે.

# સંતરામ મંદિરમાં દિવ્ય દીપોત્સવ, હજારો દીવડા અને આતશબાજીથી અલૌકિક નજારો સર્જાયો

**નડિયાદ**

સંતરામ મંદિરમાં બુધવારે દેવદિવાળીના પાવન પર્વની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સંધ્યાકાળના સમયે સમગ્ર મંદિર પરિસર હજારો દીવડાઓની અલૌકિક રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું, આ ભવ્ય દીપોત્સવ અને ત્યારબાદ થયેલી આતશબાજીના સાક્ષી બનવા માટે મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું, જેના કારણે આખો વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ દેવદિવાળીના શુભ અવસર નિમિત્તે સંતરામ મંદિરમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના સમયે મંદિરના પરિસરમાં હજારો દીવડાવો પ્રગટાવવામાં આવતા સમગ્ર વાતાવરણ દિવ્ય પ્રકાશથી ઝળહળી ઉઠ્યું હતું.

# વિકાસ યોજનાનો વિવાદ : હિંમતનગરમાં ભાજપના સ્નેહ મિલન કાર્યક્રમમાં ખેડૂતોનો ભારે હલ્લાબોલ, કાર્યકર્તાઓએ ભાગવું પડ્યું

## યોજનાના અમલથી ખેડૂતોની ખેતીલાયક 40 ટકા જમીનનો મોટો હિસ્સો કપાતમાં જતો હોવાથી આક્રોશ

**હિંમતનગર**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના 11 ગામડાંના ખેડૂતો છેલ્લા ઘણાં સમયથી હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી(HUDA)ની વિકાસ યોજનાને લઈને જાહેર કરાયેલા નોટિફિકેશને અંગે વિરોધ નોંધાવી રહ્યા છે. આ મામલો હવે વધુ ઉગ્ર બન્યો છે. આજે 2 નવેમ્બર, 2025ના રોજ ભાજપના યોજાયેલા બેરણા જિલ્લા પંચાયત સ્નેહ મિલન કાર્યક્રમમાં ખેડૂતોએ વિરોધ નોંધાવતા ભાજપના કાર્યકરો દોડતા થયા હતા અને સ્નેહ મિલનનું સ્થળ બદલવું



પડ્યું હતું. એક તરફ હિંમતનગરમાં અલગ-અલગ ગામડાંઓમાં ખેડૂતો છેલ્લા ઘણા સમયથી HUDA દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનનો વિરોધ નોંધાવી રહ્યા છે. રવિવારે હિંમતનગર તાલુકાના ગાંભોઈની ખાનગી હોટલ ખાતે બેરણા જિલ્લા પંચાયત બેઠકનો ભાજપનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ અંગે ખેડૂતોને જાણ થતાં તેઓ ત્યાં પહોંચ્યા હતા અને HUDAનો પક્ષ લેનારા લોકોને સદબુદ્ધિ માટે ખેડૂતોએ રામધૂન બોલાવીને વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોના વિરોધને પગલે સ્નેહ મિલન કાર્યક્રમ કરી રહેલા ભાજપના કાર્યકર્તાઓને ભાગવું પડ્યું હતું અને કાર્યક્રમનું સ્થળ બદલવું પડ્યું હતું. ખેડૂતો-ગ્રામજનોનું કહેવું છે કે, 'હિંમતનગરમાં HUDAની વિકાસ કામગીરીને લઈને બહાર પાડેલા નોટિફિકેશને ધ્યાને લેતાં આ યોજનાના અમલથી ખેડૂતોની ખેતીલાયક 40 ટકા જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે.

# વલસાડમાં ગેરકાયદે ફેક્ટરીમાંથી 22 કરોડથી વધુનું ડ્રગ્સ જપ્ત

## બાતમી મળતા ડીઆરઆઈની ટીમ ત્રાટકી, ફેક્ટરીના બે માલિક અને બે વર્કર્સ સહિત કુલ 4ની ધરપકડ, મશીનરી, કેમિકલ પણ જપ્ત

**વલસાડ**

વલસાડ જિલ્લાના અટગામ વિસ્તારમાં ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) દ્વારા ગુપ્ત માહિતીના આધારે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. DRI એ અહીં ગેરકાયદે રીતે ચાલતી એક ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીનો પર્દાફાશ કરીને અંદાજિત રૂ. 22 કરોડથી વધુ કિંમતનો 114 કિલોગ્રામ પ્રવાહી ડ્રગ્સનો તૈયાર જથ્થો જપ્ત કર્યો છે.

DRIએ આ ઓપરેશનમાં ફેક્ટરીના બે માલિક અને બે વર્કર્સ સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. ફેક્ટરીના માલિકો તરીકે ચંદ્રકાંત કેછડા અને અશોક મુળજી પીઠારીયાની ઓળખ થઈ છે. DRIએ



આરોપીઓના રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ, આ ફેક્ટરી વલસાડના અટગામ વિસ્તારમાં લાયસન્સ વિના છેલ્લા એક વર્ષથી ચાલતી હતી. દરોડા દરમિયાન ડ્રગ્સના જથ્થા ઉપરાંત આરોપીઓ પાસેથી મશીનરી, કેમિકલ્સ અને અન્ય મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે. જેમાં 9.55 કિલો ફિનિશ્ડ અલ્પ્રાઝોલમ અને 104.15 કિલો સેમી-ફિનિશ્ડ ફોર્મમાં જપ્ત કરવામાં આવ્યો છે. આ સિવાય 431 કિલો કાચો માલ, જેમાં p-Nitrochlorobenzene, ફોસ્ફરસ પેન્ટાસલ્ફાઈટ, Ethyl Acetate, અને હાઈડ્રોક્લોરાઈડ એસિડ જેવા મુખ્ય રસાયણોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ સિવાય રિએક્ટર, સેન્ટ્રીફ્યુજ, રેફ્રિજરેશન યુનિટ અને હીટિંગ મેન્ટલ સહિત ઔદ્યોગિક સ્તરના પ્રોસેસિંગ ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. DRI અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ફેક્ટરીમાં તૈયાર થતા પ્રવાહી ડ્રગ્સને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ સપ્લાય કરવામાં આવતું હોવાની આશંકા છે. આરોપીઓ આ પ્રવાહી ડ્રગ્સનો કાચો માલ ક્યાંથી લાવતા હતા, કેવી રીતે બનાવતા હતા અને ક્યાં વેચાણ કરતા હતા તેની વિગતો મેળવવા માટે તેમને 3 દિવસના રિમાન્ડ પર લઈને પૂછપરછ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ મેન્યુફેક્ચર થયેલું અલ્પ્રાઝોલમ તેલંગાણામાં સપ્લાય થવાનું હતું, જ્યાં તેનો ઉપયોગ સંભવતઃ તાડીમાં ભેળવવા માટે થવાનો હતો. અગાઉ પણ, DRI એ ઓગસ્ટ મહિનામાં આંધ્ર પ્રદેશના અનાકાપલ્લી જિલ્લાના અચ્યુતપુરમમાં પણ આવી જ એક અલ્પ્રાઝોલમ ઉત્પાદન યુનિટનો પર્દાફાશ કર્યો હતો. તે સમયે જપ્ત કરાયેલ 119.4 કિલો અલ્પ્રાઝોલમ પણ આ જ હેતુસર તેલંગાણા મોકલવામાં આવવાનું હતું.

# કોસંબામાં કાજલની હત્યા પ્રેમી દ્વારા થઈ, લગ્ન માટેનું દબાણ કારણભૂત

**કીમ**

રવિવારે તરસાડી ખાતે ઓવરબ્રિજ નીચે મારુતિ શોરૂમ બહાર ખાડામાંથી બિનવારસી ટ્રોલી બેગમાં એક યુવતી મૃત હાલતમાં મળી હતી. આ યુવતી બાંધેલી હાલતમાં હોવાથી કોસંબા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. કેસની તપાસ માટે જિલ્લા પોલીસે પાંચ અલગ અલગ ટીમો બનાવી હતી. આખરે બે દિવસમાં જ સીસીટીવી ફૂટેજ સહિતના સોર્સ મુજબ પોલીસ મરનાર યુવતીના પ્રેમી સુધી પહોંચી ગઈ હતી. પોલીસે આરોપી રવિકુમાર ચંદ્રશેખર શર્મા (ઉ.વ. ૨૭, હાલ રહે. તરસાડી ગામ, અંબિકાનગર સોસાયટીની પાછળના ભાગે આવેલ એપાર્ટમેન્ટના રૂમ નં-૩માં, તા. માંગરોળ- મૂળ રહે. બિહાર)ને હરિયાણાના ફરીદાબાદથી દબોચી લીધો હતો. જે બાદ પોલીસે તેની પૂછપરછ કરતા રવિએ કબૂલ્યું કે, તે અને કાજલ દિલ્હી ખાતે રહી હોટલમાં નોકરી કરતાં હતાં. દરમિયાન સોશિયલ મીડિયા મારફતે બંને સંપર્કમાં આવ્યા અને એકબીજા સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. જોકે આજથી બે-અઢી મહિના પૂર્વે રવિ શર્માને તેની પ્રેમિકા કાજલદેવી લગ્ન કરવા દબાણ કરતી હતી. તેથી તેની હત્યા કરી હતી.

# સુરતના સાંસદ મુકેશ દલાલના પૂર્વ PAએ કાકા સસરાના ન્યૂડ ફોટા પડાવીને 10 કરોડ માંગ્યા

## ધમકી આપી પાંચ લાખ પડાવ્યા બાદ લાલચ વધી ગઈ, બે સાથીદારો સામે ગુનો

**સુરત**

કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા કાકા સસરાને ભત્રીજીના જમાઈ સહિત ત્રણ લોકોએ કોઈ મહિલા સાથેના ન્યૂડ ફોટો વાયરલ કરવાની ધમકી આપી હતી. એટલું જ નહીં પરંતુ દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપીને પહેલા 5 લાખ રૂપિયા પડાવી લીધા હતાં ત્યાર બાદ પણ આરોપીઓની માંગણીઓ વધવા લાગી હતી. આ સમગ્ર કેમમાં પોલીસે ફરિયાદ નોંધીને કાર્યવાહી શરૂ કરી હતી. અડાજણ પોલીસે ફરિયાદના આધારે તુરંત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી જમાઈ જય ડાંગર અને તેના અન્ય બે સાથીદાર પ્રશાંત પટેલ અને સ્મિતની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આરોપી જય ડાંગર સાંસદ મુકેશ દલાલનો પીએ પણ રહી ચુકેલો છે. આરોપીઓએ ધમકી આપીને પહેલા 5 લાખ રૂપિયા પડાવ્યાં અને ત્યાર બાદ વધારે 10 કરોડ રૂપિયા જેટલી રકમની માંગણી કરી હતી. આ ફરિયાદ એક મહિલા દ્વારા કરવામાં આવી છે. ત્રણેય આરોપીઓએ જે મહિલા સાથેના ન્યૂડ ફોટો વાઈરલ કરવાની ધમકી આપી હતી, તે જ મહિલાએ અડાજણ પોલીસ સ્ટેશનમાં આરોપી જય ડાંગર અને તેના બે સાથીદારો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કાર્યવાહી કરીને ત્રણેયની ધરપકડ કરી લીધી હતી.

# નવસારીમાં યુવકને પગમાં ગોળી મારીને પોલીસે એન્કાઉન્ટર કર્યું, અન્ય શહેરોમાં પણ ગુના દાખલ

## આરોપી સામે હત્યાની કોશિશ, ખંડણી, મારામારી સહિતના 15 ગંભીર ગુનાઓ નોંધાયા છે

**સુરત**

સુરત શહેરના ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં આતંકનો પર્યાય બનેલા માથાભારે ગુનેગાર સલમાન લસ્સીને આખરે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. નવસારીના ડાભેલ ગામમાં છુપાયેલા લસ્સીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર તેણે જીવલેણ હુમલો કર્યો હતો, જેના જવાબમાં પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કરતાં તે ઘાયલ થયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સલમાન લસ્સી વિરુદ્ધ હત્યા, હત્યાની કોશિશ, ખંડણી અને મારામારી સહિતના 15 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા અને તે લાંબા સમયથી વોન્ટેડ હતો. તે ભેસ્તાન ભીંડી બજાર ખાતે થયેલી શકીલ નામના યુવકની હત્યાના કેસમાં પણ મુખ્ય આરોપી હતો. ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે સલમાન લસ્સી નવસારીના ડાભેલ ગામના આશિયાના મહોલ્લામાં સંતાઈને રહેતો હતો. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના 25 જેટલા અધિકારીઓ અને કર્મચારીઓની પાંચ ટીમોએ આજે (6 નવેમ્બર) વહેલી સવારે 3 વાગ્યે ડાભેલ ગામમાં ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસ ટીમે સલમાન લસ્સીના છુપાવાના સ્થળને કોર્ડન કરી લીધું હતું. જ્યારે ટીમે તેને પકડવાનો પ્રયાસ કર્યો, ત્યારે સલમાન લસ્સીએ ધરપકડથી બચવા માટે PI સોઢા પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. આ અચાનક હુમલાના જવાબમાં PI સોઢાએ પોતાના સ્વબચાવ માટે તાત્કાલિક ફાયરિંગ કર્યું હતું.

# સુરતમાં વન વિભાગના અધિકારીને માથા ઉપર ગોળી વાગતાં હોસ્પિટલમાં દાખલ

**સુરત**

સુરત વન વિભાગના અધિકારીને માથામાં ગોળી વાગી હોવાની ઘટના સામે આવી છે. મહિલા અધિકારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જો કે, ગોળી કઈ રીતે અને કયા સંજોગોમાં વાગી તેને લઈને તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, સુરત જિલ્લામાં કામરેજ-જોખા રોડ પર વન વિભાગના અધિકારી RFO સોનલ સોલંકીને ગોળી વાગતા તાત્કાલિક સારવાર માટે પી.પી. સવાણી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મગજમાં બુલેટ વાગતાં ઓપરેશન કરીને બુલેટ બહાર કાઢવામાં આવી છે. હાલ RFO સોનલની હાલતે ગંભીર હોવાનું જણાય છે.

કામરેજ પોલીસ સ્ટેશનમાં બે દિવસ પહેલા RFO સોનલે તેમની કારમાંથી મળી આવેલા GPS ટ્રેકર મામલે અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. RFO સોનલના કૌટુંબિક તકરાર મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યા હોવાનું સામે આવ્યું છે. તેવામાં ફોરેસ્ટ અધિકારીને માથાના ભાગે કઈ રીતે ગોળી વાગી કે શું છે સમગ્ર મામલો, તેને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોદી અંત્રોલી સ્ટેશનની મુલાકાત લઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સમીક્ષા કરશે

**સુરત**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી 15 નવેમ્બરના રોજ ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સમીક્ષા કરશે. પીએમ મોદી સુરત અને બીલીમોરા વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેન કામગીરીની સમીક્ષા કરશે. તેઓ અંત્રોલી સ્ટેશનની મુલાકાત લેશે.

મોદી 15 નવેમ્બરે ગુજરાતના ડેડિયાપાડાની મુલાકાત લેશે. રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે પીએમ મોદી ગુજરાત આવશે. વડા પ્રધાન મોદી આ દિવસે મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે. કેન્દ્ર સરકારે બિરસા મુંડાની જન્મજયંતિને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે જાહેર કરી છે. PM મોદી આ દિવસે ડેડિયાપાડામાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે અને દેશભરમાં થનારી 150મી જન્મજયંતિની ઉજવણીનો પ્રારંભ કરાવશે. આ ઉજવણી થકી આદિવાસી સમુદાયના યોગદાન અને સંસ્કૃતિને રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવામાં આવશે.

# ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટના બહાને સુરતના ઈજનેર સાથે છેતરપિંડી કરનાર વિઝા એજન્ટ ધરપકડ કરાઈ

**સુરત**

સુરતના એન્જિનિયર સહિત ત્રણને ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને વડોદરાના વિઝા કન્સલ્ટન્ટે 15 લાખ પડાવી લીધા હતા. આ ગુનામાં નાસતા ફરતા આરોપીને છાણી પોલીસે ઝડપી પાડયો છે. સુરતના રાંદેર વિસ્તારમાં પ્રભાત તારા સ્કૂલની બાજુમાં જલધારા ફ્લેટમાં રહેતા દત્ત ગિરીશભાઈ પટેલ સુરતના કતારગામે ડી.આર. સી. કંપનીમાં સર્વિસ એન્જિનિયર છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેણે




ગત 8મી જુલાઈએ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, વર્ષ-2023માં મારે વિદેશ જવાનું હોઇ મારા માસીના દીકરા બંસી પટેલને વાત કરી હતી. હું, મારો મિત્ર તીર્થ પટેલ અને બંસી પટેલ ઓક્ટોબર-2માં માંજલપુર ઇવા મોલ પાસે શાલીન કોમ્પ્લેક્સમાં ધ વર્લ્ડ વિઝા હબ નામની ઓફિસમાં ગયા હતા. ઓફિસમાં અમે તુષાર સપકાળને મળ્યા હતા. તુષારે ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા માટે એક વ્યક્તિના 13 લાખ થશે તેવું કહ્યું હતું. ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝાના બહાને અમારી પાસેથી 15 લાખ લઈને વિઝા અપાવ્યા નહતા. આ ગુનામાં છેલ્લા ચાર મહિનાથી નાસતા ફરતા આરોપી તુષાર દિલીપભાઈ સપકાળ (રહે. પરિશ્રમ સોસાયટી, ચંદ્ર નગર સોસાયટી પાસે, તરસાલી) ને છાણી પોલીસે ઝડપી પાડી માંજલપુર પોલીસને સોંપ્યો છે.

# ડાકોરમાં કાર્તિકી પૂર્ણિમાએ 5.25 લાખ શ્રદ્ધાળુઓએ રણછોડરાયના દર્શન કર્યા

## મંદિર બહાર મંગળા આરતી માટે આખી રાત દર્શનાર્થીઓનો ભારે જમાવડો રહ્યો

**ડાકોર**

કાર્તિકી પૂર્ણિમાએ ઠાકોરજી દ્વારકાથી યાત્રાધામ ડાકોર પધાર્યા હતા. ત્યારે બુધવારે કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ ડાકોરના રણછોડરાય મંદિરમાં ધામધૂમથી ઉજવાયો હતો. દિવસ દરમિયાન ૫.૨૫ લાખ જેટલા ભક્તોએ ઠાકોજીના દર્શન કર્યા હતા. રણછોડરાયને સવાલાખના મુગટ સહિતના વિશેષ શ્રૂંગાર કરાયા હતા.



ડાકોર નગરમાં કાર્તિકી પૂનમની પૂર્વ સંધ્યા મંગળવારે જ મોટી સંખ્યામાં પદયાત્રીઓ સહિતના શ્રદ્ધાળુઓ ઉમટયા હતા. ડાકોરમાં તેરશ, ચૌદશ અને પૂનમમાં વડોદરા, સુરત, આણંદ, મુંબઈ અને વિદેશથી પણ ભક્તો ઠાકોરજીના દર્શનાર્થે આવ્યા હતા. ત્યારે ડાકોર નગરની તમામ ગેસ્ટહાઉસ, હોટેલો, ધર્મશાળાઓ હાઉસફૂલ હોવાથી રાત્રી દરમિયાન ગલીઓમાં ઓટલાઓ ઉપર દર્શનાર્થીઓ સુઈ જવા મજબૂર બન્યા હતા. પૂનમે ઠાકોરજીની મંગળા આરતી કરવા માટે આખી રાત મંદિરની બહારના ચોકમાં શ્રદ્ધાળુઓ દર્શન ખુલવાની રાહ જોતા બેસી રહ્યા હતા. ઠંડી અને પરોઢિયે ધૂમ્મસના કારણે પણ ભક્તોને હાલાકી ભોગવવી પડી હતી. સવારે ૪.૩૦ કલાકે મંગળા આરતી કરાઈ હતી. ત્યારે મંદિર પ્રશાસન દ્વારા દર્શનાર્થીઓને અગવડ ના પડે તે હેતુથી રણછોડસેનાના સ્વયંસેવકોને ખડેપગે રાખવામાં આવ્યા હતા. અંદાજે ૧૦૦ના સ્લેબમાં ભક્તોને મંદિર પરિસરમાં દર્શનાર્થે મોકલવામાં આવતા હતા.

ડાકોરના તમામ વિસ્તારમાં ઠેર ઠેર ભક્તોની ભીડ જોવા મળી હતી. કોરોના કાળ બાદ પ્રથમ વખત પ્રસાદ, રમકડાં, ખાણીપીણી, વાસણ સહિતના વેપારીઓને કાર્તિકી પૂનમ લાભદાયી નીવડી હોવાથી ખૂશીનો માહોલ જોવા મળ્યો હતો.

# 2002ના રમખાણ કેસમાં કોર્ટનો મોટો ચુકાદો : 3 આરોપીઓ નિર્દોષ જાહેર

## અદાલત સમક્ષ વીડિયો કેસેટ રજૂ કરવામાં આવી નથી

**અમદાવાદ**

ગુજરાતમાં થયેલા 2002ના રમખાણો અંગે અત્યારે પણ ચર્ચા કરવામાં આવે છે. કોર્ટે 2002ના રમખાણ કેસમાં ત્રણ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતાં. આ ત્રણેયની સામે એક વીડિયોગ્રાફરે કરેલી ફરિયાદના આધારે કેસ નોંધાયો હતો,

જેમાં રમખાણો દરમિયાન લીધેલા વીડિયો રેકોર્ડિંગમાં આરોપીઓ પાસે એકે-47 રાઈફલ દેખાતી હોવાનું જણાયું હતું, પરંતુ તે વીડિયો ફૂટેજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા નહોતા અને વીડિયોગ્રાફર પોતે ફરી ગયો હતો.

આ કેસ 14 એપ્રિલ, 2002ના થયેલા રમખાણોના સંબંધમાં દરિયાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી બે એફઆઈઆર સાથે સંબંધિત હતો. આ એફઆઈઆર ત્યારે નોંધવામાં આવી હતી ત્યારે સ્થાનિક વીડિયોગ્રાફર સતીશ દલવાડીએ એક વીએચએસ કેસેટ રજૂ કરી હતી,

જેમાં કથિત રીતે આરોપીઓ આલમગીરી શેખ, હનીફ શેખ, ઈમ્તિયાઝ શેખ, રઉફમિયા સૈયદ અને અન્ય લોકોને હિંસામાં સામેલ બતાવવામાં આવ્યા હતા. દલવાડી સ્થાનિક શાંતિ સમિતિના સભ્ય હતા અને તત્કાલીન દરિયાપુર પોલીસ ઈન્સ્પેક્ટર, આર.એચ. રાઠોડે તેમને કોમી હિંસાની કોઈ પણ ઘટનાઓ રેકોર્ડ કરવા માટે કહ્યું હતું.

આ કેસમાં અદાલતમાં કહ્યું હતું કે તેમણે કેમેરામાં શું શૂટ કર્યું હતું તે તેમને ખબર નથી. ત્યારના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એચ. એચ. ચૌહાણ પણ હોસ્ટાઈલ થયા હતાં. અદાલતે જણાવ્યું કે આ કેસની કાર્યવાહી દરમિયાન અદાલત સમક્ષ વીડિયો કેસેટ રજૂ કરવામાં આવી નથી. આ કેસમાં કોઈ હથિયાર પણ મળી આવ્યું નથી તેમ જ એવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયો નથી કે આરોપીઓ પાસે ગુનાના સમયે હથિયાર હતા. જેથી ત્રણેય આરોપીને નિર્દોષ જાહેર કર્યા કરવામાં આવ્યાં હતાં.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631
905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135
NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સુરેન્દ્રનગરમાં પાક નુકસાનીના વળતર મુદ્દે ખેડૂતોનો હલ્લાબોલ

## ખેતીવાડી અધિકારી હાજર ન રહેતા હોવાનો ખેડૂતોનો આક્ષેપ : ડીઆઈએલઆર કચેરીમાં પણ જમીન માપણી મુદ્દે ખેડૂતોએ રામધૂન બોલાવી

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ગત ચોમાસામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાનનું ખેડૂતોને હજુ સુધી વળતર નથી મળ્યું ત્યારે ચાલુ વર્ષે ફરી કમોસમી વરસાદે ખેડૂતોની હાલત કફોડી બનાવી દીધી છે. જેને લઈને ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા ખેતીવાડી અધિકારીની કચેરીમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી તેમજ જમીન માપણીના પ્રશ્નો અંગે પણ ડીઆઈએલઆર કચેરીમાં અનેકવાર રજૂઆત કરવા છતાં ઉકેલ ન આવતા રોષે ભરાયેલા ખેડૂતોએ કચેરીમાં જ નીચે બેસી રામધૂન બોલાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે દિવાળી બાદ સતત ૦૭ દિવસ કમોસમી વરસાદના કારણે



ખેડૂતોની હજારો હેક્ટર જમીનમાં કપાસ, મગફળી સહિતના પાકમાં વ્યાપક નુકસાન થયું છે. ત્યારે સરકાર દ્વારા હજુ પણ સર્વેની લોલીપોપ આપવામાં આવી રહી છે જેને ધ્યાને લઈને પાટડી તાલુકા સહિત જીલ્લાભરના ખેડૂતોમાં સરકાર સામે રોષ જોવા મળી રહ્યો છે. જેને ધ્યાને લઈને તમામ તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાય ચૂકવવાની માંગ સાથે ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા સુરેન્દ્રનગર જીલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાં ઉગ્ર રજૂઆત કરી હતી.

ખેડૂતોએ જણાવ્યું હતું કે ગત વર્ષે ૨૦૨૪મા થયેલા નુકસાન મામલે સરકાર દ્વારા બે વખત સહાય જાહેર કરી છતાં હજારો ખેડૂતોને હજુ ગત વર્ષની સહાયથી પણ વંચિત છે અને બીજી તરફ સરકાર અને સ્થાનિક પાટડીના ધારાસભ્ય પી.કે. પરમાર સહિતના રાજકીય આગેવાનો જિલ્લાના અંદાજે ૬૦,૦૦૦થી વધુ ખેડૂતોને સહાય ચૂકવી દેવામાં આવી હોવાની વાત કરે છે ત્યારે ખેતીવાડી વિભાગ દ્વારા સહાય ચુકવ્યા અંગેની આંકડાકીય વિગતો જાહેર કરે તેવી પણ માંગ કરી હતી.

ખેડૂતોની રજૂઆત સાંભળવા ખેતીવાડી અધિકારી હાજર પણ ન રહેતા હોવાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો તેમજ ફરજ પરના અન્ય અધિકારીને સહાય બાબતે પ્રશ્નો પૂછતા અધિકારી સંતોષકારક જવાબ પણ આપી શક્યા નહોતા. આથી આગામી ૦૭ દિવસમાં ખેડૂતોને નુકસાની અંગે સહાય મામલે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો ખેડૂતોએ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી તેમજ સર્વેના નાટક બંધ કરી ખેડૂતોને સીધી સહાય ચૂકવવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરી હતી. આ ઉપરાંત સુરેન્દ્રનગર ડીઆઈએલઆર કચેરીમાં પણ જમીન માપણીના પ્રશ્નો મામલે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# હર હર મહાદેવના નાદ સાથે સોમનાથથી દ્વારકા સુધી ખેડુત આક્રોશ યાત્રાનો પ્રારંભ

**રાજકોટ**

રાજ્યમાં કમોસમી વરસાદના લીધે સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ખેતી પાકોને મોટુ નુકસાન થતા ખેડુતોની હાલત કફોડી બનતા ખેડુતોનો અવાજ ઉઠાવવા કોંગ્રેસ પક્ષ દ્વારા 'ખેડુતના દેવા માફ કરો, પાક વિમા યોજના ચાલુ કરો'ની માંગ સાથે સોમનાથથી દ્વારકા સુધીની કિસાન આક્રોશ યાત્રાનો આજે તા.6ના રોજ હર હર મહાદેવનાં નાદ સાથે સોમનાથ-દ્વારકા સુધીની યાત્રાનો પ્રારંભ થયો છે.

રાજ્યમા કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે ત્યારે ખેડૂતો સરકાર પાસે સંતોષકારક સહાયની આશા રાખીને બેઠી છે બીજી તરફ વિપક્ષ પણ ખેડૂતોને સહાય અને પાકધિરાણ માફ કરવાના મુદ્દે આક્રમક વલણ દાખવી રહી છે. આવી પરિસ્થિતિમાં જ્યારે ખેડૂતો ચિંતિત બન્યા છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના આ તમામ પ્રકારની લાગણીને ધ્યાને લઈને ઉપરોક્ત હક્ક માટે કિસાન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાનું પ્રસ્થાન થતા 13 નવેમ્બરે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ નમાવી સમાપન થશે.

# જામનગરમાં રસ્તાઓ પર 'રબડી રાજ', કોંગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓએ કાદવમાં બેસી વિરોધ

## જો સમસ્યાનો ઉકેલ નહીં આવે તો મેયરની ચેમ્બરનો ઘેરાવ સહિત ઉગ્ર દેખાવની ચીમકી

**જામનગર**

મહાનગરપાલિકા (JMC)ના વોર્ડ નંબર 6માં રોડ-રસ્તાની અત્યંત ખરાબ હાલત અને કાદવ કીચડના કારણે સર્જાયેલા 'રબડી રાજ' સામે શહેર કોંગ્રેસે અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું છે. શહેર કોંગ્રેસ પ્રમુખે કાદવ કીચડ (રબડી) વાળા રસ્તા પર બેસીને વિરોધ નોંધાવ્યો હતો અને તે જ કીચડવાળા કપડાં સાથે મહાનગરપાલિકાની કચેરીએ પહોંચ્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખે વિરોધની આ અનોખી રીત અપનાવ્યા બાદ જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં મેયરને આવેદનપત્ર પાઠવવા માટે પહોંચ્યા હતા. મેયર કચેરીમાં હાજર ન હોવાથી, કોંગ્રેસ પ્રમુખે રબડીવાળા કપડે ડેપ્યુટી મેયરને આવેદનપત્ર સુપરત કર્યું હતું. કોંગ્રેસે ચીમકી આપી છે કે જો નજીકના ભવિષ્યમાં આ સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો સ્થાનિક લોકોને સાથે રાખીને મેયરની ચેમ્બરનો ઘેરાવ સહિતના ઉગ્ર દેખાવ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જામનગર શહેરમાં ઘણાં સમયથી રોડ-રસ્તાની ગુણવત્તા ખરાબ છે, એરફોર્સ ગેટથી લઈને વાયુનગર સુધીનો રસ્તો ભૂગર્ભ ગટરના કામને કારણે છેલ્લા એક વર્ષથી ખરાબ હાલતમાં છે. આ રોડનું કામ પૂર્ણ ન થતાં સ્થાનિકો ખૂબ જ પરેશાન છે. આ ઉપરાંત વોર્ડના અન્ય વિસ્તારો જેમ કે ડિફેન્સ કોલોની અને બાલાજી પાર્ક વિસ્તારના રોડને પણ ભૂગર્ભ ગટરના ખોદકામ બાદ પેચવર્ક કે રોડનું કામ કર્યા વિના છોડી દેવામાં આવ્યા છે.

# અમરેલીના તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીનું રાજીનામું, ધમકીનો ઓડિયો વાયરલ થતાં વિવાદ

## દલિત યુવકને ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો

**અમરેલી**

અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ એક કથિત ઓડિયો ક્લિપ વાયરલ થયા બાદ સર્જાયેલા વિવાદને પગલે પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. તેમના પર લાલાવદર ગામના એક દલિત યુવકને અપમાનિત કરી, ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો, જે અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે.

વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે સુરેન્દ્રનગર ખાતે યોજાયેલી આમ આદમી પાર્ટીની સભામાં અમરેલીના લાલાવદર ગામના કેટલાક લોકો હાજરી આપવા ગયા હતા. આ વાતની જાણ થતાં તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી નારાજ થયા હતા.

ચેતન ધાનાણીએ લાલાવદર ગામના મહેશભાઈ ઉર્ફે જિગાભાઈ ભાનુભાઈ માધડના મોબાઈલ ફોન પર ફોન કરીને 'આપ'ની સભામાં જવા મુદ્દે ઉગ્ર ઠપકો આપ્યો હતો. વાતચીત દરમિયાન તેઓએ મહેશભાઈને જેમ ફાવે તેમ ગાળો ભાંડી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ધમકીભરી વાતચીતની એક ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર મામલો ગરમાયો હતો.

ઓડિયો ક્લિપ વાયરલ થયા બાદ અને સમાજના આગેવાનો દ્વારા વિરોધ નોંધાવ્યા બાદ, આજે ચેતન ધાનાણીએ જિલ્લા ભાજપના હોદેદારોને પોતાનું રાજીનામું મોકલી આપ્યું હતું.

# જામનગરમાં યુવતીને કારમાં લઈ જઈ બેભાન કરી ઉદ્યોગપતિએ દુષ્કર્મ કર્યું

**જામનગર**

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં રહેતા અને બેડેશ્વર વિસ્તારમાં ઓઈલ મીલ ધરાવતા વિશાલ મહેન્દ્રભાઈ મોદી નામના અગ્રણી ઉદ્યોગપતિ સામે સિક્કા પોલીસ સ્ટેસનમાં એક યુવતીએ પોતાના પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યાના અને અંગત વીડિયો ઉતારીને બ્લેકમેલ કરતો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, આરોપીએ અંબર સિનેમા રોડ પર આવેલી ઓફિસમાં યુવતીને બ્લેકમેલ કરીને અનેક વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી દ્વારા યુવતી પર શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાથી અંતે કંટાળીને યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં મુજબ, આરોપી વિશાલને લોનની જરૂરિયાત હતી અને તે સંદર્ભે ભોગ બનનાર મહિલા આરોપી ઉદ્યોગપતિના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ પર વાતચીત શરૂ થઈ અને આરોપીએ મહિલા સાથે પરિચય કેળવી વિશ્વાસમાં લીધી હતી. ફેબ્રુઆરી માસમાં આરોપી વિશાલ મોદીએ મહિલાને એક પ્રોપર્ટી પર મોર્ગેજ લોન કરાવવાની વાત કરીને પ્રોપર્ટી જોવા માટે બોલાવી હતી.

# અમરેલીના બાબરામાં નજીવી બાબતે બે જૂથ વચ્ચે અથડામણ, એકનું મોત, નવ ઈજાગ્રસ્ત

**અમરેલી**

અમરેલીના બાબરામાં લગ્ન પ્રસંગ દરમિયાન ઘોડીને ટ્રેક્ટર અડી જતાં બે જૂથ વચ્ચે અથડામણ થયું હોવાનું સામે આવ્યું છે. જેમાં એક વ્યક્તિનું મોત અને 9 વ્યક્તિને ઈજા પહોંચી છે. સમગ્ર મામલ જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. તાલુકાના કુલઝર ગામમાં સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. સમગ્ર ઘટનામાં 9 જેટલાં લોકો ઈજાગ્રસ્ત સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જૂથ અથડામણની ઘટનાને લઈને એસપી-ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ઘટનાને પગલે ગામમાં પોલીસ કાફલો ગોઠવી દેવાયો છે. પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવ દિવાળીએ સાળંગપુરમાં દાદાને શણગાર, ડાયમંડ જડિત મયુરાકાર મુગટથી શોભી ઉઠ્યા કષ્ટભંજન દેવ

**સાળંગપુર**

દેવ દિવાળી અને પૂનમ નિમિતે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને પ્યોર સિલ્કના જરદોશી વર્કવાળા વાઘા, ઓર્કિડ, ગુલાબના ફૂલો અને ડાયમંડ જડિત મયૂરાકાર ચાંદીના મુગટથી કષ્ટભંજનદેવને અદભૂત શણગાર કરવામાં આવ્યો છે.

સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી આજે 05 નવેમ્બર, 2025ના રોજ સાળંગપુરમાં દાદાને અદભૂત શણગાર કરાયો છે. દાદાને ડાયમંડ જડિત મયૂરાકારનો ચાંદીનો મુગટ ધરાવવામાં આવ્યો છે અને દાદાને એલચી અને બદામનો હાર પહેરાવ્યો છે. પૂજારી સ્વામી દ્વારા આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7:00 કલાકે શણગાર આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે અનેક હરિભક્તોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી. પૂજારી સ્વામીએ કહ્યું કે, 'આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને વૃંદાવનમાં 10 દિવસની મહેનતે 4 કારીગરો દ્વારા બનાવવામાં આવેલા પ્યોર સિલ્કના જરદોશી વર્કવાળા વાઘા પહેરાવવામાં આવ્યા છે. આ વાઘામાં વિશેષ જરદોશી વર્ક કરવામાં આવ્યું છે.





## સલમાન ખાનને કોર્ટનું સમન્સ

સુપરસ્ટાર સલમાન ખાન પાન મસાલાની જાહેરાતને લઈને કાયદાકીય મુશ્કેલીમાં મુકાયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે ભાજપ નેતા અને રાજસ્થાન હાઈકોર્ટ વકીલ ઈંદર મોહન સિંહ હનીએ "ટાઈગર ઝિંદા હૈ" ના અભિનેતા વિરુદ્ધ એક માઉથ ફ્રેશનર બ્રાન્ડનું સમર્થન કરવા બદલ ફરિયાદ દાખલ કરી છે, કારણ કે, તેમણે ગુપ્ત જાહેરાતો દ્વારા ગ્રાહકોને ભ્રમિત કરે છે. કોટા ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કરાયા બાદ સલમાન ખાન અને પાન મસાલા બ્રાન્ડના ઉત્પાદકને નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં ઔપચારિક જવાબો માંગવામાં આવ્યો છે. આ કેસની આગામી સુનાવણી 27 નવેમ્બરના રોજ નક્કી કરવામાં આવી છે.


# સ્વદેશ

09

FRIDAY, 07 NOVEMBER 2025



## 52 વર્ષની વયે મહિમા ચૌધરીએ કર્યા બીજા લગ્ન? વેડિંગ વીડિયો વાઈરલ



બોલિવૂડ અભિનેત્રી મહિમા ચૌધરીનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોએ તેમના ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. ગત અઠવાડિયે મહિમા ચૌધરી સીનિયર એક્ટર સંજય મિશ્રા સાથે દુલ્હનના જોડામાં નજર આવી હતી. બંનેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ વાઈરલ ક્લિપે ઘણા લોકોને મૂંઝવણમાં મૂકી દીધા હતા. લોકો વિચારમાં પડી ગયા કે શું ખરેખર 52 વર્ષની વયે મહિમા ચૌધરીએ બીજા લગ્ન કર્યા ? પરંતુ વાસ્તવમાં આ બધુ તેમની ફિલ્મ 'દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી' માટે હતું. વાસ્તવમાં અભિનેત્રીએ કોઈ બીજા લગ્ન નથી કર્યા.


## ગાયિકા અને અભિનેત્રી સુલક્ષણા પંડિતનું ૭૧ વર્ષની વયે અવસાન

પોતાના મખમલી અવાજની રાણી સુલક્ષણા પંડિત હવે આપણી વચ્ચે નથી. તેમણે ૭૧ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. સુલક્ષણાના ભાઈ અને સંગીત નિર્દેશક લલિત પંડિતે તેમના નિધનના દુઃખદ સમાચારની પુષ્ટિ કરી.



સુલક્ષણા પંડિત માત્ર એક પ્રખ્યાત ગાયિકા જ નહીં પરંતુ અભિનેત્રી પણ હતી. તેમણે ઘણી લોકપ્રિય ફિલ્મોમાં પોતાના અભિનયથી લોકોના દિલ જીતી લીધા હતા. સુલક્ષણા પંડિતે ગુરુવારે નાણાવટી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. જોકે, તેમના મૃત્યુનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. સુલક્ષણા પંડિત ૭૦ અને ૮૦ ના દાયકાની પ્રખ્યાત અભિનેત્રી અને ગાયિકા હતી.

# 14 કલાકનું કામ 8 કલાકમાં પણ થાય, સોનાક્ષીનું દીપીકા પાદુકોણને સમર્થન



દીપિકા પાદુકોણ ભલે આ વર્ષે કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. પરંતુ લાઈમલાઈટમાં રહી છે, તેની પાછળનું કારણ તેણે આપેલું એક નિવેદન છે. દીપિકાએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાને એક ફિલ્મમાંથી દૂર કરવા પાછળનું કારણ જણાવ્યું હતું. આ કારણથી સિનેમા જગતમાં વિરોધની લાગણી છવાઈ હતી.

દીપિકાએ જણાવ્યું હતું કે, મને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટમાંથી દૂર કરવામાં આવી હતી, તેની પાછળનું એક કારણ એ હતું કે અભિનેત્રીએ 8 કલાકની શિફ્ટની માંગ કરી હતી. આ નિવેદનથી દીપિકા પ્રત્યે સહાનૂભૂતિ તેમજ અન્ય સેલિબ્રિટી દ્વારા પોતાની સાથે પણ આ પ્રકારની ઘટના બની હોવાના રિએક્શન આવી રહ્યા છે. જેમાં પ્રચલિત અભિનેત્રી સોનાક્ષી સિંહાએ પણ દીપિકાની વાત પર સહમતિ વ્યક્ત કરતાં પ્રતિક્રિયા આપી હતી. બીજી તરફ અમુક લોકોએ આ મામલે દીપિકાના કામના કલાકોમાં રાહત મુદ્દે અસંમતિ પણ વ્યક્ત કરી હતી.

15 વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહેલી અભિનેત્રી સોનાક્ષી સિંહાએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં દીપિકાની 8 કલાકની શિફ્ટની માંગ સાથે સંમતિ દર્શાવી હતી. તેમજ પોતાની સાથે પણ આ પ્રકારનો ખરાબ અનુભવ થયો હોવાની વાત રજૂ કરી હતી. તેણે કહ્યું કે, મેં આઠ કલાક અથવા તો 18 કલાક કામ કર્યું છે. તે પ્રોજેક્ટ અને તેમાં સામેલ લોકો પર આધાર રાખે છે, પરંતુ મને લાગે છે કે જો ચીજોને વધુ વ્યવસ્થિત રીતે મેનેજ કરવામાં આવે તો સેટ પર જે કામ 14 કલાકમાં થાય છે, તે આઠ કલાકમાં થઈ શકે છે. તદુપરાંત, ક્રૂ અમારા કરતા ઘણો લાંબો સમય કામ કરે છે. તેઓ વહેલા આવે છે, મોડા જાય છે, અને તેમનો પણ એક પરિવાર છે. એક સુચારૂ માળખું હોવું જરૂરી છે જેથી દરેક વ્યક્તિ કામની બહાર પોતાનું જીવન જીવી શકે. સોનાક્ષી સિંહા ટૂંક સમયમાં સુધીર બાબુની આગામી ફિલ્મ 'જટાધારા'માં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રી મુખ્ય ભૂમિકા ભજવે છે, અને ટ્રેલરમાં તેના અભિનયને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો.

## શ્રદ્ધા કપૂર મહારાષ્ટ્રનાં લાવણી નૃત્યાંગના વિઠાબાઈની બાયોપિકમાં

મુંબઈ : શ્રદ્ધા કપૂર દિગ્દર્શક લક્ષ્મણ ઉત્તેકર સાથે મહારાષ્ટ્રની લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણ ગાંવકરની ભૂમિકામાં જોવા મળશે.આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. ફિલ્મનું ટાઈટલ 'ઈથા' હોવાનું જણાવાયું છે. વિઠાબાઈ નારાયણગાંવકરે જે જમાનામાં મહિલાઓ માટે જાહેર પરફોર્મન્સ બહુ મુશ્કેલ ગણાતું હતું તે સમયે પોતાનાં નૃત્યથી સૌને પ્રભાવિત કર્યાં હતાં.



ફિલ્મમાં તેમનાં સંઘર્ષ અને સફળતાની વાતને વણી લેવામાં આવશે. શ્રદ્ધા કોઈ બાયોપિક કરી રહી હોય તેવું પહેલીવાર બની રહ્યું છે. જોકે, ફિલ્મની રીલિઝ ડેટ વિશે હજુ સુધી કોઈ માહિતી બહાર આવી નથી.

## મલાઈકા પોતાનાથી 19 વર્ષ નાના બિઝનેસમેનને ડેટ કરતી હોવાની ચર્ચા

મુંબઈ : મલાઈકા અરોરા પોતાનાથી ૧૯ વર્ષ નાના બિઝનેસમેન હર્ષ મહેતા સાથે ડેટિંગ કરી રહી હોવાની અટકળો વહેતી થઈ છે. તાજેતરમાં મલાઈકાનો એક વિડીયો વાયરલ થયો છે. તેમાં તે હર્ષ સાથે હોવાનું જણાયું છે. જોકે, મલાઈકાએ પોતા એ રિલેશનશિપ વિશે હજુ સુધી કોઈ ફોડ પાડયો નથી. મલાઈકા હાલ બાવન વર્ષની છે જ્યારે હર્ષ મહેતાની વય ૩૩ વર્ષ હોવાનું કહેવાય છે. તે ડાયમંડ બિઝનેસમાં હોવાનું કહેવાય છે. તે અને મલાઈકા એક પાર્ટીમાં મળ્યાં હતાં. તે પછી તેમનો પરિચય આગળ વધ્યો હોવાનું કહેવાય છે. મલાઈકાનો આ પહેલાંનો બોયફ્રેન્ડ એક્ટર અર્જુન કપૂર તેનાં કરતાં ૧૨ વર્ષ નાનો હતો.



# માધુરી દીક્ષિત સામે હોબાળો : 200 ડોલરની ટિકિટના શોમાં ફક્ત ચિટચેટ કરી



મુંબઇ : કેનેડામાં માધુરી દિક્ષિતના શોનાં અવ્યવસ્થા તથા ખોટા પ્રચાર બદલ ઓનલાઈન ટીકાઓની ઝડી વરસી છે.

આ શોમાં માધુરી ત્રણ કલાક મોડી પડી હતી. તે પછી તેણે સ્ટેજ પર આવીને ફક્ત ચીટચેટ કરી હતી. ચાહકોને હતું કે તે તેનાં જાણીતાં ગીતો પર ડાન્સ કરશે તેને બદલે તેણે એક-એક ગીત પર તેની પ્રચલિત અદા જ દર્શાવી હતી. શોની ટિકિટ ૨૦૦ ડોલર લેવાઈ હતી. ચાહકોએ લખ્યું હતું કે ૨૦૦ ડોલર ખર્ચીને તેઓ ફક્ત



માધુરીની ચિટચેટ સાંભળવા આવ્યા ન હતા. કેટલાય લોકોએ ઓડિટોરિયમ છોડી દીધું હતું. અનેક લોકોએ ઓનલાઈન કોમેન્ટસ કરી ટિકિટ ના પૈસા પાછા માગ્યા હતા. કેટલાકે તો કાયદેસર પગલાં લેવાની ચિમકી પણ ઉચ્ચારી હતી. દરમિયાન માધુરીના ચાહકો પણ તેના બચાવમાં આવ્યા હતા. સંખ્યાબંધ ચાહકોએ લખ્યું હતું કે શો બાબતે કોઈ અસંતોષ હોય તો તેના માટે આયોજકોને જવાબદાર ગણવા જોઈએ. તેમણે શોનો ખોટી રીતે પ્રચાર કર્યો હતો. માધુરીએ તો કરાર પ્રમાણે જેટલું કમીટ કર્યું હશે તેટલું કામ કર્યું જહશે.






Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH


## યુએસમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો સાર્થક કરી જીવતા યુવા નેતાનો ડંકો

# ભારતીય મુળના મમદાની બનશે ન્યુ યોર્કના સુકાની

પ્રાસંગિક
ધવલ શુક્લ

અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેનો સતત વિરોધ કરતા હતા, તેવા ભારતીય મૂળના ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીની ચૂંટણી જીતી ગયા છે. તેઓ મેયરપદની ચૂંટણીમાં વિજેતા બનતા જ ઈતિહાસ રચાયો છે. અમેરિકામાં 200 વર્ષ પછી આટલી નાની વયનો કોઈ વ્યક્તિ મેયર બનનાર છે. હવે તેઓ ન્યૂયોર્કના તત્કાલિન મેયર એરિક એડમ્સના અનુગામી તરીકે પદ સંભાળશે. માત્ર ૩૪ વર્ષના ડેમોક્રેટ મમદાનીએ ત્રિકોણિય જંગમાં ભવ્ય વિજય મેળવ્યો હતો. ન્યૂયોર્કના પૂર્વ ગવર્નર એન્ડ્રુ કુમો આ વખતે અપક્ષ ઉમેદવાર તરીકે મેદાને હતા. જ્યારે મજબૂત પીઠબળને કારણે સક્ષમ નેતા ગણાતા રિપબ્લિકન નેતા કર્ટિસ સ્લિવા પણ ચૂંટણીના જંગમાં હતા. તેમની સાથે મમદાનીએ ટક્કર લીધી હતી. મમદાની ચૂંટણીમાં તો જીતી ગયા છે, પણ હજી તેઓ મેયરપદ ઉપર હાલમાં આવશે નહીં. તેઓ ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પદ સંભાળશે. મમદાનીના વિજય સાથે ઘણા નવા રેકોર્ડ બન્યા છે. તેઓ પહેલાં સૌથી યુવા ભારતીય-અમેરિકન નેતા છે જેઓ ન્યૂયોર્કના મેયર બન્યા છે. આ ઉપરાંત તેઓ ન્યુ યોર્કમાં મેયર બનનારા પહેલાં મુસ્લિમ નેતા પણ છે. આ ઉપરાંત તેઓ સૌથી પહેલાં સાઉથ એશિયન મૂળ ધરાવતા નેતા પણ છે, જેમનો આ પદ ઉપર વિજય થયો છે. મમદાનીએ જે સમયે ચૂંટણીમાં ઝંપલાવ્યું ત્યારે અનેક વિરોધીઓ તેની ગણના કરતા ન હતા. જો કે, વર્ષની શરૂઆતમાં જ ડેમોક્રેટિક પાર્ટીની પ્રાઈમરી પસંદગી દરમિયાન જ ૧૨ પોઈન્ટની સરસાઈ સાથે તેઓએ આગળ ધપીને હરિફોની ધારણાને ખોટી પાડી હતી.

મમદાની દ્વારા ન્યૂયોર્કના મેયરપદની ચૂંટણીમાં ઝંપલાવવા સાથે જ સામાન્ય લોકોને ધ્યાનમાં રાખીને ચૂંટણીના મુદ્દા અને એજન્ડા તૈયાર કરાયા હતા. ન્યૂયોર્કમાં વસતા સામાન્ય લોકોને અસર થાય તેવી બાબતોના વાયદા કરવામાં આવ્યા હતા. તેમના આયોજનોમાં મકાનોના ભાડા સ્થિર કરવાનું લક્ષ્ય પણ રખાયું છે. ઉપરાંત લોકો માટે વધારાની બસ અને પબ્લિક ટ્રાન્સપોર્ટને સરળ બનાવવાની યોજના છે. ૨૦૨૭ સુધીમાં જ ફ્રી બસ સેવા શરૂ કરવાનું વચન પણ તેમણે આપ્યું છે.

આ સિવાય ફ્રી ચાઈલ્ડકેર સેવા તેનું સપનું છે. ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટિ સેફ્ટી બનાવવાની અને શહેરની તમામ સ્કૂલ અને પબ્લિક કોલેજમાં




ફ્રી ભોજન આપવાની યોજનાઓ તેના પ્રચારનો ભાગ રહ્યા હતા. પ્રચાર દરમિયાન તેમણે જાહેર કર્યું હતુ કે, શહેરમાં ઘણા સ્થળે સરકાર સંચાલિત ગ્રોસરી સ્ટોર બનાવવામાં આવશે, જે ગરીબો અને ઘરવિહોણા લોકોને સસ્તા દરે અને રાહત દરે ખાદ્ય સામગ્રી આપે છે. તે ઉપરાંત ઘરવિહોણા અને અનાથ લોકો માટે ભોજનની વ્યવસ્થા થાય તેવા સેન્ટરો અને અન્ય સેવાઓ વધારવાની યોજનાની વાતો પણ છે. આગામી એક દાયકામાં ૨ લાખ જેટલા અફોર્ડેબલ મકાનો બનાવવાની નેમ ધરવતા મમદાનીએ ન્યૂયોર્ક શહેરમાં કામ કરતા લોકોનું લઘુત્તમ ભથ્થુ ૨૦૩૦ સુધીમાં ૩૦ ડોલર સુધી લઈ જવાની બાયંધરી પણ આપી છે. વૈશ્વિક બાબતોમાં તેઓ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના યુદ્ધને અટકાવવાના અને ખાસ કરીને પેલેસ્ટાઈનમાં રાહત અને દાક્તરી સેવાઓ શરૂ કરવાની તરફેણમાં છે.

ન્યુ યોર્કમાં લોકપ્રિય થવા પાછળનું મમદાનીનું બીજું એક પાસું પણ છે. ન્યૂયોર્ક અને તેની આસપાસના વિસ્તારોમાં ભારતીયો અને ગુજરાતીઓની વસતી ખૂબ જ છે. મમદાની ભારતીય મૂળ સાથે મજબૂત રીતે જોડાયેલા નેતા છે. તેમના ઘર અને પરિવારમાં આજે પણ ભારતીય પરંપરાઓનું અનુસરણ થાય છે. ભારતીય સંસ્કૃતિની તેમના પર પડેલી અસર જ ન્યૂયોર્કવાસીઓને પસંદ પડી અને તેઓ મેયરપદના પ્રબળ દાવેદાર બની ગયા. ઝોહરાન મમદાનીના માતા-પિતા બંને ભારતીય મૂળના છે. મમદાનીના માતા મિરા નાયર ભારતીય-અમેરિકન ફિલ્મ મેકર છે. તેઓ સલામ બોમ્બે, મોનસુન વેડિંગ અને ધ નેમસેક જેવી ફિલ્મોના કારણે દુનિયાભરમાં વખણાયા હતા. બીજી તરફ મમદાનીના પિતા મહમૂદ મમદાની પણ વૈશ્વિક ધોરણે જાણીતા લેખક છે. મહેમુદનો પરિવાર પણ એક સમયે ભારતથી સાઉથ આફ્રિકા ગયો અને ત્યાંથી તેઓ અમેરિકા આવ્યા હતા. મહમૂદ મમદાની પોતાના પરિવાર સાથે કેપ ટાઉનથી ન્યૂયોર્ક ગયા હતા.

મિરા નાયર ૧૯૯૧માં મિસિસિપી મસાલા નામની એક ક્રોસ કલ્ચર લવસ્ટોરી થીમની ફિલ્મ બનાવી રહ્યા હતા. તેમાં ડેનઝેલ વોશિંગ્ટન અને સરિતા ચૌધરી મુખ્ય ભુમિકમાં હતા. આ બંને પાત્રો પણ ભારતથી સાઉથ આફ્રિકા અને આસપાસના દેશોમાં ગયા હતા અને ત્યાં યુગાન્ડામાં ઈદી અમિનના શાસન દરમિયાન ભાગીને અમેરિકા આવી ગયા હતા, તે વાર્તાને રજૂ કરતા હતા. આશ્ચર્યની વાત એ હતી કે, મીરા નાયર અને મહમૂદ મમદાની સંપર્કમાં આવ્યા, ત્યારે મીરા નાયરને જાણ થઈ કે, તેઓ જે વાર્તા પર કામ કરે છે તે વાર્તા તો મહમૂદ જીવીને આવ્યા છે. ત્યારબાદ તેમની મુલાકાતો વધતી ગઈ અને આખરે તેમણે લગ્ન કરી લીધા. ત્યારબાદ કામગીરીની સગવડતા માટે બંને જણા ન્યૂયોર્કમાં જ સેટલ થઈ ગયા. ઝોહરાનનો ઉછેર ન્યૂ યોર્કમાં જ થયો હતો. અને તેમણે બ્રોન્ક્સ હાઈસ્કુલ ઓફ સાયન્સ ખાતે અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ આફ્રિકાના સ્ટડીઝ બોડોઈન કોલેજ ખાતેથી ગ્રેજ્યુએશનની ડિગ્રી લીધી હતી. અહીં અભ્યાસ કરવા દરમિયાન તેમણે જસ્ટિસ ફોર પેલેસ્ટાઈન નામનું વિદ્યાર્થીઓનું એક જૂથ શરૂ કર્યું હતું, જે સામાજિક ન્યાય માટે કામ કરતું હતું. મમદાની હાલમાં સિરિયન-અમેરિકન આર્ટિસ્ટ રમા દુવાજી સાથે જીવન પસાર કરી રહ્યા છે. બંનેએ ઓક્ટોબર ૨૦૨૪માં જ સગાઈ કરી હતી અને આ વર્ષે ફેબ્રુઆરીમાં જ બંનેએ સાદાઈથી લગ્ન કરી લીધા હતા. મમદાની માત્ર પોતાના ભારતીય મૂળથી જ જાણીતા હતા, તેવું નહોતું. તેમની કામગીરી, તેમની વાતો, તેમના ભાષણ અને તેમના આચાર-વિચારમાં પણ ભારતીયતાનો પડઘો પડતો હતો. તેઓ ક્યારેય પોતાના ભારતીય મૂળ, ભારતીય પરંપરા અને સંસ્કારોથી વિમુખ થયા નથી. નવાઈની વાત એ હતી કે, ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ તેમણે ભારતના પહેલા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના આઈકોનિક ભાષણ ટાયરિસ્ટ વિથ ડેસ્ટિનીનો આધાર લઈને પોતાના સમર્થકોને સંબોધન કર્યું હતું. ભારતની આઝાદી સમયે પંડિતજીએ જે ભાષણ કર્યું હતું તેની અસર મમદાનીના ભાષણમાં વર્તાતી હતી.

મમદાનીના આ ભાષણે સભામાં હાજર લોકોનો ઉત્સાહ બમણો કરી નાખ્યો હતો. મમદાનીએ ભૂતકાળમાં પણ પોતાના પરિવારની ધાર્મિક અને સામાજિક પરંપરાઓ તથા સંસ્કૃતિનો પરિચય આપ્યો જ છે. તેના પરિવારમાં રહેલા ધાર્મિક વૈવિધ્યનો પરિચય આપ્યો જ છે. ન્યૂયોર્કના ક્વીન્સ ખાતે આવેલા સૌથી જૂના હિન્દુ મંદિરની મુલાકાત દરમિયાન તેણે પોતાના માતા તરફથી મળેલા તમામ હિંદુ સંસ્કારોનું પાલન કર્યું હતું અને તેને યાદ કર્યા હતા.

ચૂંટણી જીત્યા પછી પણ તેણે કહ્યું કે, મને ગર્વ છે કે, હું પહેલો ઈન્ડિયન-અમેરિકન મેયર છું. મને ગર્વ છે કે, મારી માતા હિંદુ છે અને હું મુસ્લિમ છું. હું હિન્દુત્વને જોતો, સમજતો અને જીવનમાં ઉતારતો આવ્યો છું. મારો ઉછેર એવી રીતે થયો છે કે, હિન્દુ સંસ્કૃતિ, વાર્તાઓ, તહેવારો, માન્યતાઓ અને તેની પાછળ રહેલી શ્રદ્ધા અને આસ્થાને હું સમજી શકું છું. રક્ષાબંધન હોય કે, દિવાળી કે પછી હોળી. તેની પાછળ રહેલા સંસ્કારો અને મૂલ્યોને હું આજે પણ મારા જીવનમાં સાંકળીને ચાલી રહ્યો છું.

**ફિલ્મ મેકર મિરા નાયર અને જાણીતા લેખક મહમૂદ મમદાનીના પુત્ર ઝોહરાને પ્રચારમાં શહેરીજનોના સરળ જીવન માટે રજૂ કરેલી અઢળક યોજનાઓ, તેની સહજ વિચારસરણી અને વર્તનમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખીએ લોકોના દિલ જીતી લીધાં**

# ઉત્તર ગુજરાત બારગામ સમાજ દ્વારા દિવાળીનો સ્નેહ મિલન : ભક્તિ, સહકાર અને હર્ષનો સંદેશ

**માતાજીની આરતી, બાળકો અને મહિલાઓના સાંસ્કૃતિક પરફેર્મન્સ, સ્વાદિષ્ટ ભોજન તથા ગરબા-રાસના રંગોથી આખી સાંજ આનંદમય બની**







**મિસિસાગા**

ઉત્તર ગુજરાત બારગામ સમાજ દ્વારા દિવાળીનો સ્નેહ મિલન સમારંભ ૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બર્નહેમથોર્પ કોમ્યુનિટી સેન્ટર, મિસિસાગા, ઓન્ટારીયો ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાતી અને ભારતીય પરિવારોની ઉત્સાહપૂર્ણ હાજરી રહી હતી. માતાજીની આરતી, બાળકો અને મહિલાઓના સાંસ્કૃતિક પરફેર્મન્સ, સ્વાદિષ્ટ ભોજન તથા ગરબા-રાસના રંગોથી આખી સાંજ આનંદમય બની હતી.

કાર્યક્રમનો હેતુ સમાજના સભ્યો વચ્ચે સ્નેહ, સાંસ્કૃતિક ગૌરવ અને એકતાના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો હતો. આ ઉજવણી દ્વારા સમાજમાં ભક્તિ, સહકાર અને હર્ષનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમાજના સભ્યો અને પરિવારજનોની ઉત્સાહપૂર્ણ હાજરીએ આ કાર્યક્રમને સ્મરણિય બનાવ્યો હતો. ભારતથી પધારેલા અતિથિઓએ ભાતીગળ સંસ્કૃતિને જીવંત રાખવાના ઉત્તર ગુજરાત બારગામ સમાજ, કેનેડાના અથાગ પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને સમાજની ભવિષ્યમાં ઉતરોતર પ્રગતિ થાય તે માટે જરૂરી માર્ગદર્શન તથા અંતરનાં આશીર્વાદ પાઠવ્યા હતા.

## ભારતથી પધારેલા અતિથિઓએ ભાતીગળ સંસ્કૃતિને જીવંત રાખવાના ઉત્તર ગુજરાત બારગામ સમાજના પ્રયાસને બિરદાવ્યો, સૌની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના

કાર્યક્રમમાં જગત જનની માં અંબા, કુળદેવી માઁ ઉમિયાની આરતી અને આરાધના સાથે સમાજના સૌ સભ્યોએ સૌની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકો અને મહિલાઓના ઉત્કૃષ્ટ સંગીત અને નૃત્ય પરફેર્મન્સે સૌનું મન મોહી લીધું હતુ. જે બાદ સમાજના દાતાઓ અને સહયોગીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

શરૂઆતમાં સ્વાદિષ્ટ નાસ્તો અને કાર્યક્રમને અંતે ભોજન પીરસાયું હતુ. અંતે સૌએ આધુનિક ડીજે સેટઅપને સંગ સાથે મળીને પરંપરાગત ગરબાનો આનંદ માણ્યો હતો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# રાજપૂત એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા (રાના)ની બેઠક

## પ્રમુખ પદે નરેશ ચાવડાની વરણી : નવી રચાયેલી રાષ્ટ્રીય કારોબારી સમિતિ (NEC)ના હોદ્દેદારોએ શપથ ગ્રહણ કર્યા

**માનસાસ**

૧૯૮૦માં સ્થપાયેલ અને ૧૯૮૪માં ન્યુ જર્સી રાજ્ય સુધી વિસ્તરેલું રાજપૂત એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા (RANA)એક બિન-લાભકારી સંસ્થા છે. ગત ૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, હિલ્ટન ગાર્ડન ઈન, માનસાસ, યુએસએ ખાતે તેની જનરલ બોડી મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં ઉત્તર અમેરિકાના સભ્યોએ રૂબરૂ અને ઓનલાઈન હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન 2025-2027 કાર્યકાળ માટે નવી રચાયેલી રાષ્ટ્રીય કારોબારી સમિતિ (NEC)ના હોદ્દેદારોની શપથવિધિ પણ થઈ હતી. સમારોહમાં રિચાર્ડ એચ. “ડિક” બ્લેક, ભૂતપૂર્વ વર્જિનિયા સ્ટેટ સેનેટર, RANAના વરિષ્ઠ સભ્ય પુષ્પા સિંહ (NJ), BOT સભ્યો અને ઘણા પ્રતિષ્ઠિત મહેમાનો અને ખંડના 16 RANA ચેપ્ટરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના ઉદઘાટન સંબોધનમાં RANAના પ્રથમ કેનેડિયન પ્રમુખ નરેશ ચાવડાએ તેમના માતાપિતા, પરિવાર અને સર્વશક્તિમાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચાવડાએ તાજેતરના બંધારણીય સુધારાઓ અને સુધારાઓ પાછળની ટીમવર્કને સ્વીકારતા ઉમેર્યું કે, રાણાની તાકાત તેની એકતા, સંસ્કૃતિ અને કાલાતીત મૂલ્યોમાં રહેલી છે. ભગવાન દ્વારા બનાવેલા નિયમો ક્યારેય બદલાતા નથી. જેમ કે આપણી રાજપૂત પરંપરાઓ. પરંતુ માનવસર્જિત નિયમો પ્રગતિ માટે વિકસિત થઈ શકે છે તેમણે ચાર દાયકાથી વધુ સેવા દરમિયાન ભૂતકાળના RANA નેતાઓના યોગદાનને પણ યાદ કર્યું હતુ, જેમાં 1981થી સ્થાપક આજીવન સભ્ય રામસિંહ બારડ (IL)નો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

૨૦૧૫થી પોતાની RANA યાત્રા પર પ્રતિબિંબ પાડતા ચાવડાએ પારદર્શિતા, સમાવેશકતા અને સમર્પણ સાથે સેવા આપવાની તેમની સતત પ્રતિબદ્ધતા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, RANA યુવાનો, વ્યવસાય, શિક્ષણ અને વરિષ્ઠ કલ્યાણ પર કેન્દ્રિત નવી પહેલો અને કાર્યક્રમો દ્વારા સમગ્ર ઉત્તર અમેરિકામાં તેના સમુદાય નેટવર્કને વધુ મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે. સભ્યોને તેમના પૂર્વજોના વારસા સાથે ફરીથી જોડવા માટે પ્રથમ RANA ઈન્ડિયા મિશન (ડિસેમ્બર ૨૦૨૬-જાન્યુઆરી ૨૦૨૭)નું આયોજન કરાશે. “RANAના પ્રથમ કેનેડિયન રાષ્ટ્રપતિ તરીકે, હું આપણા બે મહાન રાષ્ટ્રો - યુએસએ અને કેનેડા વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે આતુર છું. જો હું ભૂલ કરું છું, તો કૃપા કરીને મને માર્ગદર્શન આપજો. સાથે મળીને, આપણે RANAને વધુ મજબૂત બનાવતા રહીશું.





### સંગઠનની મુખ્ય પ્રાથમિકતાઓ

- વ્યવસાય, યુવા અને કુટુંબ સંમેલનો (૨૦૨૬)નું આયોજન
- છ મહિનાની અંદર યુવા અને વરિષ્ઠ સભ્યો માટે RANA હેલ્પલાઈન શરૂ કરવી
- વ્યાવસાયિક અને સાંસ્કૃતિક વિકાસ માટે સેમિનાર અને વેબિનારનું આયોજન
- RANA ત્રણ નવા NEC પોર્ટફોલિયો રજૂ કરી રહ્યું છે - ડિજિટલ હાજરી, યુવા પ્રવૃત્તિઓ અને વરિષ્ઠ બાબતો.







### રાણા NEC 2025-2027 ટીમ

1. પ્રમુખ: નરેશ ચાવડા, કેનેડા
2. ઉપપ્રમુખ: સુરેન્દ્રસિંહ ચૌહાણ, VA, USA
3. જનરલ સેક્રેટરી: શ્વેતા સિંઘ, GA, USA
4. સમુદાય સંબંધો સચિવ: કનકસિંહ ઝાલા, CA, USA
5. સભ્યપદ સચિવ: રણવિજય સિંહ, એઝેડ, યુએસએ
6. આઈટી સેક્રેટરી: કંદર્પ સિંહ સેંગર, TX, USA
7. સાંસ્કૃતિક સચિવ: રીનાબા ચુડાસમા, VA, USA
8. શિક્ષણ સચિવ: મીનાક્ષી સારંગદેવત, NJ, USA
9. ખજાનચી: પ્રવિણસિંહ પરમાર, IL, USA
10. મેગેઝિન સેક્રેટરી: મહેન્દ્ર સિંહ જાડોન, VA, USA
11. વરિષ્ઠ બાબતોના સચિવ: દિલીપસિંહ રાઠોડ, NJ, USA
12. મેમ્બર એટ લાર્જ: વિજયા પરમાર, NJ, USA
13. મેમ્બર એટ લાર્જ / સિનિયર મહિલા અફેર્સ કો-ચેર: સરસ્વતી સિંઘ, AZ, યુએસએ.

# કેનેડામાં ભારતીયોના TRV અને સ્ટુડન્ટ વિઝા આવેદનોની તપાસ, રિજેક્ટ અરજીની સંખ્યા વધી

## વિદ્યાર્થીઓ અને કામદારોની અરજી રિજેક્ટ થવા પાછળ અપૂરતા દસ્તાવેજો, અસ્પષ્ટ હેતુ કે નાણાકીય ક્ષમતા પર શંકા જેવા કારણો જવાબદાર

**ઓન્ટેરિયો**

કેનેડામાં શિક્ષણ મેળવવા અને વસવાટ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિ વધુ કપરી બની રહી છે. છેલ્લા એક વર્ષમાં વિઝા રિજેક્શનના દરમાં ઘણો મોટો વધારો જોવા મળ્યો છે. આંતરિક સરકારી દસ્તાવેજો મુજબ, કેનેડાની રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા, કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી અને કેટલીક અમેરિકન એજન્સીઓએ ભારત અને બાંગ્લાદેશમાંથી આવતા નકલી વિઝિટર અને સ્ટુડન્ટ વિઝા આવેદનોની ઓળખ કરીને તેને રદ કરવા એક વર્કિંગ ગ્રુપ બનાવ્યું છે. રિપોર્ટ પ્રમાણે, ભારતમાંથી આવતા ટેમ્પરરી રેસિડેન્ટ વિઝા અને સ્ટુડન્ટ વિઝા આવેદનોની તપાસ ઘણી સખત બની છે. ૨૦૨૩માં સરેરાશ ૩૦ દિવસમાં પતતી અરજીઓનો સમય ૨૦૨૪માં વધીને ૫૪ દિવસ થયો હતો. જ્યારે મજૂરી દરમાં પણ ઘટાડો થયો છે. જાન્યુઆરી ૨૦૨૪માં ૬૩,૦૦૦ વિઝા મંજૂર થયા હતા, જે જૂન સુધીમાં ઘટીને ૪૮,૦૦૦ થઈ ગયા હતા. આ સખ્તાઈને લીધે વિદ્યાર્થીઓ અને કામદારોની અરજીઓ શંકાના કારણે નકારાઈ રહી છે.

### કેનેડામાં શરણ માટેની અરજીઓમાં 4 ગણો ઉછાળો

મે ૨૦૨૩માં ભારતીય નાગરિકોના કેનેડામાં શરણ લેવાના આવેદનો દર મહિને ૫૦૦ હતા, જે જુલાઈ ૨૦૨૪ સુધીમાં વધીને દર મહિને લગભગ ૨,૦૦૦ થઈ ગયા છે. આ દર્શાવે છે કે, મોટી સંખ્યામાં લોકો કેનેડામાં પ્રવેશ્યા પછી રિફ્યુજી સ્ટેટસ માંગી રહ્યા છે. સરકાર માને છે કે, ઘણા લોકો સ્ટુડન્ટ કે ટૂરિસ્ટ વિઝાનો દુરુપયોગ કરીને કાયમી વસવાટ કરવા પ્રયાસ કરે છે.

### સરકારે સંસદમાં BILL C-12 રજૂ કરતા વિરોધ

૨૦૨૪માં નો બોર્ડ કેસોમાં પણ વધારો થયો છે, જેમાં જુલાઈ સુધીમાં ૧,૮૦૦થી વધુ મુસાફ્રોને પૂછપરછ માટે ચિહ્નિત કરીને કાયદાકીય પ્રક્રિયાની જાણકારી અપાઈ હતી. આ સંજોગોમાં કેનેડા સરકારે સંસદમાં BILL C-12 રજૂ કર્યું છે, જે સરકારને રાષ્ટ્રીય સુરક્ષા, મહામારી કે છેતરપિંડીની સ્થિતિમાં કોઈપણ દેશ કે સમૂહના વિઝા ધારકોના સામૂહિક વિઝા રદ કરવાની સત્તા આપશે. જો કે, આ પગલાનો કેનેડામાં વિરોધ થઈ રહ્યો છે. ૩૦૦થી વધુ સંગઠનો અને વકીલોએ ચેતવણી આપી છે કે આ કાયદો સરકારને સામૂહિક દેશનિકાલ મશીન જેવી સત્તા આપી શકે છે અને નિર્દોષ અરજદારો સાથે અન્યાય થઈ શકે છે. બીજી તરફ કેનેડાના ઇમિગ્રેશન વિભાગનું કહેવું છે કે, આ પગલાં કોઈ વિશેષ દેશની વિરુદ્ધ નથી. સરકારે જણાવ્યું કે, ‘અમારું લક્ષ્ય બિન-વાસ્તવિક અરજદારોને રોકવાનો, સરહદો પરનું દબાણ ઘટાડવાનો અને માહિતી આપવાનો છે.’ વિભાગના જણાવ્યા અનુસાર, આ કડક પગલાં બાદ ૨૦૨૪ની સરખામણીમાં ગેરકાયદેસર રીતે સરહદ પાર કરનારા લોકોમાં ૯૭% ઘટાડો આવ્યો છે. તેમજ શરણાર્થી સ્ટેટસની અરજીઓમાં ૭૧% ઘટાડો નોંધાયો છે અને વિઝા છેતરપિંડીના કારણે નકારી કાઢવામાં આવેલી અરજીઓમાં ૨૫% વધારો નોંધાયો છે.

# ભંડોળની અછત છતાં 121મા વર્ષે ટોરોન્ટોમાં સાન્તાક્લોઝ પરેડ થશે

## વાર્ષિક કાર્યક્રમના આયોજન માટે જનતા પાસેથી 250,000ની જરૂર

**ટોરોન્ટો**

ચાલુ મહિનાના અંતમાં ટોરોન્ટોના મધ્ય ભાગમાં સાન્તાક્લોઝ પરેડ યોજાવાની છે, જોકે ભંડોળની અછતને કારણે તે તેના 121મા વર્ષે પરત ફરશે કે નહીં તે સ્પષ્ટ નહોતું.

મંગળવારે ટોરોન્ટોમાં એક પૂર્વાવલોકનમાં ઓરિજિનલ સાન્તાક્લોઝ પરેડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અધ્યક્ષ ડેવિડ મેકકાર્થીએ જણાવ્યું હતું કે, ફ્રી પરેડ નાણાકીય રીતે સારી સ્થિતિમાં છે, જોકે હજી સુધી મુશ્કેલ નથી. ગયા વર્ષે પરેડના આયોજકોએ મીડિયા પ્રીવ્યૂમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ખર્ચમાં વધારો અને કોર્પોરેટ પ્રાયોજકોમાં ઘટાડો થવાને કારણે 2025માં વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરવા માટે તેમને જાહેર જનતા પાસેથી 250,000ની જરૂર છે. મેકકાર્થીએ જાહેર પ્રતિભાવને ઉત્તમ, તદ્દન જાદુઈ ગણાવ્યો હતો. પૂર્વાવલોકનમાં તેમણે સમજાવ્યું કે, પરેડ સહિત દરેક માટે ખર્ચ વધી રહ્યો છે, અને સરકારના ત્રણેય સ્તરોમાંથી ભંડોળ પરેડની જરૂરિયાતોના લગભગ 20 ટકા જેટલું જ છે. અમારું કુલ બજેટ 2,000,000થી વધુ છે, જે મુખ્યત્વે અમારા પ્રાયોજકો દ્વારા સમર્થિત છે. ચાર્ટર્સે કહ્યું કે, સાન્તાક્લોઝ પરેડનો જાદુ એ છે જે તેને સમયની કસોટીનો સામનો કરવા માટે સક્ષમ બનાવ્યો છે. આ વર્ષની પરેડમાં 27 ફ્લોટ્સ, માર્ચિંગ બેન્ડ્સ અને કુખ્યાત સેલિબ્રિટી જોકરોનો સમાવેશ થશે.

**પરેડમાં 27 ફ્લોટ્સ, માર્ચિંગ બેન્ડ્સ અને સેલિબ્રિટી જોકરોનો સમાવેશ થશે**

જેસન ડોનોવન પરેડ માટે ફ્લોટ્સ બનાવવામાં મદદ કરનારા 2,000થી વધુ ઝનુનમાંથી એક છે. તેમણે કહ્યું કે તે પ્રાયોજકો અને કારીગરો વચ્ચેનો સહયોગ છે જે 2024 પરેડના થોડા દિવસ પછી જ શરૂ થયો હતો. આ ફ્લોટ્સમાં, અલબત્ત, સાન્તાક્લોઝ અને શ્રીમતી ક્લોઝ ફ્લોટ્સ હશે. તેઓએ પણ પરેડ પહેલા ટોરોન્ટોની મુલાકાત લેવા માટે તેમના વ્યસ્ત સમયપત્રકમાંથી સમય કાઢશે. આ વર્ષની સાન્તાક્લોઝ પરેડ 23 નવેમ્બરના રોજ યોજાશે. તે ક્રિસ્ટી પિટ્સ પાર્ક ખાતે બપોરે 12:30 વાગ્યે શરૂ થશે અને તેના સામાન્ય રૂટને અનુસરીને સેન્ટ લોરેન્સ માર્કેટ ખાતે સમાપ્ત થશે.

# ખેતીને ૫,૦૦૦ કરોડથી વધુનું નુકસાન; કેન્દ્ર પાસે સહાયની માંગ

**ગાંધીનગર**

ગુજરાતમાં ઓક્ટોબર મહિનાના અંતિમ સપ્તાહમાં રાજ્યના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો, જેના કારણે ખેતીપાકોને વ્યાપક નુકસાન થયું છે. ખેતી પાકોને થયેલા નુકસાનને કારણે ખેડૂતોએ આપઘાત કરી લીધા હોવાના પણ દુખદ બનાવો બન્યા છે. ત્યારે રાજ્ય સરકારના ચાલી રહેલા આકારણી મુજબ, કૃષિ પાકને રૂપિયા ૫,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હોવાનો પ્રારંભિક અંદાજ મૂકવામાં આવ્યો છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં



લઈને રાજ્ય સરકારે અસરગ્રસ્ત ખેડૂતોને વળતર આપવા માટે કેન્દ્ર સરકારને વિશેષ સહાય પેકેજની વિનંતી કરતો પત્ર લખ્યો છે. પ્રાથમિક સત્તાવાર આંકડાઓ અનુસાર, રાજ્યના ૨૪૯ તાલુકાના ઓછામાં ઓછા ૧૬,૦૦૦ ગામોમાં ૧૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં પાકને નુકસાન થયું છે.

મુખ્ય પ્રધાને મંગળવારે ગાંધીનગરમાં આ મામલે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી, જેમાં પ્રધાનો ઉપરાંત મુખ્ય સચિવ મનોજ દાસ, મહેસૂલ, કૃષિ, નાણાં વિભાગના અધિકારીઓ અને મુખ્ય પ્રધાન કાર્યાલયના અધિકારીઓ હાજર રહ્યા હતા. વિવિધ જિલ્લાઓના સર્વેના આંકડા દર્શાવે છે કે નુકસાન મોટા પાયે થયું છે. સુરત જિલ્લામાં કૃષિ વિભાગે ૫૯૬ ગામોમાં ૩૯,૬૫૨ હેક્ટર ખેતીની જમીનનો સર્વે કર્યો છે.

## રાજ્ય સરકારની જાહેરાત: ખેડૂત દીઠ 125 મણ પાકની ટેકાના ભાવે કરાશે ખરીદી, કૃષિ મંત્રીએ આપી માહિતી

રાજ્યમાં કમોસમી વરસાદના લીધે 42 લાખ હેક્ટર માં 16,000 જેટલા ગામોમાં આ વરસાદથી નુકસાન થયું છે. ત્યારે મગફળીના પાકને ધ્યાને લઈ સરકાર 9મી નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી કરશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ મગફળી, અડદ, મગ અને સોયાબીનની ખરીદી માટે સાર્વજનિક રીતે ટેકાના ભાવની ખરીદીની જાહેરાત કરી હતી. SMSથી જાણકારી આપવામાં આવશે અને તે પ્રમાણે ખેડૂતો તેમનો જથ્થો પહોંચાડશે. કેન્દ્ર સરકારે ટેકાના ભાવના વધારામાં જાહેરાત કરી છે ત્યારે નિયમ પ્રમાણે ખરીદ કેન્દ્રો દ્વારા ખરીદી થશે અને જરૂર પ્રમાણે સબ સેન્ટર પણ ખોલવામાં આવશે. 125 મણ ખેડૂતની ખરીદી કરવાની સૂચના રાજ્યની સરકારે આપી છે.

# ગોતામાં સાયબર ગઠિયાએ નફો કમાવાની લાલચ આપી 48 લાખ રૂપિયા પડાવી લીધા

## ક્વોર્ટસ એકાઉન્ટમાં નફા સ્વરૂપે દર્શાવ્યા યુવક નાણા ઉપાડવા જતા છેતરાયાની જાણ થઇ

**અમદાવાદ**

સાયબર ગઠિયાએ ગોતાના યુવકને નફો કમાવાની લાલચ આપી હતી અને ટિપ્સ આપીને ક્વોટ્સ એકાઉન્ટ બનાવડાવીને તેમાં રૂપિયા નફા સ્વરૂપે દર્શાવવમાં આવતા હતા જે જોવા મળતા હતા. યુવકે ૬૭.૯૩ લાખનું લાખનું રોકાણ કર્યા બાદ રૂપિયા પરત લેવા જતાં રૂા. ૧૯.૧૧ લાખ આપીને રૂા. ૪૮.૮૧ લાખની ઠગાઇ કરી હતી.

ગોતામાં યુવકે સાયબર ક્રાઇમ




પોલીસ સ્ટેશનમાં અજાણી મહિલા જાનવી શર્મા સામે ફરિયાદ નોંધાવી છે કે યુવકે દસ મહિના પહેલા ઈન્સ્ટ્રાગ્રામ ઉપર જાહેરાત દેખી હતી જેમાં રૂપિયાનું રોકાણ કરવાથી નફો કમાવાની લાલચ આપી હતી અને અલગ અલગ વિડિયો બનાવીને ક્વોર્ટસ પ્લેટફોર્મ ઈન્વેસ્ટ કરવાની ટીપ્સ આપી હતી.

જેને લઇને યુવકે સમયાંતરે ટુકડે ટુકડે યુવકે ૬૭.૯૩ લાખનું લાખનું રોકાણ કર્યું હતું. જો કે રાકાણ કરેલા નાણા ક્વોર્ટસ એકાઉન્ડમાં નફા સ્વરૂપે દર્શાવવામાં આવતા હતા જે જોઇ શકાતા હતા. સાત મહિના પછી યુવક રૂપિયા પરત લેવા જતાં રૂા. ૧૯.૧૧ લાખ આપીને રૂા. ૪૮.૮૧ લાખની ઠગાઇ કરી હતી.

# અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની દૈનિક મુવમેન્ટ ૩૬ હજારને આંબી

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પર ૨૦૨૫ના વર્ષમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. એરપોર્ટ પર મુસાફરોનો ઘસારો સતત વધી રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં એરપોર્ટ પર મુસાફરોનો ટ્રાફિક ૧૦૧૩૩ની દૈનિક મુવમેન્ટથી વધીને ૩૬૫૦૦થી વધુ નોંધાયો છે. આ ઉપરાંત એર ક્રાફ્ટ ટ્રાફિક મુવમેન્ટમાં ૧૧૭થી ૨૮૪ પ્રતિ દિવસનો વધારો થયો છે.

અમદાવાદ એરપોર્ટનું ટર્મિનલ-૧, ટ્રિપલ સીટીંગ ક્ષમતા, વધારાના બોર્ડિંગ ગેટ, ૩૬ ચેક-ઈન કાઉન્ટર અને નવા ડિજી યાત્રા-સક્ષમ ઇ-ગેટ્સ સાથે ૩૯,૦૦૦ ચોરસ મીટર સુધી વિસ્તર્યું છે. ટર્મિનલ ૨, હવે એક સંકલિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય હબ છે, જે ૧૨ બોર્ડિંગ ગેટ, વિસ્તૃત ઇમિગ્રેશન અને સુરક્ષા ક્ષેત્રો અને સમર્પિત પ્રાર્થના, બાળ સંભાળ અને ટ્રાન્સફર સુવિધાઓ સાથે ૪૯,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. વિશિષ્ટ ચાર્ટર ફ્લાઇટ કામગીરી માટે ૪૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલું એક નવું જનરલ એવિએશન ટર્મિનલ રજૂ કરવામાં આવ્યું છે. વાર્ષિક ૨૦૦,૦૦૦ મેટ્રિક ટન સુધીના માલનું સંચાલન કરવા માટે એક અત્યાધુનિક ઇન્ટિગ્રેટેડ કાર્ગો ટર્મિનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

# નકલી દસ્તાવેજ આધારે વિઝા મેળવી ઓસ્ટ્રેલિયા પહોંચેલો યુવક ડિપોર્ટ થયો

**અમદાવાદ**

વિદેશ જઇ કમાણી કરવાની ઘેલછા નિકોલના યુવકને ભારે પડી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં યુવકે યુનિવર્સિટીના સ્થાપનાના બે વર્ષ પહેલાના નકલી શૈક્ષણિક દસ્તાવેજો રજૂ કરીને વિઝા મેળવ્યા હતા જેના આધારે ઓસ્ટ્રેલિયામાં દોઢ વર્ષ રોકાયો હતો જો કે ફરીથી ત્યાં જતા ઈમિગ્રેશન વખતે પકડાઇ જતાં તેને ડિપોર્ટ કરાયો હતો.

નિકોલના યુવકે યુનિવર્સિટીની સ્થાપનાના બે વર્ષ પહેલાની માર્કશીટ અને સર્ટીફિકેટ બનાવ્યા હતા નિકોલમાં ડી માર્ટ સામે અક્ષરધામ રેસિડેન્સી પાસે રહેતા યુવક સામે નિકોલ પોલીસે ગુનો નોંધ્યો છે કે યુવકે ખેરવા ખાતે આવેલી ગણપત યુનિવર્સિટીની ૨૦૦૩માં કમ્પ્યુટર સાયન્સના અભ્યાસની નકલી માર્કશીટ તથા પ્રમાણપત્ર બનાવ્યા હતા અને તેના આધારે ઓસ્ટ્રેલિયા દેશના વિઝા મેળવ્યા હતા. આ વિઝા ઉપર તા.૨૮ માર્ચ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા દેશમાં પ્રવેશ મેળવીને દોઢ વર્ષ સુધી ત્યાં રોકાયો હતો. તાજેતરમાં ફરીથી બીજી વખત પ્રવેશ મેળવતા ઓસ્ટ્રેલિયા એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન વખતે પકડાઇ ગયો હતો.

# અમદાવાદમાં પત્ની પર છરી વડે હુમલો, મહિલા ગંભીર, ગણતરીના કલાકોમાં આરોપી પતિ ઝબ્બે

**અમદાવાદ**

અમદાવાદના નિકોલ વિસ્તારમાં ખોડિયારનગર પાસે આવેલી દૂધ સાગર ડેરી નજીક સોમવારે મોડી રાત્રે ચોંકાવનારી ઘટના બની હતી. પતિએ તેની 27 વર્ષીય પત્ની પર જાહેરમાં છરી વડે હુમલો કર્યો હતો,

આરોપીની ઓળખ મયંક પટેલ તરીકે થઈ છે. મયંકે દૂધ સાગર ડેરી પાસે એક દુકાનની બહાર તેની પત્ની પર હુમલો કર્યો હતો. તેણે પત્નીના ગળા અને હાથ પર છરીના અનેક ઘા માર્યા હતા અને ત્યારબાદ તે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. ઘાયલ મહિલાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ દંપતીએ આશરે દોઢ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા અને સાથે રહેતા હતા. જોકે, સાસરિયા પક્ષના કથિત ત્રાસને કારણે મહિલા છેલ્લા ચાર મહિનાથી તેના પિયરમાં રહેવા ચાલી ગઈ હતી. આ સમગ્ર ઘટના મુદ્દે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે ચંદ્રિકાબેન કોઈ કામથી બજારમાં ગયા હતા અને કામ પતાવીને પોતાના પિતાના ઘરે જતા હતા. તે દરમિયાન નિકોલ ખોડિયારનગર, ઉમિયાનગરના નાકે પહોંચતા તેમના પતિ આરોપી મયંક પટેલે 'તારા લીધે મારા ભાઈ મરી ગયો છે એમ કહી મહિલા સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન ચંદ્રીકાબેનનું મોઢું પકડીને જમીન પર પાડી દીધા હતા અને ત્યારબાદ ધારદાર ચાકુ વડે ગળાના ભાગે અને શરીરના ભાગે ઇજા પહોંચાડી હતી.

# 3 વર્ષમાં અટલ બ્રિજની 78 લાખ પ્રવાસીઓ દ્વારા મુલાકાત લેવાઈ, 27 કરોડની આવક

**અમદાવાદ**

ભારતના પહેલા હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઇકોનિક અટલબ્રિજ અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SRFDCL) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, 31મી ઑગસ્ટ, 2022થી ઑક્ટોબર 2025 સુધીના સમયમાં કુલ 77,71,269 લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને 27.70 કરોડ રૂપિયાથી વધુની આવક પણ થઈ છે, જે અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે.

અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે, જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વૉક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે.

# રિશ્તો મેં દરાર... : ગુજરાતમાં ફેમિલી કોર્ટ કેસનો આંકડો એક વર્ષમાં 62000

## શહેરની ફેમિલી કોર્ટમાં અરજી કરનારા 50થી 65 ટકા અરજદાર પતિ

**અમદાવાદ**

ગુજરાતની ફેમિલી કોર્ટમાં નોંધાતા કેસમાં એક વર્ષમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ 2023માં 27194 સામે વર્ષ 2024માં 62146 જેટલા કેસ ફેમિલી કોર્ટમાં નોંધાયા હતા. એક વર્ષમાં ફેમિલી કોર્ટમાં સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથા સ્થાને છે. વર્ષ 2024માં ગુજરાતની ફેમિલી કોર્ટમાં 62146 કેસ નોંધાયા હતા. જેના ઉપરથી કહી શકાય કે, દરરોજ સરેરાશ 170 જેટલા કેસ ફેમિલી કોર્ટમાં નોંધાય છે. વર્ષ 2024ના અંતે ગુજરાતની ફેમિલી કોર્ટમાં 51999 કેસ પેન્ડિંગ હતા.

વર્ષ 2024 સમગ્ર દેશની વાત કરવામાં આવે તો સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં ઉત્તર પ્રદેશ 1.88 લાખ સાથે મોખરે, પંજાબ 55547 સાથે બીજા, કેરળ 45628 સાથે ત્રીજા, ગુજરાત ચોથા સ્થાને છે. અન્ય મોટા રાજ્યમાંથી મહારાષ્ટ્રમાં 30236, મધ્ય પ્રદેશમાં 32874, રાજસ્થાનમાં 34174 કેસ નોંધાઈ ચૂક્યા છે. ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ 3.98 લાખ, કેરળમાં 1.09 લાખ, પંજાબમાં 77604 જેટલા પેન્ડિંગ કેસ છે. છેલ્લા પાંચથી દસ વર્ષમાં આવતાં કેસમાં 30થી 40 ટકા કેસ 40થી 50 વર્ષની વયજૂથના લોકોના છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષિત વર્ગમાં છૂટાછેડાના પ્રમાણમાં વધારો થયો છે. શહેરની ફેમિલી કોર્ટ પડતર છૂટાછેડાના કેસમાં અરજી કરનારા 50થી 65 ટકા પતિ છે.

# શબરીમાલા મંદિર ગોલ્ડ સ્કેમ મામલે તપાસ તેજ, હાઈકોર્ટે કહ્યું, તમામને કડક સજા મળશે

**બેંગ્લોર**

કેરળ હાઈકોર્ટે સબરીમલા મંદિરમાં સોનાનું પડ ચઢાવવા અંગે મોટી ગડબડી થયુ હોવાનું સામે આવ્યુ હતુ. કોર્ટે SITને વૈજ્ઞાનિક તપાસ કરવા માટે પરવાનગી આપી છે. જેના કારણે કેટલા પ્રમાણમાં સોનું ગાયબ થયુ છે તે જાણી શકાય. SIT હવે વિવિધ સ્થળોએથી સોનાંના સેમ્પલ એકત્ર કરીને તપાસ કરશે. આ મામલે હવે ભૂતપૂર્વ દેવસ્વમ અધ્યક્ષ એન.વાસુ સાથે પણ પૂછપરછ કરવામાં આવશે.

ઉન્નીકૃષ્ણન પોટ્ટી પર ગંભીર આરોપ કોર્ટે એ પણ પરવાનગી આપી



હતી કે, નવા લગાવવામાં આવેલા શ્રીકોવિલના દરવાજાની પણ તપાસ કરવામાં આવે. કારણ કે એ વાતની શંકા સેવાઈ રહી છે કે, આ દરવાજા બદલવાની પ્રક્રિયા દરમિયાન પણ મોટા પ્રમાણમાં કૌભાંડ થયુ હોઈ શકે છે. આ આદેશ ત્યારે આપવામાં આવ્યો જ્યારે SITએ હાઈકોર્ટમાં પોતાની રિપોર્ટ રજૂ કરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યુ હતુ કે, ઠેકેદાર ઉન્નીકૃષ્ણન પોટ્ટી પર ગંભીર આરોપ છે કે જેઓએ ત્રાવણકોર દેવસ્વમ બોર્ડના અધિકારીઓને વધુ પડતી છૂટ આપી છે. હાઈકોર્ટે SITને પણ તપાસ કરવા માટે કહ્યુ છે કે, શું TDBના અધિકારીઓને ભ્રષ્ટાચાર નાબૂદ કાયદા હેઠળ સામેલ કરવામાં આવી શકે છે. જેના કારણે તપાસ વધુ તેજ બનશે.

### તિલક ભવન ખાતે વરિષ્ઠ નેતાઓની બેઠક

# મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન નહીં કરીએ : કોંગ્રેસ

**મુંબઈ**

મહારાષ્ટ્ર કોંગ્રેસે બિહાર વિધાનસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે એક મોટો રાજકીય નિર્ણય લીધો છે. તિલક ભવન ખાતે પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સાપકાલની અધ્યક્ષતામાં વરિષ્ઠ નેતાઓની બેઠક યોજાઈ હતી, જેમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS) સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી એવા દળો સાથે ગઠબંધન કરવા માટે તૈયાર છે જે I.N.D.I.A. ગઠબંધનનો ભાગ છે, પરંતુ એમએનએસ સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન કરશે નહીં. આ નિર્ણયની જાણકારી ટૂંક સમયમાં જ દિલ્હી હાઈકમાન્ડને આપવામાં આવશે. કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે, એમએનએસ જેવી પાર્ટી ખુલ્લેઆમ ઉત્તર ભારતીયો અને લઘુમતીઓ વિરુદ્ધ વલણ ધરાવે છે, તેની તેવી પાર્ટીઓ સાથે ગઠબંધન કરવું પાર્ટી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ખાસ કરીને બિહારમાં ચૂંટણી માહોલને ધ્યાનમાં રાખીને આ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે.

# જયપુરમાં ફરી ડમ્પરનો કહેર, યુવકને કચડી 100 મીટર ઢસડ્યો, શરીરના ત્રણ ટુકડાં થયા

### ઘટનાને અંજામ આપનાર ડ્રાઇવરની ધરપકડ, ડમ્પર જપ્ત કરાયું

**જયપુર**

બુધવારે જયપુર-ભીલવાડા મેગા હાઈવે પર ફરી એકવાર એવું જ હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યું, જ્યારે રેતી ભરેલા એક બેફામ ડમ્પરે રસ્તો ક્રોસ કરી રહેલા એક યુવકને કચડી નાખ્યો. અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પર યુવકને 100 મીટર સુધી ઘસડી ગયું, જેના કારણે મૃતકના શરીરના ત્રણ ટુકડા થઈ ગયા.

આ ઘટના ફાગી કોર્ટની સામે બની હતી. અહીં લદાણા ગામનો રહેવાસી ગણેશ માળી નામનો યુવક રસ્તો ઓળંગી રહ્યો હતો, ત્યારે મોત બનીને આવેલા ડમ્પરે તેને પોતાની અડફેટમાં લઈ લીધો. ડમ્પરની નીચે આવી જતાં યુવકનું શરીર ખરાબ રીતે છૂંદાઈ ગયું હતું. લોકો મદદ માટે દોડ્યા, પરંતુ ત્યાં સુધીમાં ગણેશનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. સ્થાનિક લોકોએ ડમ્પરને રોકીને ડ્રાઈવરને પકડી લીધો, જે ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ફાગી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને હોસ્પિટલ મોકલ્યો અને આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી ડમ્પર જપ્ત કરી લીધું હતું.



# મુંબઈના રેલવે સ્ટેશન ઉપર મોટી દુર્ઘટના, ટ્રેન નીચે આવી જતાં ત્રણ મુસાફરોના મોત

### કર્મચારીઓની હડતાળના કારણે હજારો મુસાફરો ટર્મિનલ પર ફસાયા

**મુંબઈ**

મુંબઈના મુખ્ય રેલવે સ્ટેશન છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે ગુરુવારે સાંજે (6 નવેમ્બર) રેલવે કર્મચારીઓની હડતાળના કારણે લોકલ ટ્રેન સેવાઓ ખોરવાતાં એક દર્દનાક અકસ્માત થયો હતો. સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર ચાલી રહેલા મુસાફરોને એક તેજ ગતિવાળી ટ્રેને ટક્કર મારતાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

ગુરુવારે સાંજે 5.50 વાગ્યાથી 6.45 વાગ્યાની વચ્ચે બની હતી. આજે રેલવે કર્મચારીઓએ ટર્મિનસ પર કામ બંધ કરીને હડતાળ કરી હતી. આ વિરોધ પ્રદર્શન મુમ્બ્રા અકસ્માતના સંબંધમાં બે એન્જિનિયરો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી FIRના વિરોધમાં કરવામાં આવ્યો હતો. લગભગ એક કલાક સુધી ટ્રેન સેવાઓ સ્થગિત રહેતા હજારો મુસાફરો ટર્મિનસ સ્ટેશન પર ફસાયા હતા. ટ્રેન સેવાઓ ઠપ થતાં અને સ્ટેશન પર ભારે ભીડ જમા થવાના કારણે કેટલાક મુસાફરો ટ્રેકના કિનારે અને ટ્રેક પર ચાલીને આગળ વધી રહ્યા હતા. આ દરમિયાન અંબરનાથ ફાસ્ટ લોકલ ટ્રેન તેજ ગતિએ ટ્રેક પર ચાલી રહેલા ચાર મુસાફરોને અથડાઈ હતી. જેમાં ચાર મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

# યુપીમાં રેલવે ટ્રેક ઓળંગતા શ્રદ્ધાળુઓ એક્સપ્રેસ ટ્રેન નીચે કચડાઈ ગયા, ચાર લોકોના કરૂણ મોત

### તંત્રની મુસાફરોને પોતાની સુરક્ષા માટે પ્લેટફોર્મ અને ઓવરબ્રિજ ઉપયોગ કરવા અપીલ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના મિરઝાપુરમાં ચુનાર રેલવે સ્ટેશને એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. કાર્તિક પૂર્ણિમાના અવસરે ગંગા સ્નાન માટે જતા શ્રદ્ધાળુઓ કાલકા હાવડા એક્સપ્રેસ ટ્રેન નીચે કચડાઈ ગયા હતા. અત્યાર સુધી 4 લોકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. માહિતી અનુસાર આ શ્રદ્ધાળુઓ ખોટી રીતે પાટા ઓળંગી રહ્યા હતા જેના કારણે ટ્રેનની લપેટમાં આવી ગયા હતા. તમામ શ્રદ્ધાળુઓ ચોપન-પ્રયાગરાજ પેસેન્જર ટ્રેનમાંથી પ્લેટ ફોર્મ નંબર 4 પર ઉતર્યા હતા. સ્ટેશન પર ઉતાવળમાં આ લોકો રેલવે ટ્રેક ઓળંગવા લાગ્યા ત્યારે વિપરિત દિશામાંથી આવતી એક્સપ્રેસ ટ્રેન (કાલકા મેલ) ની લપેટમાં આવી ગયા હતા. ખોટી રીતે ટ્રેક ઓળંગતી વખતે આ





દુર્ઘટના સર્જાઈ હતી. મોટાભાગના શ્રદ્ધાળુઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી જતા અફરા તફરી મચી ગઈ હતી. ઘટના સ્થળે હાજર રેલવેના અધિકારીઓ અને પોલીસે રાહત કામગીરી શરૂ કરી હતી. તંત્રએ મુસાફરોએ અપીલ કરી છે કે તે પોતાની સુરક્ષા માટે પ્લેટફોર્મ અને ઓવરબ્રિજનો જ ઉપયોગ કરે.

# એર ઈન્ડિયાનું સર્વર ઠપ, પ્રવાસીઓ રઝળી પડ્યાં, એરપોર્ટ પર કતારો લાગી

**નવી દિલ્હી**

એર ઈન્ડિયાનું સર્વર દેશભરમાં ડાઉન થતાં હજારો પ્રવાસીઓએ ભારે હાલાકીનો સામનો કરવાનો આવ્યો છે. આખા દેશમાં કેટલાય એરપોર્ટ પર એર ઈન્ડિયાનું સર્વર ડાઉન થઈ ગયું. સર્વર ડાઉન થવાના કારણે દિલ્હીના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લાંબી-લાંબી લાઇનો જોવા મળી હતી.

દિલ્હી એરપોર્ટ સાથે જોડાયેલા અધિકારીએ એ વાતને સમર્થન આપ્યું હતું કે દેશના બધા એરપોર્ટ પર એર ઈન્ડિયાનું સર્વર ડાઉન થયાના સમાચાર મળ્યાં છે. આ સમસ્યાનો ટૂંક સમયમાં નીવેડો આવશે એમ તેમણે જણાવ્યું હતું. કેટલાક પ્રવાસીઓએ દાવો કર્યો હતો કે એર ઈન્ડિયાના સર્વરમાં ગઈકાલથી તકલીફ આવી રહી હતી.

સર્વરમાં તકલીફના કારણે વિમાન ઉપડવામાં મોડું થતાં ઘણા પ્રવાસીઓની કનેક્ટિંગ ફ્લાઈટ છૂટી ગઈ હતી .તેના કારણે તેઓ હેરાનપરેશાન થઈ ગયા હતા. તેઓએ ફ્લાઈટ ફરીથી બૂક કરાવવી પડી હતી. આમ સર્વર ડાઉન થવાના કારણે તેનું કામકાજ મેન્યુઅલી કરવું પડી રહ્યુ છે. તેના કારણે ઘણી વાર લાગી રહી છે. ચેક ઈનથી લઈને બોર્ડિંગ પાસ સુધીની આખી પ્રક્રિયા જાણે ધીમી પડી ગઈ છે.

# મહાદેવ એપ કેસ: આરોપી ઉપ્પલ UAEથી ગાયબ, પ્રત્યાર્પણ માંગ્યું છતાં ભારતને જાણ સુદ્ધા નહીં

**નવી દિલ્હી**

મહાદેવ એપ મની લોન્ડરિંગ કેસની તપાસ કરતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને મોટો ઝટકો લાગ્યો છે. રૂ. 6,000 કરોડના આ કેસના મુખ્ય આરોપી રવિ ઉપ્પલને દુબઈમાં અટકાયતમાં રખાયો હતો, પરંતુ ત્યાંથી તે ગાયબ થઈ ગયો છે. આ અંગે ભારતે પ્રત્યાર્પણની અરજી કરી હોવા છતાં તેને મુક્ત કરી દેવાયો છે. બીજી તરફ, યુએઈ સરકારનું કહેવું છે કે અમને ભારત સરકાર તરફથી પ્રત્યાર્પણની કોઈ અરજી મળી નથી. જો કે, ભારત સરકારનું કહેવું છે કે, આ અરજીના તેમના પાસે તમામ દસ્તાવેજો છે. ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ પછી ડિસેમ્બર 2023માં રવિ ઉપ્પલની દુબઈમાં ધરપકડ કરાઈ હતી.

# રાહુલનો આરોપ : હરિયાણામાં 25 લાખ નકલી મત

### એક એડ્રેસ પર અનેક મતદારો નોંધાયા: વિદેશી યુવતીના ફોટો આઇડીથી 22 વખત મતદાન

**નવી દિલ્હી**

રાહુલ ગાંધીએ બુધવારે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન હરિયાણા વિધાનસભા ચૂંટણી 2024માં ભાજપ 'વોટ ચોરી'કરીને જીતી હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટણીમાં એક બ્રાઝિલિયન મોડેલે 22 વાર મતદાન કર્યું હતું. પ્રેઝન્ટેશન રજુ કરીને રાહુલ ગાંધીએ કહ્યું કે, તેમની પસે 100 ટકા પાક્કા પુરાવા છે, વિધાનસભા ચૂંટણી 2024માં 25 લાખ નકલી મતો પડ્યા હતા, અથવા રાજ્યના કુલ મતદારો લગભગ 12.25 ટકા છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસની જીતને હારમાં ફેરવવા માટે આયોજનબદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું હતું. હરિયાણા વિધાનસભા ચૂંટણી 2024માં ભાજપને 48 બેઠકો મળી હતી. જ્યારે, કોંગ્રેસને 37 બેઠકો મળી હતી.

### દર આઠ મતદારોમાંથી એક નકલી!

રાહુલ ગાંધીએ કહ્યું, "હરિયાણામાં 2 કરોડ મતદારો છે, અને તેમાંથી 25 લાખ નકલી છે, આમારી ટીમે 5.21 લાખ ડુપ્લિકેટ મતદાતાઓની એન્ટ્રીઓ શોધી કાઢી છે, આમ હરિયાણામાં દર આઠ મતદારોમાંથી એક નકલી છે." રાહુલ ગાંધીએ વધુ એક ઉદાહરણ આપતા કહ્યું કે બે મતદાન મથકોની મતદાર યાદીમાં એક મહિલાનું નામ 223 વખત આપેલું છે; મતલબ તે ગમે તેટલી વાર આવીને મતદાન કરી શકે છે. ગાંધીએ દાવો કર્યો કે "પલવલ જિલ્લા પરિષદના ઉપાધ્યક્ષના હાઉસ નંબર 150 માં રહેતા એક ભાજપ નેતાના સરનામે 66 મતદારો નોંધાયેલા છે. અન્ય એક વ્યક્તિના ઘરે 500 મતદારો નોંધાયેલા છે.

**એજન્ટને કેમ કોઈ જાણ ના થઈ? પંચ :** આરોપ લાગ્યાં તે મામલે જવાબ આપતા પંચે કહ્યું કે, ચૂંટણી વખતે કોંગ્રેસના મતદાન એજન્ટ મતદાન કેન્દ્ર પર શું કરી રહ્યાં હતા? જો મતદાતા પહેલા મતદાન કરી ચૂક્યો હોય, અથવા તો પોલિંગ એજન્ટને મતદાતા પર શંકા હોય તો પછી તેણે વિરોધ શા માટે ના કર્યો? રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો તેમ કોઈ એક બે વખત નહીં પરંતુ 22 વખત મતદાન કરી જાય તો પછી કોંગ્રેસના પોલિંગ એજન્ટને કેમ કોઈ જાણ ના થઈ?

# છત્તીસગઢમાં માલગાડી-પેસેન્જર ટ્રેન વચ્ચે ટક્કર 8 મોત, અનેક ઈજાગ્રસ્ત; અનેકનું લોકોનું રેસ્ક્યૂ

**બિલાસપુર**

છત્તીસગઢમાં બિલાસપુરમાં મંગળવારે(4 નવેમ્બર) માલગાડી અને પેસેન્જર ટ્રેન વચ્ચે ભીષણ અકસ્માતના કારણે ગંભીર અકસ્માત સર્જાયો. જેમાં 8 મુસાફરોના મૃત્યુ થયા છે જ્યારે 10થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. ટક્કર એટલી ભયાનક હતી કે પેસેન્જર ટ્રેનનો એક કોચ માલગાડીની ઉપર ચડી ગયો. અકસ્માત બિલાસપુર સ્ટેશનની પાસે જ સાંજે 4 વાગ્યે સર્જાયો હતો.ટ્રેન અકસ્માતના સ્થળે NDRF, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે બચાવ કામગીરી હાથ ધરી છે.



ટક્કર બાદ ટ્રેનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ગેસ કટર મશીનની મદદથી ટ્રેનનો હિસ્સો કાપીને મુસાફરોને કાઢવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. રેલવેના સત્તાવાર નિવેદન અનુસાર ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આટલું જ નહીં દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા.

અકસ્માતનું કારણ તો ગહન તપાસ બાદ જ જાણી શકાશે. પરંતુ પ્રાથમિક જાણકારી અનુસાર પેસેન્જર ટ્રેને સિગ્નલ તોડ્યું હતું જેના કારણે પાટા પર ઊભેલી માલગાડી સાથે ટક્કર થઈ ગઈ. ટ્રેને સિગ્નલ કેમ તોડ્યું તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

# મકબરામાં મહિલાઓ પૂજા કરવા પહોંચી પોલીસ સાથે અથડામણ, 21 વિરુદ્ધ કેસ

## ભાજપ-RSS નેતાઓ પર પણ હુમલો કરવામાં આવ્યો

**ફતેહપુર**

ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં કાર્તિક પૂર્ણિમાના દિવસે વિવાદિત મકબરા-મંદિર સ્થળ પર પૂજા કરવા ગયેલી મહિલાઓને પોલીસે અટકાવી હતી. મહિલાઓ અને પોલીસ અધિકારીઓ વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી. મહિલાઓએ અભદ્ર વર્તન પણ કર્યું હતું અને પોલીસ સાથે ગાળો પણ બોલી હતી. પોલીસે આ મામલે 21 અજાણી મહિલાઓ સામે કેસ દાખલ કર્યો છે. આ સ્થળ ઘણાં સમયથી કોર્ટમાં વિચારણા હેઠળ છે. ભૂતકાળમાં આ અંગે હોબાળો થયો છે અને ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા સ્થાનિક નેતાઓ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, વિવાદિત મકબરા-મંદિર સ્થળ કોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં, કાર્તિક પૂર્ણિમાના શુભ પ્રસંગે, પપ્પુ સિંહ ચૌહાણની પત્નીના નેતૃત્વમાં આશરે 20 મહિલાઓ અને યુવતીઓ પૂજા સામગ્રી લઈને વિવાદિત સ્થળ તરફ આગળ વધવા લાગી. શાંતિ અને સુરક્ષા જાળવવા માટે તૈનાત પોલીસ અધિકારીઓએ તેમને આગળ વધતા અટકાવતાં દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું હતું.

# આઝમગઢમાં બેંકકર્મીએ પડોશી યુવકના ચહેરા પર પેશાબ કર્યો, વીડિયો વાઈરલ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના આઝમગઢમાંથી માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. શહેરના કોતવાલી વિસ્તારના રૈડોપુર વિસ્તારમાં એક બેન્કકર્મીએ તેના પાડોશીના ચહેરા પર પેશાબ કર્યો છે. આ ઘૃણાસ્પદ કાંડનો 11 સેકન્ડનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, યુવક નશાની હાલતમાં જમીન પર લાચારીથી પડેલો છે, જ્યારે આરોપી બેખોફ થઈને તેના ચહેરા પર પેશાબ કરી રહ્યો છે. પોલીસે વીડિયોને ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી કરીને બેંક કર્મચારીની ધરપકડ કરી લીધી છે. આરોપી સાહિલ કુમાર મઉ જિલ્લામાં એક બેન્કમાં કર્મચારી છે અને રૈડોપુરમાં LIC નંબર-2 ઓફિસની બિલ્ડિંગ પાછળ રહે છે. પીડિત તેનો પાડોશી અને નજીકનો મિત્ર હોવાની માહિતી મળી રહી છે. બંને નાશાના આદિ છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ વીડિયો લગભગ એક વર્ષ જૂનો છે પરંતુ તે હવે વાઈરલ થયો છે. કદાચ જૂની અદાવત અથવા નશાની મહેફિલમાં થયેલું આ કૃત્ય હવે સોશિયલ મીડિયાના કારણે જાહેર થઈ ગઈ છે.

# ભારતના ટોપ 10 દાનવીરોની યાદીમાં શિવ નાદર ટોચે, રોજ રૂપિયા 7 કરોડથી વધુનું કરે છે દાન

**નવી દિલ્હી**

દેશમાં ધનિકોની સંખ્યા વધી રહી છે, તેની સાથે કેટલાક ધનિકોમાં સમાજસેવા એટલે કે સમાજને પાછું આપવાની ભાવના પણ વધી રહી છે. એડલગિવ હુરુન ઈન્ડિયા 2025ની યાદી પ્રમાણે, ભારતમાં ટોચના દાનવીરોએ વર્ષ 2025માં કુલ રૂ. 10,380 કરોડનું દાન કર્યું છે, જેમાં પહેલીવાર 12 નવા ચહેરા પણ જોવા મળ્યા છે. આ યાદીમાં દેશના સૌથી મોટા દાનવીર એસીએલ ટૅક્નોલૉજીના સ્થાપક શિવ નાદર અને તેમનો પરિવાર છે. તેમણે 2025માં કુલ રૂ. 2708 કરોડનું દાન કર્યું હતું. આ દાનની રકમ પ્રતિ દિવસ રૂ. 7.4 કરોડ જેટલી થવા જાય છે. આ યાદીમાં દેશના સૌથી મોટા દાનવીર એસીએલ ટૅક્નોલૉજીના સ્થાપક શિવ નાદર અને તેમનો પરિવાર છે. તેમણે 2025માં કુલ રૂ. 2708 કરોડનું દાન કર્યું હતું. આ દાનની રકમ પ્રતિ દિવસ રૂ. 7.4 કરોડ જેટલી થવા જાય છે. નોંધનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં દાનની રકમમાં 85 ટકા વધી છે. જે ભારતમાં પરોપકારની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

**ટોપ 10 દાનવીરોની યાદી**

- શિવ નાદર એન્ડ ફેમિલી, દાનની રકમ: રૂ. 2708 કરોડ
- મુકેશ અંબાણી, દાનની રકમ: રૂ. 626 કરોડ
- બજાજ ફેમિલી, દાનની રકમ: રૂ. 446 કરોડ (27 ટકા વૃદ્ધિ)
- કુમાર મંગલમ બિરલા એન્ડ ફેમિલી (આદિત્ય બિરલા ગ્રૂપ), દાનની રકમ: રૂ. 440 કરોડ
- ગૌતમ અદાણી એન્ડ ફેમિલી, દાનની રકમ: રૂ. 386 કરોડ (17 ટકા વૃદ્ધિ)

# પ. બંગાળમાં SIRનો વિરોધ, મમતા બેનરજી, કાર્યકરો સહિત હજારો લોકો રસ્તા ઉપર ઉતર્યા

## મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા

**કોલકાતા**

ચૂંટણી પંચે બિહાર બાદ દેશના 12 રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે મતદાર યાદીમાં વિશેષ સુધારણા પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ત્યારે બંગાળમાં SIR મામલે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. તેના વિરોધમાં મુખ્યમંત્રી મમતા બેનરજી સહિત ટીએમસીના હજારો કાર્યકરોએ કોલકાતામાં પગપાળા માર્ચ યોજી હતી અને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.



મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરી કહ્યું કે, 'તમે આધાર કાર્ડ માટે કેટલી ચૂકવણી કરી? તમે (કેન્દ્રે) દરેક વ્યક્તિ પાસેથી 1000 રૂપિયા લીધા. જો તમે આધાર કાર્ડ બનાવવા માટે જનતા પાસેથી 1000 રૂપિયા લઈ રહ્યા છો, તો પછી તમે એવું શું કામ બોલો છો કે, મતદાર યાદી માટે આધાર કાર્ડ નહીં, રેશન કાર્ડ માટે આધાર કાર્ડ નહીં? તમે કોને છેતરી રહ્યા છો? તેથી સૌથી સારું એ છે કે પરિવર્તન લાવો અને દિલ્હી સરકારને દેશમાંથી હટાવી દો. આધારની કોઈ જરૂર નહીં પડે. તમે કેટલા કાર્ડ બનાવશો? રેશન કાર્ડ, સ્વાસ્થ્ય કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ પ્રમાણપત્ર, કિસાન કાર્ડ, શ્રમિક કાર્ડ.'

# નવેમ્બરમાં ક્રાંતિ નહીં, 2028માં સત્તામાં વાપસી સાથે થશે બદલાવ : શિવકુમાર

**બેંગ્લોર**

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે "નવેમ્બર ક્રાંતિ" અંગેની અટકળોને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે ક્રાંતિ નવેમ્બર કે ડિસેમ્બરમાં નહીં, પરંતુ 2028માં થશે, જ્યારે કોંગ્રેસ સત્તામાં પાછી આવશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શિવકુમારે કહ્યું કે, તેઓ પાર્ટીના 'શિસ્તબદ્ધ સૈનિક' છે અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે પાર્ટીના નિર્ણયોનું પાલન કરશે. તાજેતરમાં એવી અફવાઓ હતી કે કોંગ્રેસ સરકારના પાંચ વર્ષના કાર્યકાળ વચ્ચે મુખ્યમંત્રી બદલાઈ શકે છે, જેને કેટલાક 'નવેમ્બર ક્રાંતિ' કહી રહ્યા હતા. શિવકુમારે કહ્યું, 'હું કોઈને મળવાનો નથી, કે મંત્રીમંડળમાં ફેરબદલ અંગે કોઈ ચર્ચા થઈ નથી. તે મુખ્યમંત્રીનો અધિકાર છે. પક્ષ જે નિર્ણય લેશે તે થશે. જો પક્ષ કહે કે મુખ્યમંત્રી પાંચ વર્ષ માટે રહેશે, તો તે રહેશે; જો તે દસ વર્ષ માટે રહેશે, તો તે રહેશે; જો તે પંદર વર્ષ માટે રહેશે, તો તે રહેશે.' તેમણે મીડિયાની અટકળોને અફવાઓ ગણાવીને ફગાવી દીધી અને કહ્યું, 'નવેમ્બર, ડિસેમ્બર કે જાન્યુઆરીમાં કોઈ ક્રાંતિ નહીં થાય. વાસ્તવિક ક્રાંતિ 2028 માં થશે, જ્યારે કોંગ્રેસ સત્તામાં પાછી આવશે.

# સુપ્રીમ દ્વારા ઝટકો અપાયા બાદ મોદી સરકારનું નરમ વલણ, બંગાળમાં મનરેગા શરૂ કરશે

**પટના**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાને લઈને સુપ્રીમ કોર્ટમાં ઝટકો લાગ્યાના થોડા દિવસો બાદ જ, ગ્રામીણ વિકાસ મંત્રાલયે પશ્ચિમ બંગાળમાં આ યોજનાને ખાસ શરતો સાથે ફરીથી શરૂ કરવા પર વિચાર કરવાનો નિર્ણય લીધો છે. ત્રણ વર્ષથી વધુ સમયથી રાજ્યમાં બંધ પડેલી આ યોજનાને ફરી શરૂ કરવા માટે તૃણમૂલ કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર સતત કેન્દ્ર સરકારને વિનંતી કરી રહી હતી. આ યોજનાની ફરી શરૂઆત થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, મંત્રાલયે ગયા અઠવાડિયે PMOને માહિતી આપી હતી કે તે કેટલીક ખાસ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળમાં મનરેગા યોજનાને ફરી શરૂ કરવા પર વિચાર કરી શકે છે.

# હાથરસમાં બસ અને દૂધના ટેન્કર વચ્ચે ટક્કર : 3 લોકોના મોત, 17 લોકો ઘાયલ

**હાથરસ**

ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લામાં બુધવારે એક મોટો અકસ્માત સર્જાયો છે. સાસની સ્ટેશન વિસ્તારના ગામ સમામઈની પાસે રોડવેઝ બસ અને દૂધનું ટેન્કર આમને-સામને ટકરાયું છે. ટક્કર એટલી ભયાનક હતી કે બસની આગળનો ભાગ પુરી રીતે તુટી ગયો છે અને ઘણા મુસાફરો તેની અંદર ફસાયેલા છે.

અકસ્માતમાં 14 વર્ષના એક બાળક સહિત 3 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે 17 મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. દુર્ઘટના બાદ ઘટનાસ્થળ પર લોકોએ બુમાબુમ કરી અને ભારે નાસભાગ મચી ગઈ છે. સ્થાનિક લોકોએ તરત જ પોલીસને જાણ કરી અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું.

કેટલાક લોકો ટેન્કરની નીચે પણ ફસાયેલા જોવા મળ્યા, જેમને પોલીસ અને ગામના લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યા. તમામ ઘાયલોને સાસનીના CHC અને જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. ડોક્ટરે જણાવ્યું કે 8 મુસાફરોની હાલત ગંભીર છે અને તેમને વધુ સરવાર માટે આગ્રા રિફર કરવામાં આવ્યા છે.

# તમિલનાડુમાં શિવ મંદિર પાસે ખોદકામ દરમિયાન સોનાના પ્રાચીન સિક્કા મળી આવ્યા

**નવી દિલ્હી**

તમિલનાડુના તિરુવન્નામલાઈમાં જાવ્વદુ હિલ્સ નજીક સ્થિત એક શિવ મંદિરમાં નવીનીકરણ કાર્ય દરમિયાન 100થી વધુ પ્રાચીન સોનાના સિક્કા મળી આવ્યા હતા. મંદિરમાં બાંધકામ કાર્ય દરમિયાન, ભૂગર્ભમાંથી ખટખટાવવાનો અવાજ સંભળાયો અને જ્યારે માટી કાઢવામાં આવી ત્યારે સોનાના સિક્કા મળી આવ્યા હતા. 3 નવેમ્બરના રોજ કોવિલુરમાં શિવ મંદિરમાં મુખ્ય દેવતાના ગર્ભગૃહના નવીનીકરણ કાર્ય દરમિયાન માટીના ઘડામાંથી 100 પ્રાચીન સોનાના સિક્કા મળી આવ્યા હતા. પોલીસે વધુમાં કહ્યું કે મંદિર ઘણી સદીઓ જૂનું છે અને ચોલ સમ્રાટ રાજરાજા ચોલન ત્રીજાના સમયમાં બનાવવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે

# શાંતિ વાર્તા નિષ્ફળ જતાં પાક. ભડક્યું, અફઘાન પર ફરી કર્યો હુમલો, સરહદી વિસ્તારોમાં દહેશત

**કાબુલ**

અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદ પર શાંતિની આશા ફરી ધૂંધળી બની ગઈ છે. કાબુલમાં શાંતિ નિષ્ફળ જવાથી પાકિસ્તાને ફરી અફઘાનિસ્તાન પર ગુરુવારે હુમલો કરી દીધો હતો. જેથી આ વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. પાકિસ્તાની હુમલા પછી અફઘાનિસ્તાનની બોર્ડર પર લોકો ભાગતા જોવા મળ્યા હતા. ત્યાર બાદ કેટલીક જગ્યા પર ધુમાડો જોવા મળ્યો હતો.

શાંતિ વાર્તા નિષ્ફળ જતાં પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામ ભંગ કર્યો છે. પાકિસ્તાન સેનાએ કંદહાર પ્રાંતના સ્પિન બોલ્ડાક જિલ્લાના લુકમાન ગામમાં અફગાન તાલિબાનના સીમા રક્ષકો પર આડેધડ ગોળીબાર કર્યો હતો, ત્યાર બાદ મોર્ટાર હુમલા પણ કર્યા હતા. ટોલો ન્યૂઝ રિપોર્ટ પ્રમાણે પાકિસ્તાની પક્ષે આ વિસ્તારમાં એક નાગરિક ઘરને નીશાન બનાવ્યું હતું. જેથી સ્થાનીક લોકોમાં દહેશત ફેલાઈ છે. આ ઘટના ત્યારે બની જ્યારે બંને દેશો વચ્ચે હાલમાં જ યુદ્ધવિરામ અંગે કરવામાં આવેલા કરારને તોડી નાખ્યો છે. આ ઘટના ગુરુવારે સવારે 6 વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી અને સાંજ પડતાં તે વધુ તીવ્ર બની હતી. અફઘાન તાલિબાનના પ્રવક્તા જબરુલ્લાહ મુજાહિદે કહ્યું કે, પાકિસ્તાની સૈનિકોએ ઉશ્કેરણી વિના અફઘાન સરહદ રક્ષકો પર ગોળીબાર કર્યો હતો. મુજાહિદે કહ્યું, 'અમારી સેનાએ જવાબી કાર્યવાહી કરી, પરંતુ અમારી પહેલી પ્રાથમિકતા નાગરિકોની સુરક્ષા છે. ગોળીબારની શરૂઆત પછી પાકિસ્તાને મોર્ટાર છોડ્યા, જે લુકમાન ગામમાં એક ઘર પર પડ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ઘરને નોંધપાત્ર નુકસાન થયું હતું.

# ગાઝામાં 20,000 સૈનિકો મોકલવા પાક.ને અમેરિકાનો આદેશ ! પાક. આર્મી પણ તૈયાર

## ગાઝામાં સૈનિકો મોકલવાનો ઈજિપ્તમાં પ્લાન ઘડાયો

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન હવે ગાઝા પટ્ટીમાં પોતાના સૈનિકો મોકલવા પર વિચારણા કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ, અમેરિકાએ પાકિસ્તાન પાસેથી ઓછામાં ઓછા 20,000 જવાનો ગાઝામાં તૈનાત કરવા માટે વિનંતી કરી છે. આ સૈનિકોને હમાસના લડવૈયાઓ પાસેથી હથિયારો છીનવીને તેમને નિઃશસ્ત્ર કરવાની જવાબદારી સોંપવામાં આવશે. આમ તો પાકિસ્તાન હંમેશા હમાસનું સમર્થન કરતું રહ્યું છે અને હમાસ નેતાઓ સાથે પણ સારા સંબંધો ધરાવે છે, જોકે હવે પાકિસ્તાન અમેરિકા અને ઈઝરાયલના દબાણના કારણે હમાસ વિરુદ્ધ કાર્યવાહી કરવા તૈયાર હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. વાસ્તવમાં આ મહિનાની શરૂઆતમાં ઈજિપ્તમાં એક બેઠક યોજાઈ હતી. આ દરમિયાન ગાઝામાં સૈનિકો મોકલવાનો આ સંભવિત નિર્ણય લેવાયો હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. એવું કહેવાય છે કે, પાકિસ્તાનના સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ અસીમ મુનીરની મુલાકાત ઈજિપ્તમાં CIAના વરિષ્ઠ અધિકારીઓ અને મોસાદના અધિકારીઓ સાથે થઈ હતી.

# ટ્રમ્પના હઠાગ્રહથી USમાં સૌથી લાંબુ શટડાઉન, મહત્ત્વપૂર્ણ સેવાઓ ખોરવાઈ

## લાખો ફેડરલ કર્મચારીઓનો પગાર બંધ, વ્યાપક વિક્ષેપ સર્જાયો

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રશાસનનું શટડાઉન 37માં દિવસમાં પ્રવેશીને દેશના ઈતિહાસની સૌથી લાંબુ શટડાઉન બની ગયું છે. આ શટડાઉનના પગલે મહત્વપૂર્ણ સેવાઓ લકવાગ્રસ્ત થઈ ગઈ છે, લાખો ફેડરલ કર્મચારીઓનો પગાર બંધ થઈ ગયો છે અને વ્યાપક વિક્ષેપ સર્જાયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આરોગ્ય વીમા સબ્સિડી રિન્યુ કરવા માટે ડેમોક્રેટ્સ સાથે સરકાર ફરી શરૂ કરવા સહમત થાય ત્યાં સુધી વાટાઘાટ કરવાની ઈન્કાર કરવાથી આ મડાગાંઠ સર્જાઈ છે. ડેમોક્રેટ્સને ટ્રમ્પના આશ્વાસનો પર વિશ્વાસ નથી, ખાસ કરીને તેમના પ્રશાસને નબળા વર્ગના નાગરિકોની સુરક્ષા માટે કોર્ટના નિર્દેશો છતાં એસએનએપી ખાદ્ય સહાયમાં ઘટાડો કર્યો તેનાથી તેઓ નારાજ છે. આ ગતિરોધ વચ્ચે ટ્રમ્પ અલિપ્ત રહ્યા છે અને તેમણે રિપબ્લિકન સેનેટરો સુધી વાતચીત સીમિત રાખી છે જ્યારે ડેમોક્રેટ્સ સાથે સીધી વાત કરવાનું ટાળ્યું છે.

# સુદાનમાં અંતિમવિધિમાં હાજર લોકો ઉપર અર્ધલશ્કરી દળો દ્વારા હુમલો, 40ના મોત

**અલ-ઓબેદા**

સુદાનના અર્ધલશ્કરી દળોએ અલ-ઓબેદા શહેર પર અંતિમ વિધિની પ્રક્રિયા દરમિયાન કરેલા હુમલામાં કમ સે કમ 40 નાગરિકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. આ શહેર ઉત્તર કોર્ડોફેન પ્રાંતની રાજધાની છે. છેલ્લા બે વર્ષથી ચાલતું યુદ્ધ તીવ્ર બનતા લગભગ આ પ્રાંતમાં બધે જ આવી સ્થિતિ છે.

કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનેટેરિયન અફેર્સની યુએન ઓફિસે જણાવ્યું હતું કે સોમવારના હુમલામાં ડઝનબંધ



લોકોના મોત થયા હતા, પરંતુ હુમલાખોરો કોણ હતા તે જાણી શકાયું ન હતું. તેણે ચેતવણી આપી હતી કે સમગ્ર કોર્ડોફન પ્રાંતમાં માનવતા જાણે મરી રહી હોય તેવી સ્થિતિ છે. લોકો ગાજરમૂળાની જેમ કપાઈ રહ્યા છે.

ધ સુદાન ટ્રિબ્યુન અને અન્ય મીડિયાએ જણાવ્યું હતું કે આરએસએફે સોમવારે અલ ઓબૈદા શહેરમાં ચાલતા અંતિમ સંસ્કારને લક્ષ્યાંક બનાવીને કરેલા ડ્રોન હુમલામાં નાગરિકોના મોત થયા હતા. સુદારમાં છેલ્લા કેટલાક મહિનાથી ચાલતા યુદ્ધમાં કોર્ડોફન અને પડોધના દારફુર પ્રાંત એપિકસેન્ટર તરીકે ઉભરી આવ્યા છે. ગયા મહિને આરએસએફે અલ-ફાશર વિસ્તાર કબ્જે કર્યો હતો, જે દારફુરમાં લશ્કરના કબ્જાવાળો અંતિમ મજબૂત વિસતાર હતો.

# અમેરિકામાં કાર્ગો પ્લેન અગનગોળો બનીને ક્રેશ 7નાં મોત, 11 ગંભીર ઈજા, 3 ક્રૂ-મેમ્બર લાપતા

## કેન્ટકી ખાતે યુપીએસના કેન્દ્રમાં દુર્ઘટના સર્જાઈ, 28 સભ્યોની તપાસ ટુકડી પહોંચી

**લુઇસવિલે**

યુપીએસ કાર્ગો પ્લેન અગનગોળો બનીને ફાટતા સાતના મોત થયા છે અને ૧૧ને ઇજા થઈ છે. કંપનીના લુઇસવિલમાં કેન્ટુકી ખાતેના વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર ખાતે જ આ ઘટના બની હતી. આ પ્લેન ક્રેશની દુર્ઘટના અમેરિકન સમય મુજબ મંગળવારે સાંજે સવા પાંચ વાગે બની હતી. પ્લેન યુપીએસ વર્લ્ડ એરપોર્ટ પરથી હોનોલુલુ ખાતે જઈ રહ્યુ હતું ત્યારે આ દુર્ઘટના બની હતી.



પ્લેનની ડાબી પાંખમાં આગની જ્વાળાઓ નીકળી હતી અને પૂંછડીમાં ધુમાડો નીકળ્યો હતો. પ્લેન ક્રેશ થયું તે પહેલા ટેક ઓફ માટે થોડું જ ઊંચું થયું હતું અને ત્યાં તે ક્રશ થઈને મોટો અગનગોળો બની ગયું હતું. પ્લેન રનવેના છેડાની નજીકની છતને અથડાયું હોવાનું વિડીયોમાં દેખાય છે. પ્લેન ક્રેશમાં સાત જણા માર્યા ગયા, તેમાથી ચાર તો પ્લેનમાં પણ ન હતી. પ્લેનના ત્રણ ક્રૂ મેમ્બરનો હજી કોઈ પત્તો નથી. કેન્ટુકીના ગવર્નરનું કહેવું છે કે ઇજા પામેલા ૧૧માંથી કેટલાકને ગંભીર ઇજા થઈ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. આ પ્લેન મેકડોનાલ ડગ્લાસ એમડી-૧૧ હતુ અને ૧૯૯૧ની બનાવટનું હતું. યુપીએસ લુઇસવિલેમાં સૌથી મોટી પેકેજ હેન્ડલિંગ ફેસિલિટી ધરાવે છે.

# નાઈજીરિયામાં ખ્રિસ્તીઓનો સામુહિક હત્યાકાંડ, પરિવાર સામે જ સળગાવ્યા

## ખ્રિસ્તીઓના ચર્ચ, સ્કૂલ, દુકાનો અને મકાનમાં આગજની

**અબુજા**

નાઈજીરિયામાં ખ્રિસ્તીઓની ખુલ્લેઆમ હત્યાઓ થઈ રહી છે, દિવસેને દિવસે ખ્રિસ્તીઓની હત્યાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ખ્રિસ્તીઓને પરિવારની સામે જ જીવતા સળગાવવાની અનેક ઘટનાઓ સામે આવી છે. તાજેતરમાં જ ૧૦૦ ખ્રિસ્તીઓએ જીવ ગુમાવ્યો હતો. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટી જાહેરાત કરી નાખી છે.

ટ્રમ્પે નાઈજીરિયામાં ઈસ્લામિક કટ્ટરવાદીઓ સામે સૈન્ય ઉતારવાની ધમકી આપી છે અને કહ્યું છે કે જો ખ્રિસ્તીઓ પર હુમલા ના અટક્યા તો અમેરિકા નાઈજીરિયામાં હુમલા કરવા તૈયાર છે.

આ ઉપરાંત નાઈજીરિયાને મળી રહેલી તમામ આર્થિક સહાય પણ બંધ કરી દેવામાં આવશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું કે જો જરૂર પડી તો અમેરિકા નાઈજીરિયામાં બંદૂક સાથે કાર્યવાહી કરશે અને ખ્રિસ્તીઓ પર હુમલો કરનારાઓનો ખાતમો કરી નાખશે. ઈસ્લામિક આતંકવાદીઓ સામે સૈન્ય ઉતારવામાં આવશે.

# USAએ પરમાણુ મિસાઇલ મિનટમેનનું સફળ પરીક્ષણ કરતાં વિશ્વભરમાં સોપો

## USને જવાબ આપવા રશિયા પરમાણુ પરીક્ષણ કરવાની તૈયારીમાં

**વોશિંગ્ટન**

અમેરિકન હવાઈદળે કેલિફોર્નિયાના વાન્ડેનબર્ગ બેઝથી શસ્ત્ર વગરના મિસાઈલ મિનટમેન-૩નું પરીક્ષણ કર્યુ હતું. આ પરીક્ષણ નિયમિત પરીક્ષણનો હિસ્સો હતું. આ મિસાઈલે ૭,૫૦૦ કિ.મી. દર માર્શલ દ્વીપ પર ચોકસાઈપૂર્વક ઉતરી હતી.

આ મિસાઈલ માર્શલ દ્વીપ સમૂહ પાસે સફળતાપૂર્વક રોનાલ્ડ રીગન બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ ટેસ્ટ સાઈટ પર ઉતરી. મિનટમેન-૩ અમેરિકાની સૌથી જૂની આઈસીબીએમ છે. તેનો ઉપયોગ ૧૯૭૦ના દાયકાથી થઈ રહ્યો છે. તે જમીનથી લોન્ચ થાય છે અને ૧૩ હજાર કિ.મી. દૂર સુધી માર કરી શકે છે.તેમા પરમાણુ શસ્ત્ર લગાવી શકાય છે, પરંતુ પરીક્ષણ વખતે તેમા કોઈ શસ્ત્ર ન હતું.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને બુધવારે પોતાના ટોચના અધિકારીઓને પરમાણું હથિયારોના સંભવિત પરીક્ષણ માટે પ્રસ્તાવ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે.

# થાઈલેન્ડથી 270 ભારતીયો સ્વદેશ પરત આવ્યા મ્યાનમારના સાયબર ફ્રોડના ષડયંત્રમાંથી આઝાદ

**બેંગકોક**

નોકરી અપાવવાના બહાને વિદેશમાં ફસાયેલા 270 ભારતીયો સ્વદેશ પરત ફર્યા છે. તેઓ મ્યાનમારથી થાઈલેન્ડમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતા. તેમને સાયબર છેતરપિંડીમાં ફસાવવામાં આવ્યા હતા. આ 270 ભારતીય નાગરિકોમાં 26 મહિલાઓનો સમાવેશ થાય છે. બેંગકોકમાં ભારતીય દૂતાવાસ અને મ્યાનમારમાં ભારતીય કોન્સ્યુલેટે, રોયલ થાઈ સરકારની વિવિધ એજન્સીઓ સાથે મળીને તેમના પરત ફરવાની સુવિધા આપી હતી. તેમને બે ખાસ ભારતીય વાયુસેનાના વિમાનમાં સ્વદેશ પરત મોકલવામાં આવ્યા હતા. તેઓ તાજેતરમાં જ મ્યાનમારના મ્યાવાડીથી થાઈલેન્ડ પહોંચ્યા હતા, જ્યાં તેઓ કથિત રીતે સાયબર સ્કેમ સેન્ટર ચલાવતા હતા. થાઈ અધિકારીઓએ તેમને ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશ કરતી વખતે થાઈ ઈમિગ્રેશન કાયદાઓનું ઉલ્લંઘન કરવા બદલ અટકાયતમાં લીધા હતા. થાઈલેન્ડ અને મ્યાનમારમાં ભારતીય દૂતાવાસો બંને દેશોની સરકારો સાથે નજીકથી કામ કરી રહ્યા છે. જેથી કથિત રીતે છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા અને હજુ પણ મ્યાનમારમાં રહેલા ભારતીયોને સ્વદેશ પરત મોકલી શકાય. બંને દેશો માં ભારતીય દૂતાવાસોએ ભારતીય નાગરિકોને સલાહ આપી છે કે તેઓ વિદેશમાં નોકરીની ઓફર સ્વીકારતા પહેલા વિદેશી નોકરીદાતાઓના ઓળખપત્રોની ચકાસણી કરે અને ભરતી એજન્ટો અને કંપનીઓના ટ્રેક રેકોર્ડની તપાસ કરે. વધુમાં, ભારતીય પાસપોર્ટ ધારકો માટે થાઈલેન્ડમાં વિઝા-મુક્ત પ્રવેશ ફક્ત પર્યટન અને ટૂંકા ગાળાના વ્યવસાયિક હેતુઓ માટે છે અને થાઈલેન્ડમાં રોજગાર મેળવવા માટે તેનો દુરુપયોગ થવો જોઈએ નહીં.

# ટી૨૦ : ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવીને ભારતે ૨-૧ની લીડ મેળવી

## સ્પિનર્સે છ વિકેટ ઝડપી : ભારત ૮/૧૬૭, ગિલ ૪૬, ઓસ્ટ્રેલિયા ૧૧૯, સુંદર 3/3

**કૈરારા (ગોલ્ડ કોસ્ટ)**

અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદરની શાનદાર બોલિંગની મદદથી ભારતે ચોથી ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવીને પાંચ મેચની શ્રોણીમાં ૨-૧ની લીડ મેળવી લીધી છે. ભારતે આઠ વિકેટે ૧૬૭ રન બનાવ્યા હતા. તેની સામે અક્ષર પટેલે ૨૦ રનમાં બે તથા સુંદરે ત્રણ રનમાં ત્રણ વિકેટ ઝડપતા ઓસ્ટ્રેલિયા ૧૮.૨ ઓવરમાં ૧૧૯ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. અક્ષર પટેલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ રનચેઝમાં તે બેકફૂટ ઉપર ધકેલાઈ ગયું હતું. સુકાની મિચેલ માર્શે ૨૪ બોલમાં ૩૦ તથા મેથ્યૂ શોર્ટે ૨૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ અન્ય એક પણ ખેલાડી ૨૦નો સ્કોર પાર કરી શક્યો નહોતો. ભારત માટે શિવમ દુબેએ પણ ૨૦ રનમાં બે વિકેટ ખેરવી




હતી. ઓસ્ટ્રેલિયાની ૧૦માંથી આઠ વિકેટ ભારતીય સ્પિનર્સે ઝડપી હતી. ભારતની ઈનિંગમાં શુભમન ગિલે ૩૯ બોલમાં ૪૬ તથા અભિષેકે ૨૮ રન બનાવ્યા હતા. શિવમ દુબેએ ૨૨ રનનું યોગદાન આપ્યું હતું. અક્ષર પટેલે ૧૧ બોલમાં અણનમ ૨૧ રન બનાવીને ટીમનો સ્કોર ૧૫૦ કરતાં વધારે પહોંચાડી દીધો હતો. ઓસ્ટ્રેલિયા માટે નાથાન ઈલિસ અને સ્પિનર ઝમ્પાએ ત્રણ-ત્રણ વિકેટ ખેરવી હતી.



**વર્લ્ડ ચેમ્પિયન બનેલી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમનું દેશભરમાં સન્માન જારી છે. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ ગુરુવારે ટીમે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રોપદીએ ટીમને ઐતિહાસિક વિજય અંગે અભિનંદન આપીને જણાવ્યું હતું કે આમ તમામે માત્ર ઇતિહાસ લખ્યો નથી, પરંતુ નવી પેઢી માટે રોલ મોડલ બની ગયા છો.**

# વર્લ્ડ ચેમ્પિયન ભારતીય મહિલા ટીમ માટે BCCIનું ઈનામ, ICC કરતાં પણ વધુ પ્રાઈઝ મનીની જાહેરાત

નવીદિલ્હી : હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રવિવારે (બીજી નવેમ્બર) ઈતિહાસ રચતા ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને 52 રનથી હરાવીને પહેલીવાર ટ્રોફી પોતાના નામે કરી છે. આ ઐતિહાસિક વિજય બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે વર્લ્ડ ચેમ્પિયન ભારતીય મહિલા ટીમને પ્રોત્સાહન આપવા માટે આઈસીસી દ્વારા નિર્ધારિત ઈનામી રકમ કરતાં પણ વધુ રકમની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર, ICCએ વર્લ્ડ કપ વિજેતા ટીમ માટે 39.55 કરોડ રૂપિયા ઈનામી રકમ નક્કી કરી હતી. BCCIના સચિવ દેવજીત સૈકિયાએ આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમ, કોચ અને સપોર્ટ સ્ટાફ માટે 51 કરોડ રૂપિયા ઈનામની જાહેરાત કરી છે.

### મહિલા વર્લ્ડકપ 2025ના રેકોર્ડ

» સ્મૃતિ મંધાનાએ આ વર્લ્ડ કપમાં કુલ નવ ઈનિંગમાં 434 રન બનાવીને પૂર્વ ભારતીય કેપ્ટન મિતાલી રાજનો રેકોર્ડ તોડ્યો છે.
» હરમનપ્રીતે 4 ઈનિંગમાં 331 રન બનાવીને આ સિદ્ધિ હાંસલ કરી છે. અગાઉ આ રેકોર્ડ બેલિન્ડા ક્લાર્કના નામે હતું, જેણે 6 ઈનિંગમાં 330 રન બનાવ્યા હતા.
» રિચા ઘોષે મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025માં 12 છગ્ગા ફટકારીને વર્લ્ડ કપના સિંગલ એડિશનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના 12 વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી છે.

### અમોલ મઝૂમદાર: જેમને ક્યારેય ટીમ ઇન્ડિયામાં સ્થાન ન મળ્યું પણ વર્લ્ડકપ જીતવામાં મહત્ત્વનો ફાળો

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પહેલીવાર વિશ્વ વિજેતા બનીને બે વખત ફાઈનલમાં પહોંચીને અધૂરું રહેલું સપનું પૂર્ણ કર્યું. આ જીતનો શ્રેય કેપ્ટન અને ટીમને તો જાય જ છે, પરંતુ તેની પટકથા કોચ અમોલ મજૂમદારે લખી. કોચ અમોલ મજૂમદાર પોતે ક્યારેય ભારત માટે રમી શક્યા નથી, છતાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 11 હજારથી વધુ રન બનાવી ચૂક્યા છે. તેમણે મહિલા ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવી દીધી.

# જોકોવિચે ૨૨૫મી વખત ATP ટૂર લેવલ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

## નૂનો બોર્ગેસે અમેરિકન ક્વોલિફાયર ઇલિયટને ત્રણ સેટમાં હરાવ્યો

**એથેન્સ**

સર્બિયાના સ્ટાર ખેલાડી નોવાક જોકોવિચે ગ્રીસમાં ૩૦ વર્ષ કરતાં પણ વધારે સમય બાદ કોઈ પણ લેવલની ટેનિસ ટૂર્નામેન્ટના પુનરાગમનમાં પ્રારંભિક સંઘર્ષ કર્યા બાદ સીધા સેટમાં વિજય હાંસલ કરીને એથેન્સ ઓપન (હેલેનિક ચેમ્પિયનશિપ) એટીપી ટેનિસ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યો હતો. ગ્રીસમાં ૧૯૯૪ બાદ પ્રથમ વખત રમાડવામાં આવી રહેલી ઈલિટ સ્તરની આ ટૂર્નામેન્ટમાં જોકોવિચે ચિલીના એલેઝાન્ડ્રો તાબિલોને ૭-૬ (૩), ૬-૧થી પરાજય આપ્યો હતો. જોકોવિચ આ સાથે ૨૨૫મી વખત કોઈ પણ ટૂર લેવલની ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજા સેટમાં હરીફ ખેલાડીને મેચમાં પાછા ફરવાની કોઈ પણ તક આપ્યા વિના જોકોવિચે બે વખત સર્વિસ બ્રેક કરીને ૯૦ મિનિટમાં મેચ જીતી લીધી હતી.



# સબાલેન્કોનો સિઝનમાં ૬૧મો વિજય સેરેનાની ઇલિટ ક્લબમાં સામેલ થઈ

## WTA ફાઇનલ્સ ટેનિસ : સ્વિયાતેકને હરાવી રિબાકિના નોકઆઉટમાં

**રિયાદ**

વિશ્વની પ્રથમ ક્રમાંકિત આર્યના સબાલેન્કોએ તેના સાતત્યપૂર્ણ પ્રદર્શન જારી રાખ્યું છે અને તેણે જેસિકા પેગુલાને હરાવીને ડબ્લ્યૂટીએ ટેનિસ ટૂર્નામેન્ટના નોકઆઉટ તબક્કા માટે પોતાના દાવો વધારે મજબૂત કરી દીધો હતો. બીજી તરફ અમેરિકાની કોકો ગોફે પણ પોતાના ટાઈટલને જાળવી રાખવાની આશાને જીવંત રાખી હતી. યુએસ ઓપન ચેમ્પિયન સબાલેન્કોએ રિયાદ ખાતે રમાતી આ ટૂર્નામેન્ટમાં સતત બે વિજય હાંસલ કર્યા હતા. તેણે અમેરિકાની પાંચમી ક્રમાંકિત પેગુલાને ૬-૪, ૨-૬, ૬-૩થી હરાવીને હતી. આ સાથે સબાલેન્કોએ (૬૧ વિજય) નંબર-૧ સ્થાને રહીને એક જ સિઝનમાં ૬૦ કરતાં વધારે વિજય હાંસલ કરનાર બીજી ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી હતી. આ પહેલાં ૨૦૧૩માં અમેરિકાની સેરેના વિલિયમ્સે એક જ સિઝનમાં ૬૬ વિજય હાંસલ કર્યા હતા.



# હારિસ રઉફ બે મેચ માટે સસ્પેન્ડ, સૂર્યકુમાર યાદવને દંડ

દુબઈમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એશિયા કપમાં થયેલા વિવાદોનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. જે બાદ ICCએ પાકિસ્તાની ક્રિકેટર હારિસ રઉફ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. હારિસને બે મેચ માટે સસ્પેન્ડ કરી દેવાયો છે. હારિસની સાથે સાથે ભારતીય ક્રિકેટર સૂર્યકુમાર યાદવ વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી છે. ICCએ સૂર્યકુમાર યાદવ પર મેચ ફીસના 30 ટકા દંડ ફટકાર્યો છે. એશિયા કપની ત્રણેય મેચમાં બંને ટીમના ખેલાડીઓ વચ્ચે વિવાદ થયો હતો. જે બાદ અલગ અલગ મેચો માટે કુલ પાંચ ખેલાડીઓ વિરુદ્ધ કાર્યવાહી મામલે સુનાવણી કરવામાં આવી છે. જેમાં સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હારિસ રઉફ અને સાહિબઝાદા ફરહાનનું નામ સામેલ છે.




# સા.આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી માટે પંતનું પુનરાગમન, શમીની ફરીથી અવગણના

## ઓસી.માં ટીર૦ રમી રહેલા ખેલાડીઓ આઠમીએ ટેસ્ટ ટીમ સાથે જોડાશે

**નવી દિલ્હી**

બીસીસીઆઈએ સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે રમાનારી બે ટેસ્ટ મેટની શ્રોણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. ૧૫ સભ્યની ટીમનું સુકાન શુભમન ગિલ સંભાળશે. ૧૪મી નવેમ્બરતી કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે પ્રથમ ટેસ્ટ રમાશે. ત્યારબાદ બંને ટીમો ગુવાહાટીમાં બીજી અને અંતિમ ટેસ્ટ રમશે. વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતનું ટેસ્ટ ટીમમાં પુનરાગમન થયું છે.તે ઈંગ્લેન્ડના પ્રવાસમાં પાંચમી અને અંતિમ ટેસ્ટમાં ઈજાગ્રસ્ત બન્યો હતો.તે ટેસ્ટ ટીમનો ઉપસુકાની છે. પંત હાલમાં સાઉથ આફ્રિકા-એ ટીમ સામેની શ્રોણીમાં ભારત-એનું નેતૃત્વ કરી રહ્યો છે. મુખ્ય સિલેક્ટર અજિત અગરકરના નેતૃત્વ હેઠળની પસંદગી સમિતિએ અનુભવી પેસ બોલર મોહમ્મદ શમીની વધુ એક વખત અવગણના કરી છે.




# કેન વિલિયમસનની T20 ઈન્ટરનેશનલથી નિવૃત્તિ

ન્યુઝીલેન્ડના સ્ટાર બેટર કેન વિલિયમસને ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. વર્ષ 2026 વર્લ્ડ કપ પહેલા માત્ર ચાર મહિના પહેલા લેવાયેલો તેમનો નિર્ણય ન્યુઝીલેન્ડ ક્રિકેટ માટે મોટો ઝટકો છે. નિવૃત્તિ જાહેર કરતા કેન વિલિયમસને કહ્યું, 'હું લાંબા સમયથી આ ફોર્મેટનો ભાગ છું, અને તેની સાથે જોડાયેલી દરેક યાદ અને અનુભવ મારા માટે ખૂબ જ ખાસ છે. હવે મને લાગે છે કે મારા અને ટીમ બંને માટે યોગ્ય સમય છે. આનાથી ટીમને આગામી સીરિઝ અને તેમના આગામી મોટા લક્ષ્ય, T20 વર્લ્ડ કપ માટે સ્પષ્ટતા મળશે.' ન્યુઝીલેન્ડ ટીમ અંગે કેન વિલિયમસને કહ્યુ, 'અમારી પાસે હાલમાં ખૂબ જ પ્રતિભાશાળી T20 ટીમ છે. આવનારા વર્ષો આ ખેલાડીઓ માટે વધુ ક્રિકેટ રમવા અને વર્લ્ડ કપની તૈયારી કરવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે.



ડિસ્કો લાઈટ અને ભાતભાતના તોરણીયા લટકાવીને સમગ્ર હોલને સજાવટ કરાઈ

# સમસ્ત પંચાલ કૉમ્યૂનિટી કેનેડા દ્વારા આફ્ટર નવરાત્રી અને દિવાળીની ઉલ્લાસભેર ઉજવણી



**ઓન્ટેરિયો**

કેનેડામાં વસતા સનાતની હિન્દુ પંચાલ કૉમ્યૂનિટી કેનેડા દ્વારા પરંપરાગત ભારતીય વેશભૂષામાં દિવાળી અને નવરાત્રી પર્વ નિમેત્તે આવનાર નૂતન વર્ષ ને આવકારવા સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેનેડામાં મિસિસાગા વેલી કૉમ્યૂનિટી સેંન્ટર, મિસિસાગા, ઓન્ટેરિયો ખાતે ગત તા. ૧, નવેમ્બર, શનિવાર, ૨૦૨૫ના રોજ ૧૫૦થી વધુ મહેમાનોએ હાજરી આપી હતી, કમિટી મેમ્બેરો પરાગ પંચાલ, ભાવિન પંચાલ, મિલાપ પંચાલ, અનિલેશ પંચાલ અને કૃણાલ રસાણીયા દ્વારા વાર્ષિક પાછલાં ચાર વર્ષોની સિદ્ધિઓ અને પ્રશંસાની સાથે રમણીય સાંજની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી પંચાલ કૉમ્યૂનિટી કેનેડાના મુખ્ય કર્તાહર્તા પરાગ પંચાલે મહેમાનોને સંબોધિત કર્યા હતા. તેમણે પંચાલ કૉમ્યૂનિટી કેનેડાને ચોથા સફળ વર્ષ માટે અભિનંદન આપ્યા હતા અને દિવાળી અને નૂતન વર્ષાભિનંદનની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ પંચાલ કૉમ્યૂનિટી કેનેડાના મુખ્ય સ્પોન્સરો વિપુલ પંચાલ - Realtor - Century 21, કેનીત મિસ્ત્રી - Realtor - Century 21, સચિન પંચાલ - 3 Idiots Pure Veg Cafe, Brampton, મિલાપ પંચાલ અને તેજસ પંચાલ - Happy Pixel Photographyએ સર્વો મેહમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર ઈવેન્ટની ફોટોગ્રાફી અને વિડિઓગ્રાફી Happy Pixel Photography દ્વારા નિ:શુલ્ક પણે કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં અંબે માંની આરતી સાથે સાથે જ હોલમાં વાતાવરણ ભક્તિમય થઈ ગયું હતું. કાર્યક્રમનું સંચાલન નિયંતા પંચાલે કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. દિવાળી સેલિબ્રેશનની શરૂઆત નાનકડી ધ્યાના પંચાલની ગણેશ સ્તુતિ ડાન્સથી થઈ હતી. દ્રિશા પંચાલના ડાન્સ પર્ફોર્મન્સથી મહેમાનો મંત્રમુગ્ધ થયા હતા. ત્યારબાદ ગ્રુપ પ્રસ્તુતિમાં Boys Dance, Couple Dance અને Newly Wedding Couple's દ્વારા પણ સુંદર અને મનમોહક Dance રજૂ કરાયા હતા. ત્યારબાદ નાના બાળકો માટે નીતનવી રમતો અને સિનિયર સિટીઝન માટે વિવિધ રમતોનું આયોજન કરાયું હતુ. સમસ્ત પંચાલ સમાજના સભ્યોને સમાવતી Tara ram pam રમતે ભારે આકર્ષણ જમાવ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પરંપરાગત ગુજરાતી ગરબા અને રાસ ગરબા રમાયા હતા. સરસ DJ મ્યુઝિક સિસ્ટમ સતત સભળાતી રહી છે. ઉપરાંત ડિસ્કો લાઈટ અને ભાતભાતના તોરણીયા લટકાવીને સમગ્ર હોલને સજાવવામાં આવ્યો હતો. રાસ ગરબા શરૂ થતાં જ ખેલૈયાઓ મન મૂકીને DJ મ્યુઝિકના તાલે ઝુમી ઉઠ્યા હતા. દિવાળી અને નવરાત્રીના પાવન પ્રસંગે નીતનવા સ્વાદિષ્ટ ભોજનનો રસથાળ પણ પીરસવામાં આવ્યો હતો. સર્વેએ ખુબ મજાથી બધી જ વાનગીઓનો લ્હાવો લીધો હતો. આ કાર્યક્રમના સમાપન સમયે સમસ્ત પંચાલ કૉમ્યૂનિટી કેનેડાના પ્રમુખ પરાગ પંચાલે દિવાળી અને આફ્ટર નવરાત્રી, ૨૦૨૫ને સફળ બનાવવા માટેના સમર્થન માટે ઉપસ્થિત તમામ મેહમાનો, સ્પોન્સરો અને સ્વયંસેવકો સાવન, પાર્થ, પવન, અર્થ, સિદ્ધાર્થ પંચાલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સપ્ટેમ્બરમાં કેનેડાથી હવાઈ માર્ગે US જતા મુસાફરોની સંખ્યામાં ૧૦.૦૫ ટકાનો ઘટાડો

## તફાવતનો આંકડો મહામારી પહેલાના સ્તરોને પણ પાછળ છોડી ગયો

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ સોમવારે અહેવાલ આપ્યો હતો કે સપ્ટેમ્બરમાં ૧.૨ મિલિયન મુસાફો કેનેડાથી યુ.એસ. જતા ફ્લાઈટ્સમાં ગયા હતા, જે ૨૦૨૪ના સમાન મહિના કરતા ૧૦.૫ ટકા ઓછો છે. એજન્સી કેનેડાના આઠ સૌથી મોટા એરપોર્ટ પર પ્રી-બોર્ડ સુરક્ષા સ્ક્રીનીંગ ચેકપોઈન્ટમાંથી પસાર થતા મુસાફોની સંખ્યાના આધારે ડેટાનું સંકલન કરે છે. ડોમેસ્ટિક મુસાફી માટે કેનેડાની અંદર ફ્લાઈટ્સ માટે ૨.૫ મિલિયન મુસાફરોની તપાસ કરવામાં આવી હતી. તફાવતનો આંકડો મહામારી પહેલાના સ્તરોને પણ પાછળ છોડી ગયો હતો, જેમાં સપ્ટેમ્બર ૨૦૧૯ની સરખામણીમાં મહિનામાં ૧૧.૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

નવા ડેટા અનુસાર ગયા વર્ષની સરખામણીમાં કેનેડિયનો વધુ હવાઈ મુસાફરી કરી રહ્યા હોઈ શકે છે, અને તેઓ સ્થાનિક સ્થળો અને વિદેશમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે, પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સ નહીં. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ સોમવારે અહેવાલ આપ્યો હતો કે, સપ્ટેમ્બરમાં ૧.૨ મિલિયન મુસાફો કેનેડાથી યુએસ ફ્લાઈટમાં બેઠા હતા, જે ૨૦૨૪ના સમાન મહિના કરતા ૧૦.૫ ટકા ઓછો છે. યુએસ જતી ફ્લાઈટ્સ માટે, મુખ્ય કેનેડિયન એરપોર્ટ પર ૧.૪ મિલિયન મુસાફોની તપાસ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪ કરતાં આ ૬.૯ ટકાનો વધારો છે અને સપ્ટેમ્બર ૨૦૧૯ કરતાં ૧૨.૨ ટકા વધુ છે.

# કન્ઝર્વેટિવ્સમાંથી નોવા સ્કોસિયાના સાંસદ ક્રિસ ડી'એન્ટ્રેમોન્ટનું રાજીનામું : લિબરલ્સમાં જોડાયા

## હાઉસ ઓફ કોમન્સમાં લિબરલ્સની બેઠકોની સંખ્યા 170 થઈ ગઈ

**ટોરોન્ટો**

નોવા સ્કોસિયાના સાંસદ ક્રિસ ડી'એન્ટ્રેમોન્ટે મંગળવારે જણાવ્યું હતું કે તે કન્ઝર્વેટિવ કોકસમાંથી રાજીનામું આપીને લિબરલ્સમાં જોડાયા છે, અને એપ્રિલની ચૂંટણી પછી ફ્લોર પાર કરનારા પ્રથમ સંસદસભ્ય બન્યા છે.

લિબરલ પાર્ટી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં ડી'એન્ટ્રેમોન્ટે જણાવ્યું હતું કે, મંગળવારે રજૂ કરાયેલ ફેડરલ બજેટ "મારા મતે સૌથી વધુ સાંભળેલી પ્રાથમિકતાઓને અસર કરે છે. તેથી જ હું સરકારી કોકસમાં જોડાઈ રહ્યો છું. ડી'એન્ટ્રેમોન્ટે કહ્યું કે તેમણે બજેટ રજૂ થયા પછી કન્ઝર્વેટિવ નેતા પિયર પોઈલીવરે, વિપક્ષી ગૃહ નેતા એન્ડ્રુ શિયર અને હાઉસ ઓફ કોમન્સના સ્પીકર ફ્રાન્સિસ સ્કાર્પેગિયાને તેમના રાજીનામાની જાણ કરી હતી. બીજૂ બાજુ તેનુ આ રાજીનામું "વ્યક્તિગત ફરિયાદ"ને કારણે હોવાનો તર્ક પણ રજૂ કરાયો હતો. ડી'એન્ટ્રેમોન્ટે 2021થી એપ્રિલની ચૂંટણી સુધી ડેપ્યુટી હાઉસ સ્પીકર તરીકે સેવા આપી હતી અને આ વસંતમાં સ્પીકર બનવાની તેમની દાવેદારી માટે તેમને કન્ઝર્વેટિવ કોકસ તરફથી સમર્થન મળ્યું ન હતું. નોવા સ્કોસિયા પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ ધારાસભ્ય તરીકે 16 વર્ષ સુધી રહ્યા બાદ તેઓ 2019માં પ્રથમ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેઓ એકેડી-એનાપોલિસના રાઈડિંગનું પ્રતિનિધિત્વ કરે છે. ડી'એન્ટ્રેમોન્ટે મંગળવારે પોલિટિકોને અગાઉ કહ્યું હતું કે, તેઓ લિબરલ્સમાં જોડાવા માટે ફ્લોર પાર કરવાનું વિચારી રહ્યા છે.

# બજેટમાં ટેરિફ અને અસરગ્રસ્ત અર્થતંત્રને અનુલક્ષી વધુ ખર્ચની જોગવાઈ

## રાજકોષીય ગૃહને વ્યવસ્થિત કરવા જાહેર સેવામાં કાપ મુકાશે : 2025-26 નાણાકીય વર્ષ માટે આશરે 78 બિલિયન ડોલરની ખાધ

**ઓન્ટેરિયો**

નાણામંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને મંગળવારે તેમનું પહેલું ફેડરલ બજેટ રજૂ કર્યું હતુ. તેમાં મોટા આર્થિક વિક્ષેપોનો સામનો કરી રહેલા અર્થતંત્રને ટેકો આપવા માટે મોટી ટિકિટ વસ્તુઓનો સમાવેશ થાય છે. પરંતુ રાજકોષીય ગૃહને વ્યવસ્થિત કરવા માટે જાહેર સેવામાં કાપ પણ મૂકવામાં આવ્યો છે. શેમ્પેઈનના દસ્તાવેજમાં 2025-26 નાણાકીય વર્ષ માટે આશરે 78 બિલિયન ડોલરની ખાધ દર્શાવવામાં આવી છે. જે કેટલાક અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતા ઓછી છે, પરંતુ હજુ પણ તે છેલ્લી લિબરલ સરકારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેપાર યુદ્ધ શરૂ કરતા પહેલા જે કહ્યું હતું, તેના કરતા ઘણી વધારે છે. એકંદરે, આ બજેટમાં આગામી પાંચ વર્ષમાં લગભગ 141 બિલિયન ડોરલ નવા ખર્ચને અંદાજવામાં આવ્યો છે. જે આંશિક રીતે 51.2 બિલિયન ડોલરના કાપ અથવા કુલ 60 બિલિયન ડોલરના કાપ અને "બચત" દ્વારા સરભર કરવામાં આવશે. બજેટમાં એવો અંદાજ છે કે અર્થતંત્રનો વિકાસ થશે, પરંતુ બહુ નહીં. આગામી બે વર્ષ માટે દર વર્ષે લગભગ એક ટકા વિકાસ અંદાજ છે, જે ગયા વર્ષના અંતમાં કરવામાં આવેલા અંદાજ કરતાં ઘણું ઓછું છે.

### બજેટ હાઈલાઈટ્સ

● આગામી પાંચ વર્ષમાં $141 બિલિયન વધુ - $51.2 બિલિયન કાપ અને બચત દ્વારા સરભર. ● આ નાણાકીય વર્ષમાં $78 બિલિયનની ખાધ - કેટલાક અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતાં ઓછી. ● ખરીદી, કર્મચારીઓની છટણી દ્વારા અમલદારશાહીમાં લગભગ 40,000 નોકરીઓનો ઘટાડો. ● વિકાસને વેગ આપવા માટે માળખાગત સુવિધાઓ માટે $51 બિલિયન. ● હાઇ-સ્પીડ રેલ, નવા બંદરો, કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ જેવા મોટા પ્રોજેક્ટ્સને આગામી મહિનાઓમાં મંજૂરી મળવાની શક્યતા છે. ● કેનેડિયન સશસ્ત્ર દળો માટે $81 બિલિયનના ભંડોળ પેકેજ - જેમાં બાય કેનેડિયન ખરીદી યોજનાનો સમાવેશ થાય છે. ● ઇમિગ્રેશનમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે - વિદ્યાર્થીઓ અને વિદેશી કામદારો જેવા કામચલાઉ રહેવાસીઓમાં લગભગ 50 ટકાનો ઘટાડો કરવામાં આવશે. ● અગાઉ પ્રસ્તાવિત ઉત્સર્જન મર્યાદા રદ કરી શકાય છે.

# આકર્ષક દેખાવવા માટે સાડી પહેરો કઈંક નવી સ્ટાઈલથી

બદલાતા સમયની સાથે સાથે સાડીનું ગ્લેમર જરા પણ ઓછું નથી થયું. તહેવાર અને લગ્નની સીઝનમાં મહિલાઓ માટે પરંપરાગત લુકની સાથે ગ્લેમરસ દેખાવું કોઈ પડકારથી કમ નથી હોતું, પણ તે સ્થિતિમાં તમારું ફિગર ગમે તેવું કેમ ન હોય, સાડી તમારી સાદગી અને શાલીનતાનું પ્રતીક બની રહે છે. હા, સાડીની સ્ટાઈલ ચોક્કસ બદલાઈ છે, પરંતુ આજે પણ સાડી ટ્રેન્ડમાં છે. મેકઅપ અને સ્ટાઈલિશ સાડી ડ્રેપિંગ એક્સપર્ટ અર્ચના ઠક્કરે સાડી પહેરવાની અલગ અલગ રીત જણાવી કે જેથી સાડીમાં તમારા લુકનો એક અલગ જ ઉઠાવ આવે અને સુંદરતા છલકે. ફેશન ડિઝાઈનર્સે વર્ષોથી એક જ સ્ટાઈલથી પહેરવામાં આવતી સાડીને ટ્રેન્ડી લુકમાં પરિવતતત કરી છે. હવે સાડીની અલગ અલગ સ્ટાઈલ થઈ ગઈ છે. કુરતા સ્ટાઈલ સાડી, નેકલેસ લુક સાડી, ગાઉન સ્ટાઈલ સાડી, બેલ્ટ સ્ટાઈલ સાડી, જેકેટ સ્ટાઈલ સાડી, ડેનિમ અને લેગિંગ સ્ટાઈલ સાડી વગેરે.

બદલાતા સમય અને મહિલાઓની પસંદને ધ્યાનમાં રાખીને ડિઝાઈનરોએ સાડીને ટ્રેન્ડી અવતારમાં પરિવતત કરી છે. હવે સાડી સાથે એકએકથી ચડિયાતા સ્ટાઈલિશ બ્લાઉઝ તો છે જ, પણ યંગ છોકરીઓ સાડી સાથે બ્લાઉઝની જગ્યાએ બિકીનિ, જેકેટ્સ અને વેસ્ટકોટ પહેરવાનું પણ પસંદ કરે છે. આ ઉપરાંત પેટીકોટની જગ્યાએ પેંટ, લેગિંગ અને ડેનિમ પહેરાય છે, આ ટ્રેન્ડી અવતાર સાડીઓને તમે મોડર્ન પાર્ટી અથવા ફંક્શન, લગ્ન વગેરેમાં પહેરી શકો છો.

**કુરતા સ્ટાઈલ સાડી :** આ સાડીને કમર પર પેટીકોટ સાથે ટેગ કરો. પછી પ્લીટ્સ બનાવીને સાડીને ૨ રાઉંડ ફેરવો. પાલવને ખભા પર લઈને નીચેથી એક રાઉંડ લઈને બ્લાઉઝ સુધી લાવો. આગળથી પોઈન્ટેડ પાલવ દેખાશે.

**નેકલેસ લુક સાડી :** તમે જેમ નોર્મલ સાડી પહેરો છો તે રીતે જ પહેરો. પછી સાડીના પાલવની પાટલી વાળીને ગળા સાથે લગાવીને પાલવની કિનારી આગળ સુધી લાવો અને ખભા પર પિનથી બરાબર સેટ કરી દો. જો તેમાં પાતળી બોર્ડરવાળી સાડી હશે તો સાડીનો લુક નેક પર ખૂબ સુંદર લાગશે અને તમારે નેકલેસ પહેરવાની જરૂર નહીં પડે.

**ગાઉન સ્ટાઈલ સાડી :** ફોર્મલ સાડી પહેરો. પછી સાડીના પાલવને લઈને એક હાથની નીચેથી કાઢી બીજા ખભા પર લાવી ટેગ કરો.

**બેલ્ટ સ્ટાઈલ સાડી :** આ સાડીને પહેરવા માટે કમર પર બેલ્ટ અથવા સ્કાર્ફનો ઉપયોગ કરો. તેમાં સાડીને કમર ઉપર બ્લાઉઝ લાઈનની સાથે અને કમરની નીચે હિપ્સથી થોડી ઉપર પહેરવામાં આવે છે. સ્કાર્ફની સાથે સાડીને સ્ટાઈલિશ બનાવવા માટે તેને રેક્ટેગલ ફોલ્ડ કરીને કમર પર બાંધવામાં આવે છે. તમે સ્કાર્ફની જગ્યાએ બ્રોકેટના કાપડ અથવા લેસનો પણ ઉપયોગ કરી શકો છો.

**જેકેટ સ્ટાઈલ સાડી :** સાડીનો લુક તેના બ્લાઉઝથી નિખરે છે, તેથી સાડીને ટ્રેન્ડી બનાવવા માટે જેકેટ સ્ટાઈલ સ્ટિચ બ્લાઉઝ અથવા સિંપલ બ્લાઉઝ ઉપરાંત એક અલગ વનટોન જેકેટ સાથે પહેરી શકાય છે, પણ ધ્યાન રાખો કે બ્લાઉઝનો કલર કોન્ટ્રાસ્ટ હોવો જોઈએ.



**ડેનિમ અને લેગિંગ સ્ટાઈલ સાડી :** ટ્રેન્ડી અવતાર માટે તમે તેને સ્કિન ફિટ ડેનિમ અથવા લેગિંગ સાથે પહેરો. તેનાથી ન તો સાડી ફસાવાની કોઈ સમસ્યા રહે છે કે ન તો ચાલવામાં કોઈ તકલીફ પડે છે, તેમાં તમે સાડીને ડેનિમ અથવા લેગિંગ પર જ ડ્રેપ કરો અને સાડીની પ્લેટ્સને લેફ્ટ પગ પર જ રાખો. બીજા પગનું ડેનિમ અથવા લેગિંગ દેખાવા દો. આ જ લુકમાં સાડીના પાલવને ડાબા ખભા પર લઈને પિનઅપ કરો.

## સાડીની પસંદગી કરો ધ્યાનથી

જ્યારે સાડી ખરીદો ત્યારે હળવા ફેબ્રિકની જ પસંદ કરો. જેમ કે કેપ, શિફોન, જોર્જેટ, નેટ વગેરે.

> ગાઉન સ્ટાઈલ સાડીમાં ફોર્મલ સાડી પહેરો. પછી સાડીના પાલવને લઈને એક હાથની નીચેથી કાઢી બીજા ખભા પર લાવી ટેગ કરો

## બોડી પ્રમાણે સાડીની પસંદગી

**સ્લિમ બોડી :** જો તમે સ્લિમટ્રિમ છો તો કોટન, ઓરગેંજા, સિલ્ક વગેરે પહેરી શકો છો, જેમાં હળવા રંગ અને ભારે સાડીની સાથે મોટી પ્રિન્ટવાળી સાડી હોવી જોઈએ.

**વધારે હેવી બોડી :** હેવી બોડી વાળી મહિલાઓએ ક્યારેય સ્ટાર્ચવાળી ફૂલેલી સાડી ન પહેરવી જોઈએ. તે શિફોન, સિલ્ક અને હેન્ડલૂમની સાડી કેરી કરી શકે છે.

**પિયર શેપ બોડી :** જે મહિલાઓની બોડી પિયર શેપ હોય છે, તેમણે શિફોન, જોર્જેટની સાડી પહેરવી જોઈએ પણ બ્રાઈટ કલર તેમજ સીધા પાલવ વાળી, તેનાથી પિયર શેપ ઓછો દેખાય છે.

**એપ્પલ શેપ બોડી :** આવી મહિલાઓએ હંમેશાં લાંબા બ્લાઉઝ સાથે ઊંચી સાડી બાંધવી જોઈએ અને પારદર્શક સાડી ન પહેરવી જોઈએ. સાડી એવી પહેરો જેમાં તમારું બોડી કવર રહે.

**બ્લાઉઝ પર એક્સપરિમેન્ટ કરો :** જો તમે હોટ અને ગ્લેમરસ લુક અપનાવવા ઈચ્છો છો, તો તમારા બ્લાઉઝમાં એક્સપરિમેન્ટ કરો, કારણ કે જો સાડી સિંપલ છે તો બ્લાઉઝ સ્ટાઈલિશ હોવો જોઈએ, તો સાડીનો લુક સારો આવે છે અને સાથે સાથે તમે પણ ગ્લેમરસ દેખાશો.

ફોર્મલ પહેરવાનું વિચારી રહ્યા છો તો મેન્ડરીન કોલર્ડ બ્લાઉઝ બેસ્ટ રહેશે. લક્ઝરી લુક માટે તમે જરી વર્ક હોલ્ટર નેક બ્લાઉઝ, પ્લેન સાડી સાથે પહેરી શકો છો. ટ્રેડિશનલ લુક સાથે સેક્સી લુક ઈચ્છો છો તો નેટ સ્લીવ્સ વેલ્વેટ બ્લાઉઝ, હળવી શિમરી બોર્ડરવાળા એલ્વો બ્લાઉઝ પર પણ પસંદગી ઉતારી શકો છો.




CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972
https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
in partnership with
North Toronto
Crematorium Inc.
Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4395.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288